કુમાર

આવતી
કાલનાં
નાગરિકો
માટેનું
જ્ઞાન અને
સંસ્કાર
સાહિત્ય
અને કલા
તથા
ચારિત્ર્યઘડતરનું
આગવું
માસિક

સંસ્થાપક
રવિશંકર
રાવળ

વર્ષ ૩૬મું
અંક ૪થો
એપ્રિલ
૧૯૫૯
સળંગ અંક
૪૨૪



તંત્રી · બચુભાઈ રાવત

જુઓ પૃષ્ઠ ૧૫૦

કુમાર

એપ્રિલ ૧૯૫૯

અંક ૪૨૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ જાન્યુઆરી અંકમાં છપાએલો શ્લોક નીચે પ્રમાણે હોવો જોઈએ:-

या माता ममता माया, मा परोक्ष क्षरोपमा।
तारोने गगनेऽरो ता, मक्षगच्छगक्षम ॥

હે ઇંદ્રિયોના વિષયોના નાશ માટે સમર્થ (મહાયોગી), જે વૈષ્ણવી માયા મમતાના સ્વરૂપમાં વિશ્વની માતા છે, જે શંકરસમાન લક્ષ્મી છે તેને તારાઓ વગરના આકાશમાં તું મેળવ.

ઇંદ્રિયભોગ્ય નાશનાથ હે
માયા મમતા જગજ્જનની જે
નંદીવાહ્ય શંકર સમાન લક્ષ્મી જે
મેળવ તું બીન તારાંકિત વ્યોમે તે

(સાવલી) —રામચંદ્ર મૂળશંકર જોષી

★ જાન્યુઆરી અંકમાં વાગ્‌વિલાસનો એક શ્લોક આવેલો, તેનો અર્થ નીચે પ્રમાણે બેસાડ્યો છે. (સુભાષિત રત્નભાંડાગારમાં તે છે.)

જ્ઞાનેન્દ્રિયોથી (अक्ष) જે પ્રાપ્ત કરી શકાય (ग) તેવા વિષયોનો નાશ (छग) કરવા માટે સમર્થ (क्षम) એવા હે મહાયોગી, તમે તારાઓ વગરના (तारोने) એવા આકાશમાં જે વિશ્વમાતાને પ્રાપ્ત કરો (अर) કે જે (माता) વૈષ્ણવી માયા મમતા સ્વરૂપે વ્યાપી રહ્યાં છે, ને જે (मा) લક્ષ્મી સ્વરૂપે છે તથા જે મહાન વૃષભ (परोक्षा) નંદીનું વાહન કરીને જનાર એવા મહાદેવની ઉપમા પામી શકે તેવાં છે.

(કલકત્તા) —એ. બી. ભટ્ટ

ફેબ્રુઆરી અંકમાં શ્રી જ્યોતિષ જાનીએ કરેલ સૂચનમાં ઉમેરવાનું કે જુદીજુદી અદ્યતન શૈલીઓનાં ચિત્રો મારા જેવા સામાન્ય માણસો કાંઈ સમજી શકતા નથી; તેથી ઘણા લોકો તેવાં ચિત્રોને ફક્ત રંગનાં ધાબાં કે નકામા લીટા માની ફેરવી નાખે છે. તો તમે દર અંકે એકાદ ચિત્ર આ શૈલીનું આપી તે કયા સિદ્ધાંતોથી બનાવવામાં આવે છે, તેની ખૂબીઓ શી છે, વગેરે ઉપર વિવેચન ન આપી શકો? દા. ત. ગયા અંકમાંનું દેવનાથ મુખર્જીનું 'ફૂલપાત્રો'નું ચિત્ર ઉત્તમ ચિત્ર હશે, પણ મારી જેમ ઘણાખરા લોકો તેને ન સમજવાથી તેનો પૂરતો રસાસ્વાદ નહિ લઈ શક્યા હોય.

(જૂનાગઢ) —જયેન્દ્રસિંહ જાદવ

માર્ચ અંકમાં શ્રી રાઘવ રામજી કનેરિયાના આધુનિક શિલ્પશૈલીના નમૂના જોયા.

આ 'આધુનિક કલા' સમજવાની દૃષ્ટિ લગભગ ૯૦ ટકા લોકોમાં હોતી નથી. આ બાબતમાં અમે ઘણી વખત અમારા મિત્રોમાં ચર્ચા કરેલી, પરંતુ જરા પણ સમજણ પડેલી નહિ કે આને ખરેખર ચિત્ર કહી શકાય કે કેમ? આવાં ચિત્રોમાં પ્રમાણ આઉટલાઈન આદિનું ધ્યાન રાખવું પડે? આની સરખામણી અને મૂલ્યાંકન કેવી રીતે થાય છે? આવા કેટલાય પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને મનનું સમાધાન થતું નથી. એટલે આપને વિનતિ કે 'કુમાર'માં આપ આ આધુનિક કલા ઉપર પ્રકાશ પાડતા લેખો, ચિત્રો અને શિલ્પકૃતિઓ આપો તો અમારા જેવા ઘણાને નવી દૃષ્ટિ સાંપડે.

(રાજકોટ) —રમણીક ભટ્ટ

[●'આધુનિક કલા'ની વિરુદ્ધનો આવો ઘણો ઉહાપોહ અમારી પાસે આવે છે. એક પીઢ સર્જને તો તેને અંગે વિસ્તૃત લેખ (જગતના નામાંકિત વિચારકોના અભિપ્રાયો સાથે) મોકલ્યો છે, જે પ્રકટ કરવાની સાથે અમે, આધુનિક કલાના પુરસ્કર્તાઓના પણ અભિપ્રાય આમંત્રવાના છીએ. દરમ્યાન, અમે અમારી જાણકારી મુજબના પ્રયત્નો તો કરતા જ રહ્યા છીએ (દા. ત. વિઠ્ઠલ અને પ્રભા બડગેલવારનાં શિલ્પો વિષે) અને કરીશું. છતાં વિશેષ અને સચોટ પ્રતીતિજનક લખાણોને માટે અમારું આમંત્રણ હજી ઊભું જ છે.]

નવેમ્બરના મુખચિત્ર 'તિલક'માં રાધાકૃષ્ણનો પોષાક જોઈને જરા નવાઈ લાગી! શ્રીકૃષ્ણ મુકુટ-પિતાંબર છોડી આ વાઘા ક્યારથી ધારણ કરવા લાગ્યા? જરા સમજાવશો?

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

[● ધીમે, બાપુ, ધીમે! માહિતી પ્રમાણે આપ તો 'કુમાર'ના ઘણા જૂના ગ્રાહક છો. અગાઉ ઘણીવાર રાજપૂત, મુઘલ અને પહાડી કલમનાં ચિત્રો આવી ગયાં છે, જેમાં વિવિધ પોષાકોનું નિરૂપણ થયું છે. આ ફેરફારો તે તે યુગના કલાકારોએ પ્રચલિત પોષાકોનાં આલેખન કર્યા હોવાને કારણે છે. મુઘલ દરબારમાં ઈરાની કલાના સંપર્કથી મુઘલ કળા વિકસી તેમાં, અને તેમાંથી આગળ વધેલી પહાડી કલમમાં તે કાળના પોષાકો નિરૂપાય એ સ્વાભાવિક છે. આજે પણ પંજાબ–ઉત્તર પ્રદેશની હિંદુસ્ત્રીઓ કેવો પોષાક પહેરે છે? રવિવર્માએ ચીતરેલી રાધાઓ દક્ષિણી પોષાકમાં ન હતી? આજનો ગુજરાતી કલાકાર રાધાને ગુજરાતી સાડી નથી પહેરાવતો? તદનુસાર ઉપર્યુક્ત ચિત્ર તે કાળનું હોઈ ત્યારનો પ્રચલિત પોશાક કલાકારે નિરૂપ્યો હોય એ સ્વાભાવિક છે.]

'કુમાર'માં જે કલાવાર્તા અને કલા વિષે લેખો આવે છે તે પ્રશંસનીય છે. તે ઉપરાંત આપ કારીગરી જેવો વિભાગ પણ આપો, જેમાં ચિત્રો દ્વારા સહેલાઈથી સમજી શકાય અને બનાવી શકાય તેવાં બાળકોનાં રમકડાં, ઘરઉપયોગી વસ્તુઓ વગેરે ઘેર બેઠાં બનાવી શકાય. આપે અમેરિકાથી નીકળતાં માસિક 'પૉપ્યુલર સાયન્સ', 'પૉપ્યુલર મિકૅનિક્સ' વગેરે જોયાં હશે. તેમાં આવા વિભાગ ઉપરાંત સૂચના-નુસખાઓ આવે છે. તો આપ પણ તેવા પ્રકારનું આપો તો ઉપયોગમાં લઈ શકાય. જોકે એ બંને માસિક જેટલાં ચિત્રો આપણા ગુજરાતી માસિકને પોસાય નહિ.●

(નાઈરોબી) —માધવજી નરસી

[● ચિત્રો પોસાવાનો પ્રશ્ન તો ગૌણ છે. વસ્તુતઃ એવી ઘણી સામગ્રી ચૂંટેલી અમારી પાસે પડી પણ છે. જે ખામી છે તે એ તૈયાર કરી આપે તેવા અધિકારી મદદનીશની; છતાં અમે નિરાશ થયા નથી. કદાચ ટૂંક સમયમાં સારું પરિણામ જણાશે.]

'કુમાર'માં ઘણા સુંદર લેખો વગેરે આવે છે. પણ કોઈ સિદ્ધહસ્ત ચિત્રકાર જેવા કે રવિશંકર રાવળ, રસિકલાલ પરીખ, કનુ દેસાઈ વગેરે મારફત 'હું ચીતરતાં કેમ શીખ્યો?' જેવી કોઈ લેખમાળા જો શરૂ કરવામાં આવે તો ઊગતા ચિત્રકારોને ઘણું જાણવાનું મળે. જોકે ઘણા ચિત્રકારો-કલાકારોની આછી રૂપરેખા આવે છે; પણ તે ચિત્રકાર કેમ ચીતરે છે, તે કોની પાસે શીખ્યા, જળરંગો ઉપર કાબૂ કેવી રીતે આવ્યો વગેરે વિગતો સાથેની એક લેખમાળા શરૂ થાય તો ઘણી જ આવકારપાત્ર ગણાશે.

(અમદાવાદ) —કિરણચંદ્ર સોમનાથ જોષી

વિજ્ઞાન મોટીમોટી ફાળો ભરતું વિકસતું જાય છે. તે સાથે જીવનની જરૂરિયાતો પણ વધતી જાય છે અને મોંઘવારી પણ વધતી જાય છે. આ સમયમાં (૧) વિજ્ઞાનની નવી શોધખોળ તથા એન્જિનીઅરિંગ બાબત પર મોટું લક્ષ આપવામાં આવે. (૨) ગૃહઉદ્યોગ જેવી નાની—જીવનની રોજની જરૂરિયાતોવાળી અને જાતે બનાવવાની રીતો, અને જેમાંથી વિદ્યાર્થીને પ્રયોગ કરવાની તક મળે તે અપાય તો અત્યારના યુગ પ્રમાણે સાર્થક થશે.

'તેલ'—ખનિજ તેમજ વનસ્પતિજન્યનું મહત્ત્વ આ યુગમાં ઘણું છે. તેની લેખમાળા આપવામાં આવે તો વિદ્યાર્થીઓને એકરસપ્રદ ને અગત્યની માહિતી મળે.● યંત્રને ધરતીની ઉપમા આપવામાં આવે તો તેલ તેનું હળ છે.

(મુંબાઈ) —મહેન્દ્રકુમાર ર. શાહ

[●તૈયાર થાય જ છે.]



સાથી (ફોટો · અશ્વિન મહેતા)

મુંબાઇના તાજેતરના ફોટોકલાપ્રદર્શનમાં અત્યંત પ્રશંસા પામેલું, નગાધિરાજ હિમાલયના તીરપ્રાંતોની બાળકી તથા તેના પ્રિય સાથીનું આ ચિત્ર, એ બંનેના અસરકારક મુખભાવો ઉપરાંત તેની ચિત્રસંયોજના તથા ઉત્કૃષ્ટ ટેકનીક (કૅમેરા-કસબ)ને કારણે પણ ઉત્તમ કલાકૃતિ બની રહે છે.



ગુલમર્ગ (કાશ્મીર) : ચિત્રકાર : રસિકલાલ પરીખ

'કેસૂડાં'ના સૌજન્યથી

એપ્રિલ ૧૯૫૯

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સૂને પથ

· મંદાક્રાંતા ·

સુના રાત્રિ-પથ નગરના, સુપ્ત સૌ પ્રાણીમાત્ર,
અર્ધો જાગું, અરધ નિંદરા, મૂક મૂર્છા સમી. ત્યાં
ગાતો ગાતો નજીક સરતો કંઠ કો મિષ્ટ આવી
ચાલ્યો જાતો, અરવ મનમાં સૂર એ ગૂંજી જાતો.

ઘેરાને વા ભટકું અટૂલો, સાથ ના, સંગી કો ના,
ત્યાં એ કાળાં તિમિર મહીં કો આવતું, અંગુલિને
મૂગું મૂગું પકડી મુજને કેડીએ દે ચડાવી.
ના એ આવે કર, મુજ પદો પંથ દે મૂકી માત્ર.

કલ્લોલે વા મબલખ મચ્યા હોય જ્યાં રંગ જંગ,
મારી પ્યાલી છલકત રસે માંડું જ્યાં ઓષ્ઠ, ત્યાં કો
પાસેથી હા સરકી, હળવો એક દેતું ધસારો,
ઢોળી દે એ વિષ, સરી જઈ, છાંટતું જાય હાસ્ય.

આ તે કેવી વિષમ ગતિની રીત આ કોની છાની?
માંડું માંડું કથની, અધુરી રહે જતી એ સદાની.

સુન્દરમ્

લઘુક ભાગ્ય

· પૃથ્વી ·

ન રે જીવનપુષ્પ આ મઘમઘંત ચંપો મીઠો,
ન વા ધવલ સ્નિગ્ધ એ ઉપવને ખીલ્યો મોગરો;
પલાશ નવ, ના સુકોમળ શિરીષ, ના ટોલર,
ગુલાબ નહિ શાહી, ના સુભગવંત એ પદ્મ વા.
નથી ભભકશાળી એ ગુલમહોર, ના કેવડો
મહીલ; જગવાડીનું મધુર પુષ્પ રૂડું ન એ,
સુહંત રૂપરંગગંધ થકી 'કર્ષતાં વિશ્વ જે.
અડાબીડ વને ખચેલ કંઇ ઝાડી ને ઝાંખરાં
વચે વિરૂપ આકરો, પથરિયાળ પૃથ્વી મળી;
ન રૂપ, નવ રંગ મોહક, ન ગંધ મીઠી ભળી,
ન કોઈ સ્પરશે, જુએ વિષભરી કડુ કાય આ;
કઠોર કપરી વિરાન સ્થિતિ જે સહી જીવતો.
કદી ય મધુમક્ષિકા વિષ ચૂસી કડુ, ને મધુ
ધરે જગતને યદિ, લઘુક ભાગ્ય તો ધન્ય આ.

શશીશિવમ્

કિંશુક કળી

('વસંતવિલાસ'ના એક દુહાને આધારે)

· પરંપરિત હરિગીત ·

કિંશુક કળી, ઓ અધખીલી!
શી રંગચમકે ઠમકતી!
શો દર્પ!
ને અલિ ગુંજતો જરી
આવી પટકાયો ઉપર
ત્યાં તો ઊઠી ડોલી:
(અહા! સોહાગનો શો છોળઉછાળ!)
'સૌ પે હું પનોતી, માનીતી...'
રે મુગ્ધ! જરી ના પીછતી
કે આ મધુભર-માલતી-વિરહે જળ્યો અલિ
ઝંપલાયો જાણી તુજને
લાલ ચટપટ અગનઝાળ!

હરિવલ્લભ ભાયાણી

હજી ય

· મિશ્ર ·

હજી ય પાછું વળીને જતાંજતાં
'એ આવજો...'નો ટહુકો કરીને
રેલી રહેતા સ્મિત કેરી ચાંદની
ફરી ફરી તે ઊલટ્યા કરંત!

હજી ય, સાન્નિધ્યમહીં હુલાસમાં
ઝૂકી જતા મૌન મુખે છવાયલી
ન્યાળેલ રાતી ભૂરી વાદળીઓ
ઘડી ઘડી ત્યાં પલક્યા કરંત!

હજી ય સન્ધ્યા સમયે રતુંબડી
હથેલીમાં ભાગ્યની રેખ ઢૂંઢતાં
નાચી ઊઠેલાં નયનો — ન, તારા-
કદી કદી શું ઝબક્યા કરંત!

હજી ય, જે મીંડ કરેલ એકદા
તેના તરંગો છલક્યા કરંત!

હેમન્ત દેસાઈ

પૃથ્વીની પ્રાર્થના

· વૈતાલીય ·

ઠગી સ્વર્ણમૃગે ભવોભવ
તમથી વેગળી કીધ રાવણે,
જથી આવી અશોકકાનને
લઈ પાછી અવ જાવ, રાઘવ!

ધરતી તન અર્ધ અંચળ,
પટનો કિન્તુ દરેક તાંતણો
વિરહી તમ અર્ધ વસ્ત્રનો;
તમ કાજે નળ, આ સ્વયંવર.

હતી હું તમ આત્મની કલા,
વીંટી ખોતાં નવ ઓળખી મને;
વીંટી મેહની તો હજી કને,
અવ સમ્રાટ! પીછો શકુંતલા.

ભવની તમ હું વિજોગણ,
તમ વામાંગનું દો સિંહાસન.

ઉશનસ્

ત્રિકાલ

· મિશ્ર ·

અતીત તો શૈશવ શો સુસ્પષ્ટ.
ખુલ્લી છબી: લ્યો નીરખી રજેરજ;
ને મોહિની સાંપ્રત! જેના કામના
મહીં રમે અસ્ત સહુ પલેપલ.

કિન્તુ ખરે! વૃદ્ધ સમો અનાગત,
વિરક્ત, ખંધો વળી જે વિચક્ષણ,
લહાય ના કો મુખભાવ તેહના,
ઉકેલવાનાં સહુ વ્યર્થ કષ્ટ!

જતીન્દ્ર આચાર્ય

મોતને જીતવું છે

· ગાન ·

આપણે મોતને જીતવું છે!
તૂટવું છે, પણ ન ઝૂકવું છે:
આપણે મોતને જીતવું છે!

રાખે જે કેવળ આ કાયાની વાટ બાકી,
તેજને દેતું જે બુઝાવી;
આથડું આખું એવા મોતના સામે બાથ!
સામી તે છાતીએ ઝૂઝવું છે! આપણે૦

હૈયાના ખેતર પર વરસાવે હિમને જે,
મનને તે મારે કોવાડા;
હિમને ખાતરમાં લેવું પલટાવી, ને
કોવાડા-ઘાવથી કોળવું છે! આપણે૦

દેવી છે જિંદગાની જગના તે હાથમાં ને
દેવી છે મોતને આ કાયા;
કરવી છે એવી કરામત કે આપણે
એના જ હાથથી જીવવું છે!
આપણે મોતને જીતવું છે!

પ્રહ્લાદ પારેખ

વાદળની આડમાં

· ગાન ·

તારા રૂપનું મેં ઘેન હતું માણ્યું,
રે ચાંદની, ફાગણ ચૈતર ને વૈશાખમાં;
આજ તારું કામણ મેં જાણ્યું,
હે ચાંદની, શ્રાવણનાં વાદળની આડમાં.

મારી આ શેરીનાં લોક બધાં જમ્પીને
પોઢ્યાં પોતાના આવાસમાં;
આવ, આવ રમિયેં રીસાયેં પણ સમ્પીને,
જોનારું કો ન આસપાસમાં;—હે ચાંદની૦

ધરતીનાં હેત જાણે ફોર્યાં રે હોય, એવી
હરિયાળી પોઢી ઉલ્લાસમાં;
કરવી છે ગોઠ આજ દુનિયા આ સ્હોય એવી,
હૈયાના નીતર્યા ઉજાસમાં;—હે ચાંદની૦

તારું બાણ હતું વાગ્યું,
રે ચાંદની, ફાગણ ચૈતર ને વૈશાખમાં;
મારું જીવતર છે જાગ્યું,
હે ચાંદની, શ્રાવણનાં વાદળની આડમાં.

હસિત બૂચ

વિચારવિશેષ

આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઇએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. ફેરી કે અગરબત્તીની પણ સોડમ લઇને લઇએ છીએ; ચેવડો કે બદામ ખોરી નથી ને, એમ નક્કી કરવા તે પણ ચાખી ચકાસીને લઇએ છીએ; માટલાં લેવા જઇએ તો પણ ટકોરો મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કાંઈ ઘરમાં લાવીએ છીએ તેને સૂંઘીને, ચકાસીને, ટકોરો મારીને લાવીએ છીએ; પણ આપણે આપણા ઘરમાં જે કાંઈ લક્ષ્મી લાવીએ છીએ તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરો મારતા. એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તો વાંધો જ નહિ. વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઇએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યો. નીતિથી, પ્રામાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ, એ સૂંઘતાં શીખો. આપણને એ ટેવ નથી. જે કમાયા તે ચપ દઇને ઘરમાં ઘાલી દઇએ છીએ; પણ આપણે જેમ ખરાબ કે કાચો માલ ઘરમાં ન ઘાલીએ, તેમ અનીતિ, અધર્મ અપ્રામાણિકતાનો મેલો પૈસો પણ ઘરમાં ન ઘાલીએ, ને લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખી જઇએ તો સુખ સુખ થઈ જશે.

—રવિશંકર મહારાજ

ગાંધીજી અને જવાહરલાલ સાથે તાદાત્મ્ય અનુભવનાર ગઇ પેઢીનો એક મોટો જુવાન-વર્ગ હતો. આ બન્ને નેતાઓની વિચારધારાની અસર નીચે હિંદુસ્તાનનો સારો એવો જુવાનવર્ગ આવ્યો હતો. આ બન્ને નેતાઓની અસર (વિશેષે કરીને ગાંધીજીની) યુવાવસ્થા વટાવી ચૂકેલા વર્ગ પર પણ થઈ હતી. ગઇ પેઢીના યુવકવર્ગ પર ગોવર્ધનરામના સરસ્વતીચંદ્રની ખૂબ અસર થઈ હતી, જે એ પાત્ર સાથેના તાદાત્મ્યનું પરિણામ હતું.

નવી પેઢી પર નેતાની નહિ પણ અભિનેતાની પ્રબલ અને સામૂહિક અસર પડી રહી છે. ચલચિત્રનાં નાયક—નાયિકા સાથે આજના જુવાનો ને છોકરા-છોકરીઓ તીવ્ર તાદાત્મ્ય અનુભવતાં હોય છે. પરિણામે 'આવારા-કટ' પેન્ટ કે 'દિલીપ કટ' વાળનાં અનુકરણો થતાં હોય છે. છોકરીઓમાં પણ અભિનેત્રીનાં વસ્ત્રાલંકારોની ફૅશન ઊતરી આવતી હોય છે. એટલું જ નહિ નાયક-નાયિકાના આંતરવ્યક્તિત્વની–ચારિત્ર્યની સૂક્ષ્મ અસર પણ પ્રજાના આ વિશાળ વર્ગ પર થતી હોય છે. ચલચિત્રની માફક ઢગબંધ બહાર પડતી આપણી ઘણીખરી ગુજરાતી નવલકથાઓનાં નાયકનાયિકાનાં વ્યક્તિત્વ વિચ્છિન્ન હોય છે. આવા વિચ્છિન્ન વ્યક્તિત્વવાળાં પાત્રોનો કલાકૃતિમાં પુરસ્કાર થતો હોય છે. પરિણામે ચલચિત્રો જોનાર અને નિઃસત્ત્વ નવલકથાઓ વાંચનાર જુવાન વર્ગનું વ્યક્તિત્વ સુગ્રથિત બનવાને બદલે વિચ્છિન્ન બનતું જાય છે. એમના આચાર-વિચારમાં વ્યવસ્થિત જીવનદૃષ્ટિનો જે તીવ્ર અભાવ વરતાય છે એનું કારણ ઉપર્યુક્ત ચલચિત્રો ને સત્ત્વહીન બજારુ નવલકથાઓ છે.

સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓએ પ્રજાની અતૃપ્ત આકાંક્ષાઓને તૃપ્ત કરી મોક્ષ અપાવ્યો છે. નવલકથા ને ચલચિત્રની—ખાસ કરીને ચલચિત્રની વિશાળ શક્યતાઓનો લાભ લઈ પ્રજાશિક્ષણ માટે એનો ઉપયોગ થઈ શકે; પણ એ પહેલાં સસ્તાં ચલચિત્રો બંધ થવાં જોઇએ. સાહિત્યને નામે પ્રગટ થતો કેટલોય કચરો પણ અટકાવવો જોઇએ.

(નીરોગી) —લાભશંકર ઠાકર

નકામી ગણાતી ચીજોમાંથી ઘરવપરાશની ચીજો બનાવવાની આવડત આપણે ત્યાં પહેલાં હતી તે સજીવન કરવી જોઇએ. ચીંથરાંમાંથી સરકટ ને કાગળમાંથી આસન, સાદડી, ટોપલી વગેરે અને કાથી કે બાંડીમાંથી પગલૂછણાં, દોરીદોરડાં વગેરે બનાવી શકાય.

છાણમાટીમાંથી સુંદર લીંપણ કરતાં શીખવવું જોઈએ. એમાં માટી તથા છાણની પસંદગી કરવી, પાણી કેટલું નાખવું, સરસ ગારો કઈ રીતે બનાવવો, જુદા જુદા પ્રકારની ઓકળીઓ કઈ રીતે પાડવી વગેરે બતાવી શકાય.

એ જ રીતે માટી તથા કાગળનાં ટોપલી–રમકડાં બનાવવાં, તેના પર ચિત્રકામ કરવું એ પણ કળાનું કામ છે. ઈંટના ટુકડાનો ભૂકો, રાખ, કોલસાની બારીક ભૂકી, કોદરા–ડાંગરનાં ફોતરાં, લાકડાનો વેર વગેરે ઘરગથ્થુ ચીજોની રંગોળીથી પોતાનાં ઘર ને શિક્ષણસંસ્થાઓ શણગારી શકાય. આસોપાલવ, લીમડા કે આંબાનાં પાનમાંથી તોરણો થઈ શકે. એમાં વપરાએલી સૂતળી પાછી ફરીથી ઉપયોગમાં લઇ શકાય.

થોડા ખર્ચે કાચા રંગોથી ભીંતો પર સુંદર ચિત્રો પણ દોરી શકાય અને ભોંયતળિયા ઉપર સાથીઆ રંગોળી પણ પૂરી શકાય.

આ જાતની રુચિ બધાં બાળકોમાં ઉત્પન્ન થાય, એવો પ્રયત્ન કરવાની જરૂર છે. આપણે ઇચ્છીએ છીએ કે ભવિષ્યમાં ગામનું દરેક ઘર સ્વચ્છ, સુઘડ ને સુંદર બને, કોઈના પર બોજો ન પડે ને કળાનો આનંદ માણી શકાય.

(પાયાની કેળવણીનો પ્રયોગ)

પહેલાં અને આજે

'પહલે ઘી સે સબઝી બનતી થી;
અબ ઘી સબઝી સે બનતા હૈ!
પહલે ઔરત બચ્ચા જનતી થી,
અબ હરેક આદમી 'જનતા' હૈ!

(નવજીવન) —સાંભળેલું

વિશ્વવિદ્યાલયોમાં છેલ્લાં વર્ષોમાં સંસ્કાર-પ્રવૃત્તિઓનું પ્રમાણ વધ્યું છે. ક્યાંક તો તેની અતિશયતા પણ દેખાય છે. સંસ્કારપ્રવૃત્તિઓ દ્વારા આનંદ મળે છે તેમ અભિવ્યક્તિ પણ મળે છે. યુવકો અને યુવતીઓ એ રીતે મંચ પર આવીને પોતાની શક્તિઓ પ્રગટ કરી શકે છે. કીર્તિલોભ, પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા જેમ મોટાઓને આકર્ષે છે તેમ યુવકયુવતીઓને પણ આકર્ષે છે. બીજાં ક્ષેત્રો કરતાં કલાના ક્ષેત્રમાં જવાનું કઠિન હોવું જોઇએ કારણ કે એમાં વધુ સાધનાની જરૂર પડે છે. પરન્તુ અલ્પ સાધના અને એથી ય અલ્પ સિદ્ધિથી ત્યાં પ્રતિષ્ઠા મળી જાય છે એવો સૌનો અનુભવ છે.

અત્યારે જે પ્રવૃત્તિઓ સંસ્કારપ્રવૃત્તિ તરીકે ઓળખાય છે એ તરફનું ખેંચાણ કંઈક અયોગ્ય પ્રમાણમાં પણ વધી રહ્યું છે. સમાજના અગ્રણીઓએ અને સવિશેષ અધ્યાપકોએ, આ સંબંધમાં ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. સંસ્કારપ્રવૃત્તિઓનો હેતુ આંતરપ્રવૃત્તિના શુદ્ધિકરણનો, તેને કેળવવાનો, સંસ્કારવાનો હોવો જોઇએ. આજે ચાલતી પ્રવૃત્તિઓમાં આ હેતુ સિદ્ધ થાય છે ખરો?

કોઈ પણ માનવીના સંસ્કારની પરીક્ષા કરવી હોય તો એ શામાંથી આનંદ મેળવે છે એની શોધ કરવી. જેના આનંદનું ધોરણ ઊંચું તેના સંસ્કારો ઊંચા; જેના આનંદમાં ભરતી પછી ઓટ નહિ, બીજાના આનંદની લૂંટ નહિ, કોઈ પણ પ્રકારના થાક કે વિષાદનો ભય નહિ તેનું જીવન પ્રગતિશીલ, વિકાસશીલ. યુવકો અને યુવતીઓની તમામ સંસ્કારપ્રવૃત્તિઓની આ દૃષ્ટિએ પરીક્ષા થવી જોઈએ.

સંસ્કારપ્રવૃત્તિને નામે ઓળખાતી આજની મોટા ભાગની પ્રવૃત્તિ સામાન્ય કક્ષાના મનોરંજનથી આગળ જતી નથી; અને કેટલીક પ્રવૃત્તિઓ તો સામાન્ય કક્ષાનું છતાં શુદ્ધ ગણાય એવું મનોરંજન પણ આપતી નથી. મનને બહેકાવે, હલકી વૃત્તિઓને ઉત્તેજે, સામાજિક

દૂષણો પર મર્મવેધી કટાક્ષ ફેંકવાને બદલે તેને સહ્ય બનાવે એ રીતે ચાલતી હોય છે. આવી પ્રવૃત્તિઓની સાથે સંસ્કારનું નામ પણ જોડી શકાય નહિ. સંસ્કારપ્રવૃત્તિમાં વિશુદ્ધ કલાનો આવિષ્કાર થવો જોઇએ. સામાન્ય કક્ષાનાં રાસ, ગરબા, નૃત્ય, સંગીત, નાટકોમાં જ જો આપણે રાચીશું તો તેથી લગીર મનોરંજન મળશે, દિવસનો થાક અને સંસારનો તાપ એથી થોડીક વાર હળવો બનશે, પરંતુ જીવનયુદ્ધમાં આનંદપૂર્વક લડી શકવાના સંસ્કાર એમાંથી પ્રગટશે નહિ. આન્તરિક શક્તિઓને જે ઘસારો મળતો હોય છે તે એમાંથી દૂર થશે નહિ. મનોરંજન એ રાહત છે, જ્યારે આનંદ એ શક્તિ પ્રગટાવવાનું રસાયન છે.

કલા, બુદ્ધિના દ્વારથી હૈયામાં નથી પ્રવેશતી પરન્તુ સીધી જ ત્યાં પહોંચી જાય છે. કલાકાર જેમ મસ્તી અનુભવે છે તેમ ઓછાવત્તા પ્રમાણમાં શ્રોતા અને પ્રેક્ષક પણ અનુભવે છે. આવી અસરકારક પ્રવૃત્તિઓ હલકા મનોરંજનનું જે સાધન બનાવે તે જાણ્યે અજાણ્યે સામાજિક પાપ કરે છે. યુવકોને આવતી કાલના ઘડવૈયા કહેવામાં આવે છે તે સાચું છે, પરન્તુ તેનો અર્થ એ નથી કે આજની સાથે કશી નિસ્બત નથી. આવતી કાલ જો ફળ છે તો આજ એ બીજ છે. યુવકો અને યુવતીઓ આજ એવી રીતે જીવે કે આવતી કાલ ઉજળી બને. એમને જે ઘડવાની છે તે આવતી કાલ નહિ પરન્તુ આજ છે. આજે એ જેવું ઘડશે એવો આવતી કાલનો ઘાટ મળશે. એમણે પોતાના ઘડતરની સાથે સમાજના ઘડતર તરફ પણ લક્ષ આપવું જોઇએ. સંસ્કારપ્રવૃત્તિઓ પણ આ દૃષ્ટિએ આનંદલક્ષીની સાથોસાથ જ્ઞાનલક્ષી પણ બનાવવી જોઇએ. કલાના ક્ષેત્રમાં પણ આકર્ષણની ભિન્નતા હોય છે. ચિત્ર, સંગીત, નૃત્ય, નાટક વગેરેની પસંદગી જેમ અભિરુચિ પ્રમાણે થાય છે, તેમ જ્ઞાનની પણ કોઈ શાખા તરફનું-સાહિત્ય, શિક્ષણ, આરોગ્ય, રમતગમત આદિ કોઈ પ્રવૃત્તિનું વલણ હોય તો એ ક્ષેત્રમાં પણ પ્રવૃત્તિ થવી જોઇએ. આજે સંસ્કારપ્રવૃત્તિનું કેન્દ્ર કેવળ રંગમંચ છે તેને સ્થાને અનેક મંચ ઊભા કરવાની જરૂર છે.

સંસ્કારપ્રવૃત્તિમાં જે કેટલાંક ભયસ્થાનો છે તેમાં સૌથી મોટું ભયસ્થાન શિક્ષણ પ્રત્યેના દુર્લક્ષનું છે. વિદ્યાર્થીઓનું પ્રથમ કર્તવ્ય વિદ્યાપ્રાપ્તિનું જ હોવું જોઇએ. સંસ્કારપ્રવૃત્તિઓના અગ્રણીઓએ પણ વિદ્યાર્થીઓનાં દિલદિમાગ પર એ ઠસાવવું જોઇએ કે સંસ્કારપ્રવૃત્તિ ગમે તેટલી મહત્ત્વની હોય તોયે, તે એને માટે ઇતરપ્રવૃત્તિ જ છે. બીજું ભયસ્થાન પ્રસિદ્ધિનું છે. વિદ્યાર્થીઓએ લક્ષમાં રાખવું જોઇએ કે એમને માટે સંસ્કારપ્રવૃત્તિ-ક્ષેત્ર પણ વિદ્યાપ્રાપ્તિનું જ છે. તેઓ ત્યાં શીખવા માટે, જ્ઞાન અને અનુભવ મેળવવા માટે ગયા છે. જ્ઞાન મેળવવા ઇચ્છનાર જો પ્રસિદ્ધિની અપેક્ષા રાખે તો એનામાં અભિમાન નહિ તો આત્મસંતોષ તો પેદા થાય જ. પ્રસિદ્ધિનો મોહ સ્પર્ધા અને ઈર્ષ્યાના ભાવો પ્રગટાવ્યા વિના ન રહે. આને પરિણામે સંસ્કારપ્રવૃત્તિમાંથી 'સંસ્કાર' ચાલ્યા જાય ને કેવળ 'પ્રવૃત્તિ' જ રહે. પ્રસિદ્ધિના મોહથી છીછરાપણું પણ આવી જાય છે; સાધના એ વેઠ કે મજૂરી લાગે છે. કલાની સાધનામાં જે શ્રમ કરવો પડે છે તે આનંદપ્રેરક હોય છે. કલાક્ષેત્રે જેમ ગતિ થાય તેમ નમ્રતા આવે, કેટલો લાંબો પંથ હજી કાપવાનો છે તેનું સતત ભાન રહે, અને પરિશ્રમથી વૃત્તિ ને શક્તિમાં વૃદ્ધિ થાય. પ્રસિદ્ધિનો મોહ આવી મનોવૃત્તિનો જ નાશ કરી દે.

સિનેમાની ફિલ્મો નવી પ્રજામાં અસભ્યતાની વૃત્તિ ખીલવવામાં કેટલા અંશે જવાબદાર છે એ પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે. પ્રજામાં શિક્ષણ કે દૂષણ ફેલાવવામાં ફિલ્મ જેવું બળવાન સાધન એકે નથી. જે ફિલ્મો 'પ્રેમ' અને 'અપરાધ-માનસ' જ શીખવી જાય એવી ફિલ્મો પાછળ પરદેશી હૂંડિયામણ ખર્ચવું એ અક્ષમ્ય છે. આવી બધી ફિલ્મો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવાની હિમાયત અમે નથી કરતા, પરંતુ પ્રજાની નીતિમત્તા કથળતી અટકાવવા કડક નિયમનો હોવાં આવશ્યક છે.

આપણા દેશની પણ વિવિધ ભાષાઓમાં ઊતરતી ફિલ્મોએ પણ પ્રજાને શિક્ષણ અને મનોરંજન આપવાને બદલે લોકોમાં, ખાસ કરીને ઊગતી તેમજ અભણ પ્રજામાં ગેરશિસ્ત, હલકી વૃત્તિ, અશિષ્ટાચાર ફેલાવવામાં ઘણો ફાળો આપ્યો છે. તેનું કારણ ઘણા ઉત્પાદકો લોકોને શિક્ષણ અને મનોરંજન આપવા માટે હેતુલક્ષી ચિત્રો ઉતારવાને બદલે લોકોની અશિષ્ટ, હીન કે અશ્લીલ વૃત્તિને પંપાળી, સોંઘી લોકપ્રિયતા મેળવી મોટી કમાણી કરે છે.

લોકોએ શું જોવું, શું વાંચવું, શું સાંભળવું એ સરકાર જ નક્કી કરે એ પણ યોગ્ય નથી; પરંતુ તે સાથે લોકશાહીનો અર્થ સ્વચ્છંદતા પણ નથી. જો લોકોની સભ્યતાનું ધોરણ લોકશાહીના નામે નીચે જતું હોય તો તે લોકશાહીનો દુરુપયોગ છે. લોકોને સારી રીતભાત શીખવવામાં સરમુખત્યારોને જે સફળતા મળે છે તે જો લોકશાહીમાં અલગ રહે તો તે લોકશાહીની નબળાઈ ગણાય. મદ્યપાન, જુગાર વગેરે અનિષ્ટો સામે લોકશાહી કાયદા વડે સખતાઈથી લડે જ છે, તો પછી લોકોનું માનસ બગાડતાં ચિત્રો સામે સખત હાથે કામ શા માટે ન લેવું જોઇએ?

આજે જ્યારે કાચી ફિલ્મની તંગી છે, હૂંડિયામણનો સવાલ છે ત્યારે આ પ્રશ્ન ફરી વિચારવો જોઇએ. મુખ્ય ફિલ્મ ટૂંકાવીને તે પહેલાં શિક્ષણ સાથે મનોરંજન આપે એવી દસ્તાવેજી ફિલ્મો બતાવી શકાય. ભારત સરકારે ઉતારેલી દસ્તાવેજી ફિલ્મોમાં કેટલીક તો બહુ ઉત્તમ છે, પરંતુ દેશી ફિલ્મોની વધુ પડતી લંબાઇને લીધે આવી સરસ દસ્તાવેજી ફિલ્મો બતાવી શકાતી નથી. આથી ફિલ્મોની લંબાઈ પર અંકુશ હોય તો બેવડો લાભ થાય. —'સોપાન'




('ગુજરાત સમાચાર'માં કલાકાર 'ચન્દ્ર'

નવવિચાર પ્રવર્તક દુર્ગારામ મહેતાજી

[ધ્વનિકા]

લેખક · નટવરલાલ માલવી



[ઘરેડમાં જતાં ચાર પાંચ ગાડાંનો અવાજ, પચીસેક પળ સુધી સંભળાય.]

પાર્શ્વગાન:

ચાલ્યાં ચાલ્યાં જાય,
ઘરેડે ગાડાં ચાલ્યાં જાય (૨);
ચીલે ચાલ્યાં જાય,
ઘરેડે ગાડાં ચાલ્યાં જાય,
ઘરેડે ચીલે ચાલ્યાં જાય: ચાલ્યાં૦
તિમિરે જાય, કુટાતાં જાય,
મારતાં ફાંફાં બહુ અકળાય,
પરેશાનીમાં વ્યાકુળ થાય,
મૂંઝાતાં ચીલે ચીલે જાય: ઘરેડે૦
એ અંધારે ચમકટમકતો
એક આગિયો આવ્યો (૨),
નવલા નાના જ્ઞાનરશ્મિએ
મજાપંથ ચમકાવ્યો (૨);
પરંપરાની વિચારસરણી
જીવનસરણી માપે (૨),
જનસમાજના વાહનને એ
માર્ગસૂઝણું આપે
એ પંથે સૂઝણું આપે (૨)!
મહેતાજી દુર્ગારામ
મહેતાજી દુર્ગારામ
મહેતાજી દુર્ગારામ
નામ પાવનું એનું લેતાં
અંતર બહુ પુલકાય (૨)
ગાડાં ચીલે ચાલ્યાં જાય: ચાલ્યાં૦

સૂત્રધાર: સને ૧૮૦૯ની સાલ; ને ઈશુનો જન્મ દિવસ, તા. ૨૫મી ડિસેમ્બર; તે દિવસે ગુજરાતના સૂરતનગરમાં એ આગિયો પ્રકટ્યો – આગિયાઓના ઝુંડ સમો આગિયો, જકાતી ઇજારદાર મંછારામ મયારામ દવેનો દીકરો, મહેતાજી દુર્ગારામ.

•

[દુર્ગો મહેતો ઉંમર વર્ષ સાતઆઠ, ઘરબહાર રમવા નાસી ગયો છે. તેની માતા નાનીગવરી તેને બૂમો પાડે છે.]

નાનીગવરી: દુરગા રે…ઓ દુરગા…… (જવાબ મળતો નથી) અલ્યા દુરગડા…ઓ દુરગા…કાં ટઈજો એટલામાં?…ઓ દુરગડા …બૂમ તે મૂઈ કેટલી પાડવી!…અલ્યા દુરગાઆઆઆ…મૂઆં આજકાલનાં તે કંઇ છોકરાં છે?!…ઓ દુરગડા……ઓ મહાકોર માશીબા…તમારે તાં દુરગો આઇવો'તો મારો? ભ:ઇગ્યોછ? જોયો કહીં?

મહાકોર: એ નાઆઆઆ…નાનીગવરી …નહૅ જોયો બા, તારા દુરગાડાને!…

નાનીગવરી: ઓ કાશીકાકીઈઈઈ…… એ…લલી ફોઇબાઆઆઆ, મારો દુરગો કંઇ નજરે પઇડો?

કાશીકાકી: એ…નથી દીઠો બહેન.

લીલીફોઈ: કોણ જાણે બા, કાં હસે દુરગો!

નાનીગવરી: કાં કઢાયો મૂઓ? જરા જંપ નથી એને…જરા આંખ આડી થઈ કે નાઠો જ છે પાઘડીઘાઇલો…અરે દુરગાઆઆઆ …ઓ દુરગા…ઓ દુરગાડા…મારાથી તો મૂવું અરટાતું બી નથી!…ઓ દુરગા…

[લાકડીનો ઠપઠપ અવાજ; મંછારામ આવે છે.]

એક અવાજ. નાનીકાકી, મંછુકાકા આઈવા.

નાનીગવરી: લો, આવી પહોંઈચા તમે? સારું થયું. પણ તમારા પેલા કુળના દીવાનો પત્તો નથી, તે જાવ, શોધી લાવો. કોણ જાણે કા'રનો મહોલ્લામાં રખડવા નીસરી પઈડોછ કે કોણ જાણે કાં' ભાગી ગયોછ! કાં ગ્રિકાયો ઓહે કોણ જાણે! જાઓ…

મંછારામ: તેં કંઈ તપાસ કરી કે નહૅ? કા'રનો ગયોછ?

નાનીગવરી: તે હું મૂઈ રસોઇપાણી કરું કે એ પાઘડી ઘાઇલાની બધી ટીપ રાખું કે કા'રનો ગયો છ ને કા'રનો નથી ગયો, ને કાં ગયો ને કાં નહૅ ગયો! હું તો હતી રસોડામાં પ.છળ, ને એ બહાર બેઠોબેઠો આંક ને કવિતા ગોખતો'તો ને રાગડા તાણતો'તો. પછી હું મૂઈ કૂવા પરથી પાણી કાઢવા ગઇ ને પેલી મૂઇ ગરગડીનો અવાજ ગડગડ ગડગડ થાય, તેમાં એના રાગડા કા'રે બંધ થયા ને કા'રે નહિ, તે મને મૂઇને શી ખબર પડે? પછી જમ્બાના વેળા થયા, ને બહાર શોધું તો હોય કાં આપણા કુળના દીવા! જાવ, શોધી લાવો જ્યાં હોય તાંથી, ને પછી સવેળા સવેળા જમી લો તો હું મૂઈ પરવારું તો ખરી.

મંછારામ: લે, આ ચાઇલો. આ મારી પાઘડી મૂકી દે અંદર ને આ અંગરખો બી લેતી જા. હું હમણાં ગડિયાને કાન પકડીને લઈ આઉંછ. આ ચાઈ લો. (લાકડી ઠોકતા જાય છે.)

•

[પાછલી શેરીને ખૂણે એક ઓટલા પર આઠ વરસનો દુર્ગો મહેતો, પોતાનાથી નાનાં પાંચછ છોકરા-છોકરીની નિશાળ માંડીને બેઠો છે ને ભણવા-ભણાવવાની રમત રમે છે.]

આઠ વરસના દુર્ગાનો સાદ: ચાલો નાથુ, કમળી, મગના, ચીમના, લલી, ચાલો બધા, આપણે નીસાળ નીસાળ રમીએછ હો! ચાલો, બધા હારબંધ બેસી જાવ. એઈ કમળી, અદબ વાળ…એઇ ચીમના, પલાંઠી બરાબર વાળ… ચાલો બધા બોલો હું બોલ઼ઉં તેમ…એઈ મગના…બહાર કાં જોયછ? સામે જો. ધ્યાન આપ બરાબર. ચાલો, બોલો બધા—

સોટી વાગે ચમચમ (સોટી અફાળે છે)
વિદ્યા આવે ધમધમ ,,

કમળી: તે મારવાનું નહિ વળી અમને, હા વળી.

દુર્ગારામ: હારુ હારુ. ધ્યાન આપજે બરાબર, તો નહિ મારું, બોલો બધા—

મોટી સવારે વહેલાં ઊઠવું જીઇઇઇ
બાળકો: મોટી સવારે વહેલાં ઊઠવું જીઈઈઈ
દુર્ગા૦: દાતણ પાણી કરવાં જીઈઈઈ
બાળકો: દાતણ પાણી કરવાં જીઈઈઈ
દુર્ગા૦: નાહી ધોઇ લેવું જીઇઇઇ.
બાળકો: નાહી ધોઈ લેવું જીઇઇઇ.
દુર્ગા૦: એઈ ચન્દુ, કાં જુએછ બહાર?…
માબાપને પગે લાગવું જીઇઇઇ
બાળકો: માબાપને પગે લાગવું જીઈઈઈ
દુર્ગારામ: કકડો કોર ખાવું—
એઇ નાથુ, તારી પલાંઠી છૂટી ગઈ!
કકડો કોર ખાવું જીઈઈઈ
બાળકો: કકડો કોર ખાવું જીઈઈઈ
દુર્ગા૦: પછી ભણવા બેસવું જીઇઇઇ—
એઈ કમળી, તારી અદબ વાળ બરાબર.
પછી ભણવા બેસવું જીઇઇઇ
બાળકો: પછી ભણવા બેસવું જીઈઈઈ
દુર્ગા૦: સરસતી સરસતી મોરી માય
બાળકો: સરસતી સરસતી મોરી માય
દુર્ગારામ: પહેરે પટોળાં, ઘેબર ખાય
બાળકો: પહેરે પટોળાં, ઘેબર ખાય

દુર્ગારામ: લાડુ ખાય, જલેબી ખાય...

નાથુ: એઈ મહેતાજી, એવું કંઈ આવડતુંનથી. અમારે તાં તો મારા મોટા બે બોલેછ તે એવું લાડુજલેબીનું કંઇ બોલતા નથી વરી.

દુર્ગારામ: ચાલ ચાલ નાથુડા, એક ધપ્પો મારા' ને, તો બરડો સીધો થઇ જહે. હું મહેતો છું કે તું મહેતો છ? હું બોલાઉં તેમજ બોલવાનું વરી...ચાલો બોલો...

શીરો ખાય, બાસુદી ખાય...

બાળકો: શીરો ખાય, બાસુદી ખાય...

નાથુ: અરે, પણ એવું ન્હે બોલાય. સરસતી માતા તો ઘેબર જ ખાય. બાસુદી ખાય જ ન્હે.

દુર્ગારામ: ખાયખાય હવે! તું સું જાણે વરી? એ તો બધું ખાય, બધું. તું જોવા ગયો'તો? તું નથી ખાતો બાસુદી?

[મંછારામ આવીને ખેલ જુએ છે.]

નાથુ: પણ એતો ઘેબરખાય એમજબોલાય.

દુર્ગારામ: મૂગો રહે. હમણાં બે ઝપેટા લગાવી દેવા'. હું મહેતો છું કે તું મહેતો છ?—ઓ...આ તો બાપા......

મંછારામ: (છતો થઇ) ચાલ ચાલ હવે, મહેતાજીના દાદા? કા'રનો અહીં ચિંકાયો છ? તાં તારી મા બૂમ પાડીપાડીને અધમૂઈ થઈ ગઈ ને ભાઇ અહીં ભરાયા છ! ચાલ ઘેર. (લાકડી ઠોકતાં) ભાગો રે પોયરાઓ, સૌસૌને ઘેર નાસો. (લાકડી ઠોકે છે.) જાઓ દોડો! ભાગો! [છોકરાં હોહોહોહો અવાજ કરતાં 'સૌસૌને ઘેર જાઓ,

ધાણીચણા વહેંચી ખાઓ'

એમ બોલતાં નાસાનાસ કરે છે.]

દુર્ગા૦: હું તો બધાને ભણાવતો'તો બાપા.

મંછા૦: ભણાઇવા ભણાઈવા હવે. મોટો ભણાવવાવારો ના જોયો હોય તો! ઘેર જંબાનું થઈ ગયું છ, તારી મા આઈડા કરે છ, ને ભાઇ અહીં ભણાવવા બેઠા છ! ચાલ, જલદી ચાલ. આટલે દૂર રંબા કેમ આઈવો? સું સમજે'? તમાચા બે પડસે...

•

સૂત્રધાર: દસ-અગિયાર વરસની વયમાં તો આ ચબરાક છોકરો ગુજરાતી લખતાં વાંચતાં ને ગણિત શીખી ગયો. અગિયારમે વરસે મા ગુમાવી બેઠો. બારે વરસે તો નોકરીમાં–

•

ગોવિંદરામ: ઓહો! આવો આવો મંછુભાઈ, કેમ કંઈ તમારે આવવું પઇડું?

મંછારામ: આ ભગવાનના દીકરાને તમારે તાં મૂકવા આઇવો છ, ગોવિંદરામભાઈ.

ગોવિંદરામ: ભલે ભલે, બેસો.

મંછારામ: આ મારો દુરગો. આંકપલાખે પાવરધો છે. વેદસાસ્તર તો હું જ ભણેલો ન્હે, તે કાં'થી સીખવું? પણ હવે એને તમારે તાં રાખી પલોટો. ફેરાફાંટા કરાવજો. કામ ન કરે તો મારજો ધપ્પા. ભૂલ કરે તો કાન પણ આમળજો. તમારો જ દીકરો સમજજો!

ગોવિંદરામ: છોકરો દેખાય્છ તો ચકોર. બોલ રે પોયરા, સતરે સતરે રામ?

દુર્ગારામ (બાળઅવાજ): બે નેવાસિયા.

ગોવિંદરામ: ચાર આનાની તેરીએ બસો ચુંમાલી છ આનાનું એક મહિનાનું વીઆજ?

દુર્ગારામ: અઢીસોનું દસ આના, તેમાંથી નેવું આનાનું સાડીબાવી દોકડા, એટલે તન આના આઠ પૈબાદ. વીઆજ છ આના ચાર પૈ.

ગોવિંદરામ: શાબાશ! શાબાશ! મંછુભાઈ, રાખી લૈશું છોકરાને. પચ્ચી રૂપિયા વરસાણ આપસું. મૂકી જાવ મોજથી.

મંછારામ: મ્હેરબાની સેઠ. છોકરો તમારે ખોળે મૂઇકો. કેળવજો ને હેળવજો. લો તારે, જય હાટકેસ.

ગોવિંદરામ: જય હાટકેસ.

•

રેવાકુંવર: (ગાય છે)

સુખદુ:ખ મનમાં ન આણીએ,
 ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે,
 રઘુનાથનાં જડિયાં–સુખ૦
હરિશ્ચંદ્ર સરખો રાજિયો,
 (તેની) તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી,
 ભર્યા નીચ ઘેર પાણી–સુખ૦
નળરાજા સરખો નર નહિ,
 તેની દમયંતી રાણી;
અરધે વસ્ત્રે વનમાં ભમ્યાં,
 ન મળે અન્ન ને પાણી–સુખ૦
સીતા સરખી સતી નહિ......

(બારણું ઠોકાય છે.)

દુર્ગાનો સાદ: માશીબા, ઓ માશીબા! બારણું ઉઘાડો.

રેવામાશી: આઇવો મારો દુરગો! (સાંકળઆગળો ઊઘડવાનો અવાજ) આવ બેટા; ને જો, હાથપગ બરાબર ધોઇલે. લૂછજે બી બરોબર, હોં. ને આંખે પાણીની છાલકો મારીલેજે. કાલે મેંસ આંજવાની રહી ગૈ ને? આજે અંજાવવાનું યાદ રાખજે, હોં. હં, ને હાથપગ ધોઈ બંડકિયામાં બાઉની ગોળી છે, તે ખાઈ લે. આયુ: સત્વ બલારોગ્ય સુખપ્રીતિ વિવર્ધના: રસ્યા: સ્નિગ્ધા: સ્થિરા હૃદ્યા આહારા: સાત્વિકપ્રિયા:

કટ્વમ્લ લવણાત્યુષ્ણ તીક્ષ્ણ રુક્ષ વિદાહિન: આહારા રાજસસ્યેષ્ટા દુ:ખ શોકામયપ્રદા:
યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચયત્
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસ પ્રિયમ્.

•

સૂત્રધાર: ને એ ભણેલી, શાણી, ધર્મનિષ્ઠ માશી સાથે દુર્ગો, ઓગણીસની ઉંમરે, બાપનું મરણ થયું તે જ વરસે,–સને ૧૮૨૬માં મુંબાઈ ગયો, જીવનનો ખેલ મોટા પગથારમાં ખેલવા.

•

[માણસોના પગરવના, ઘોડાના ડાબલાના, બળદગાડીના ઘૂઘરા ને ડચકારાના, ગાડીઓની ઘંટડીના, હોહોના અવાજ......]

દુર્ગારામ: અરે, આ બધી ઠઠ અહીં શાની મળી છ? આટલા બધા ગાડીઘોડા?

એક રાહદારી: એઈ, જરા જોઇને ચાલ, ધક્કો મારતાં શરમ નથી લાગતી?

બીજો રાહદારી: અરે ભાઈ, મને પાછળથી ધક્કો લાગે તી મીં સું કરું?

ત્રીજો અવાજ: લદું ન કા, લદું ન કા.

પહેલો રાહદારી: પણ 'લ્યા, મને ફાલ્લો હતો તે તારા ધક્કાથી ફૂટી ગીઓ ને પરુ પરુ વહી ચાઈલું.

પારસી અવાજ: ટો બાવા, ફાલ્લો ઉતો ટો બાર ફરવા કાં'ય નીકલો! ઘેરે જઇને સૂઈ જા બાવા. નાહક હેરાન થઈ જસે.

દુર્ગારામ: ખરી ધક્કાધક્કી ચાલે છ. ઓહો પેલા તો બેજનજી સેઠ. પેલા રામશંકર. પેલા જાદવજી ને ધરમશી ઝભા. પેલા રતનશા! આ આટલું બધું હાઉસન જાઉસન શાનું ભેગું થયું ઓહે? હં, આ તો બધા પેલી હવેલીમાં પેસતાં દેખું. અરે ભાઈ! ઓ ભાઈ! ઓ પારસી બાવા! આજે અહીં આ સાનો ઓચ્છવ છે?

પારસી બાવા: નહિ જાનટો બાવા? અહીં તો આપની દેસી ભાસાની ઈસકોલ નામદાર સરકારે ખોલેલી ચ; ને આજે ગવંડર સાહેબ ઈનામ વહેંચવાનાચ, તેની સભા ચ. બધ્ધેબદ્ધાંને મફટ સીખવેચ. તુંને ખબર નૈ?

દુર્ગા૦: એ...એ...એમ? તે તારે હું દાખલ થાઉં તો મને બી ભણાવસે કે? (ધીમેથી સ્વગત) અહીં મંબઈમાં મને કંઈ નોકરી મલતી નથી, તે લાવ તારે, આગળ ભણવા માંડું...

•

સૂત્રધાર: મુંબાઈની એ મફત સરકારી નિશાળમાં દુર્ગારામ દોઢેક વર્ષ ભણ્યા, એટલે તો તૈયાર થઈ ગયા, ને વીસ રૂપિયાના ધરખમ દરમાયાથી સૂરતમાં નિશાળ કાઢવા રવાના થયા–સરકારી હુકમથી. અને સુરતમાં તદ્દન નવી નિશાળ, ૧૩મી સપ્ટેમ્બર ૧૮૨૬ને દિને દુર્ગારામે શરૂ કરી દીધી. છ મહિને બદલી થઈ

ઓલપાડ કસબે, સુરતથી બાર માઈલ દૂર.

•

[બારણાં ઊઘડવાનો, ને તે પછી બે ત્રણ પોટલાં, લાકડાની પેટી વગેરે મૂકવાનો અવાજ]

દુર્ગારામ : ચાલ ભાઈ, મૂકી દે. લે આ તારી મજૂરી. હા......શ. ભૂતિયું ઘર તો ભૂતિયું. જોઇએ તો ખરા, ભૂતડાં સું કરે છ તે. આવું ફક્કડ ઘર ને તે કોઈ રાખે ન્હૈ! કેમ? તો કે અંદર ભૂત છે! છો ને હોય ભૂત! આપણા રામ કંઈ ભૂતબૂતને માનતા નથી. ભૂત ભરખી જાય તો ભલે ભરખે. મરવાનું એક જ વાર છે ને?

•

હરિભાઈ : કેમ મહેતાજી, તમને તો આ ઘરમા રે'વા આઈવાને દસ બાર દા'ડા ખારસા થઈ ગીઆ જો. તે રાતરે કંઈ અવાજ બવાજ, ધડાકા ફડાકા, ચિચિયારી ગોટા પિંડા થાય છે કે? અહીં તો રજપૂતનું ખૂન થઈલું તે તેનું ભૂત રહેછ.

દુર્ગા : આવો આવો હરિભાઇ. અરે ભૈ, અહીં તો કોઇ પરતાપસંગ નારસંગ–નાથુસંગ મોકમસંગ રામસંગ–કોઇનું ય ભૂત કે પલીત કરસું નથી. હું તો આખી રાત નિરાંતે ઘોરું છું. કંઈ યે ધાડ આવી નથી મને તો. ઊલટું ફક્કડ ઘર ખારસું દોઢ રૂપિયા કિરાયામાં મળી ગયું! સાનાં ભૂત ને સાની વાત!

વા વાયાથી નળિયું ખઈસું,
ને તે દેખીને કૂતરું ભઇસું;
બહુ થયો ત્યાં શોરબકોર,
કોઈ કહે મેં દીઠો ચોર!

બધી ખોટ્ટી વાતો! મારા ભાઇ.

હરિભાઇ : પણ કાલે જ અડધી રાતે કંઈ ઘંટી જેવો ઘરરરર અવાજ આવતો'તો ને, ભાઈ મારા! મેં જાતે હાંભળેલો ને!

દુર્ગારામ : (હસીને) હાહાહાહાહાહા. એ ભૂત તો હું જ—મહેતાજી દુર્ગારામ મંછારામ દવે જાતે ને પોતે, ભૈ. કાલે સાંજે તન વાગે સુરત ગઇલો તે દસેક વાગે રાતરે આઈવો. રતાળુનો કંદ લેતો આવેલો. આવીને જોઉં છું, તો ઘરમાં ચણાનો લોટ ચપટી બી નહિ. મન થઇ ગઈલું ખૂબ, ભજિયાં ખાવાનું, પછી આપણા રામ તો ઘંટીએ બેસી ગયા, ને લોટ દળી નાઇખો, ને ભજિયાં તળી નાઈખાં ને ધગધગતાં ખાધાં! ધરાઈને ખાધાં! યાર, સુરતી ભાયડા છીએ. વરાછાનો નવોનવો કમોદિયો રતાળુ, તે જોઇને જ જીભમાં પાણી છૂટવું'તું. સૂતો ત્યારે કેરથો એક દોઢ વાગી ગઇલો, હાહાહા...

•

સૂત્રધાર : એવા હતા એ મનોબળી મહેતાજી. અરધી રાતે ઘંટીએ બેસતાં ખચકે નહિ એવા. સને ૧૮૩૦માં બદલી થઇ, ને પાછા સૂરત આવ્યા. નવલક્ષાના કોઠામાં, નાણાવટની નિશાળમાં ભણાવવા લાગ્યા, ને બીજે વરસે કુંદનગૌરી સાથે પરણ્યા.

એમની શિખવણી ઘણી સરસ. નિશાળિયા ખૂબ સંતુષ્ટ રહે. ઘેર પોતાની જ્ઞાનોપાસના ચાલુ. બાવીસ વરસની વયે પરણ્યા. પછી ૧૮૩૭ની સૂરતની મોટી આગમાં એમનું ઘર બળી ગયું, તે બીજે વરસે ફરી બંધાવ્યું; પણ પછીને વરસે એમનું ખરું ઘર ભાંગ્યું—સત્તર વરસની એમની પત્ની કુંદન સ્વર્ગે સંચરી...

(સ્રગ્ધરા)

દુઃખોનાં ઝાડ ઊગ્યાં, શિર પર કપરાં,
એકથી એક કૂડાં,
શાણા એ માનવીના, હૃદય કદલિનાં
નીર ટહોળાય ઊંડાં;
અગ્નિએ વાસ બાળ્યો, યમ, ક્રૂર વિધિએ
પત્નીનો શ્વાસ કાપ્યો,
છત્રીસે વર્ષ એને ભર જીવનરણે
દૈવ, શો ત્રાસ દીધો!

પ્રાણશંકર : દુરગા ભૈ, દુરગા ભૈ, આ સું થઇ ગીયું! (રડી પડે છે.)

દુર્ગારામ : ઓ પાણુ ભૈ! મારી તો જિંદગી ખલાસ થઈ ગઈ. (પોક મૂકીને રડે છે) પાણુભૈ, એક પળ પણ એ નથી ખસતી મારી નજર આગળથી. (ડૂસકા) રાત્રે સપનાં પર સપનાં આવે છે, ને ઝબકીને જાગુંછ. જેમતેમ મોડી રાતે ઊંઘ આવે ત્યાં એ આવીને આંખ સામે ઊભી જ રે'છ. (ડૂસકાં) ઓ ઈશ્વર, તને આ શું સૂઈજું મારા નાથ! ઓ પરમાત્મા...

રેવામાશી (ડોસીનો સાદ) : દુરગા, બેટા! ઠંડો પડ જરા. લે પાણી પી લે. એમ કાં સુધી રઈડા કરસે? ગઇલું માણસ કંઇ આવવાનું નથી. જેની અહીં જરૂર તેની તાં જરૂર. પરમેસરને કંઈ કામ પઈડું હસે તારે જ એને ખેંચી લીધી હસે, ભઈ. લે, પાણી પી. (જરા થંભી) હોય એ તો; સંસારના રગડાઝગડા છે; ચાઈલા જ કરે. કુંદન વહુ ગઈ તે જ દા'ડે પેલી સૂરજનો વર નરભેરામ પણ ગુજરી ગયો. બચારી પંદર વરસે રાંડી. તું ફરી પણસે, પણ એનું શું? એમ મન વાળીએ દીકરા; લે પી પાણી.

દુર્ગારામ : ઓ મારી કુંદન રે......

પ્રાણશંકર : દુરગાભાઇ, તમે જ્ઞાની થઇને આમ ના કરો. પ્રભુએ તમારી ખરી કસોટી માંડી છ તે કબૂલ કરું છું. બિચારી કુમળી કળી ખરી ગઈ. ઈશ્વરને આવું કેમ ગમતું હશે?

[દુર્ગારામનાં ડૂસકાં સંભળાયા કરે છે.]

જેશંકર : અરે ભાઈ, પાછી નાગરી નાત ને અમારો અમદાવાદી તડો. આમે પણ 'રૂપિયા ભરે ગાગરડી તો મળે નાગરડી'—ને અમદાવાદીમાં તો તેની ય મુસીબત. આઠસોનું પહેલું જમણવાર કરવાની, વરઘોડો—ને કેટકેટલો ખરચ...... [ડૂસકાં સંભળાતાં જ રહે છે.] ...તેમાંય કન્યાની ભારે અછત, તે મળે કાં?

પ્રાણશંકર : એવી વાત જવા દો જેભાઈ. હજુ તો મરનારીની ચે' પણ ટાઢી નથી પડી. મરદ જાત એટલે પણસે પણ ખરા. પણ રીતરીતે વાત થાય. તો પણ અમારે મોતાળામાં છેક તમારા જેવું તો નહિ. ને દુરગાભાઈ, તમને તો રેવામસીએ બરાબર સંસ્કાર પાઈડા છ. તમે તમારે ગીતાનો પાઠ ચાલુ રાખો. દુઃખનું મારણ એ જ છે; 'સુખઃદુખે સમે કૃત્વા'... કેમ જેભાઈ?...'લાભા લાભૌ જયા જયો!'

જેશંકર : હા ભૈ. ખરી વાત છે. જેમાં આપણું ચલણ ન્હૈ, તેમાં શું કરીએ? ધીરજ રાખજો ભૈ. હ્યો ત્યારે, રામ રામ ભૈ. પાછું આવે જ કામે નારણસંકરને તાં જવાનું છ. એનો દીકરો નાનો મરી ગયો ને ભાઈ! માંડ ઓગણી વરસનો હતો. હ્યો ત્યારે, જાઉં ભૈ. ધીરજ રાખજો.

પ્રાણશંકર : આ ઓગણીનો નાનો ગુજરી ગયો, તે એની વહુ તેર ચૌદની જ ઓસે ને?

દુર્ગારામ : હાસ્તો ભૈ. બચારી સૂરજ. એ જ વિચાર મને પણ હમણાં આઇવો, પાણુભાઇ, કે હું તો તીસ વરસનો, ને મરદ, તે ફરી પાછું મારાથી તો પણ્ણાય; પણ આ પંદર વરસની સૂરજ બચારી રાંડી, ને તેર વરસની પેલી ગંગા અઠવાડિયા પર રાંડેલી, તેનું શું? તે બાપડીઓ તો ફરી પણ્ણી જ ન્હૈ સકે...

પ્રાણશંકર : અરે, અમારી મોતાળાની નાતમાં પણ એવી, પંદર-સત્તરની આસપાસની રાંડેલી પચાસેક હોહે. થાય તો શું તેનું! શાસ્તરની આજ્ઞા છે તે રંડાપો પાળો, બીજું શું!

દુર્ગારામ : પણ એવાં તે કેવાં શાસ્તર, પાણુભાઈ? એવાં શાસ્તર શા સારુ લઇખાં હોસે? હું ને તમે ફરી પણીએ, વળી બૈરી મરી જાય તો વળી પણીએ, વળી વળી પણીએ, ને પછી પણ ચોથી, પાંચમી કે છઠ્ઠી વાર—

પ્રાણ૦ : અમારી નાતમાં ખરેખર છઠ્ઠી વાર એક નાથુ ડોસો પણ્યો! બાસેઠનો વરને બારની કન્યા!

દુર્ગા : ને કાલે એ બાસેઠિયો મરી જાય તો બાર વરસનીથી પણ્ણાય ન્હૈ, ને બારવાળી મરી જાય તો ત્રેસઠિયો ઘોડે ચઢે! એવું કેમ?

પ્રાણુભાઈ : બૈરાંની જાત છે ને!

દુર્ગા : બરાબર. (ગુસ્સામાં આવીને) બૈરાંની જાત! બે હાથ, બે પગ, બે આંખ, એક નાક, એક મોં, એક માથું–બૈરાંને; ને બે હાથ બે પગ બે આંખ એક નાક મો માથું મરદને! ફેર કયો?

પ્રાણુ : ભાઇ મારું તો મગજ કામ નથી કરતું.

દુર્ગા : ને બચારી બાર ચૌદ સોળ વરસની ભર જુવાનીમાં રાંડે, ને જિંદગી સુધી રઇડા કરે; નહિ તો ખૂણાખાંચરા શોધે. કડવી ઝેર જેવી જિંદગી ગાળે...

પાશ્વગાન : (હરિ ભજતાં... એ ઢાળ)
મને જનમ દીધો તેં, હાય, પ્રભુ, સંતાપવા શેણે આવડાં દુઃખ વેઠાય, ઓ મારા બાપલા. છને ચૈતરે ટાણાંનો માર, તે કેમ ખવાય જો! નહિ ખાવા મળે પેટભર, કાયા કરમાય જો! રોજ થાતું હડેહડે નાથ, અપશુકનથી ભરી, પીડે જોબનિયું સંગાથ, નહિ ઠરતું જરી. મારી છાતી ભડભડ બળી જાયહરિ, દિનરાતજો, જાણે દેહ બધો બૂંજાય, જરા ઓ તાત, જો! મારાં કેટલા ભવનાં પાપ નથી ટળતાં હજુ! આપે મોત, ભલા ભગવાન, દયા સાચી લહું!

દુર્ગારામ :...કડવી ઝેર જેવી જિંદગી ગાળે. ખરે પ્રાણુભાઇ, મારા મગજમાં આ વાત જ નથી ઊતરતી. કંઈક કરવું જોઇએ. કંઈક કરવું જ જોઇએ. ચોખ્ખો અન્યાય લાગે છ. નર્યો ગેરઈન્સાફ! કેમ હોય આવું?...

પ્રાણુ૦ : ઋષિ મુ નઓ...

દુર્ગા : ઋષિ મુનિઓ પણ પરણ્યા જ કરતા'તા ને. તે મરદ હતા, તે મરદના બરનું લખી ગયા! નહિ પ્રાણુભાઈ, નથી બેસતી વાત, મગજમાં. મને ફરી પણવાની છૂટ ને ગંગા-સૂરજને નહેં? એ કેમ બને? આ અમારી અમદાવાદી નાત. કન્યાની અછત, પણ બાળરાંડ જોઇએ એટલી. એક બાજુ વાંઢા કુંવારા રખડે, તેમને કન્યા ન મળે; બીજી બાજુ આવી બાપડી બાળરાંડો હિજરાય, ઝૂરે, રડે, બળે! કઇ જાતની પદ્ધતિ આ! વાઢાઓ ખૂણાખોંચરા શોધે, ને વિધવાઓ પણ! આ તો નરી મૂરખાઈ લાગે છ.

પ્રાણુ૦ : મૂરખાઈ તો કેમ હોય ભૈ? એમ તો કણબી ખત્રીઘાંચીમાં પરણીજ જાય છે ને? પણ આપણે ઊંચ વરણ...

દુર્ગા : ઊંચ વરણ? ખરા ઊંચ વરણ! ઊંચ સાના? આમ ખૂણાખાંચરા શોધવા પડે એવી શાસ્તરે આજ્ઞા કરી તે ઊંચ વરણ? આમ તો સોમાં દસ ઊંચ વરણ હશે. તેને જ આ સજા ભોગવવાની ને આ પાપ કરવાનાં? નહિનહિ, પ્રાણુભાઇ! મારા મગજમાં ઊતરતું નથી. હું તો બધાં શાસ્તર ઉથલાવી કાઢીશ. ને તેમાં બરાબર નહિ હોય...નહિ હોય બરાબર, તો તેની પણ સામે પડીશ...

•

સૂત્રધાર : અને ખરેખર, મહેતાજી દુર્ગારામ તો પડયા મેદાનમાં. થોડા દહાડા વિચાર કર્યો, પુસ્તકો તપાસી લીધાં, ચર્ચા કરી. પછી કર્યો નિશ્ચય, કે રોજ વિધવા સ્ત્રીઓની તરફેણમાં બે હજાર શબ્દ બોલવા જ બોલવા!

•

પસુ : જસુ, પેલો મહેતલો જાય છ તે જોયો?

જસુ : પેલો પાઘડીવાળો?

પસુ : હા, એ જ. એનું ચસકી ગયું છ.

જસુ : સું ચસકી ગયું છ? ચાલેછ તો બરાબર!

હસુ : અલ્યા તને ખબર નથી? આ તો રોજ કોઇને ઓટલે ચઢી જાય છ ને લહેંકાલટકા કરીને બોલેછ કે ભાઇઓ! રાંડેલીઓને પરણાવો, ચાંલ્લા વનાનીને ચાંલ્લા કરો, વાળ વગરનીને વાળવાળી કરો...

પસુ : અડવા હાથને બંગડીવાળા કરો, અડવી ડોકને લટકાળી કરો, હા...હા...(હસે છે)

જસુ : એવું એવું બોલેછ? તે એ જાતનો કોણ છે?

પસુ : અરે, નાગરબામણ છે, ભિક્ષુક. પેલો દુરગો મહેતલો! તે પણ રંડાયલો છ તે રંડાયલીઓને પરણાવવા નીકલી પડો છ. બસ, રોજ ઘાંટાઘાંટ મચાવેછ, કે રાંડેલીઓને પરણાવી દો, બાળરાંડોને, મોટી રાંડોને પરણાવો, પરણાવો, પરણાવો!

હસુ : તે એ સાલાને મારવો જોઈએ પસુ. ધરમની વિરૂધ સાનો જાય સાલો!...અરે, પણ એની માસી છેસ્તો રાંડેલી, તેને કેમ નથી પરણાવતો? પરણાવી દેને!

પસુ : હા. ફક્ત પાંસેઠ વરસની જ છે બાપડી! કંઈ બહુ મોટી નથી! (ત્રણેનાં ખડખડાટ હાસ્યનો અવાજ.)

હસુ : પરણાવે તો નવો માસો આવી જાય ને એને. (બધા હસે છે)...પણ એને સાલાને સીધો કરવો જોઈએ. હોશિયારનો પૂછડો થઈ ગયો મોટો! ભગવાન ખોટા, રૂસીમુનિ ખોટા, ને એ ખરો? જે વાત લાઇવોછ તે! આપણે બધા મળીને એક દા'ડો એને કરીએ ખોખરો..

•

સૂત્રધાર : પાંચપાંચ વરસ દુર્ગારામવીરે સૂરતમાં ઓટલે ઓટલે ભાષણ કર્યા; પાંચપાંચ વરસ ફેફસાં કસ્યાં; પાંચપાંચ વરસ ગાળો ખાધી; પાંચપાંચ વરસ મારની ધમકી સાંભળી, ને સગાંવહાલાંનાં રિસામણાં વેઠયાં. ચોમેર વિરોધ જાગ્યો; પણ ઘેરઘેર ચર્ચા થતાં બાળવિધવાઓ પર અસર થવા લાગી. બૈરાંઓમાં ગણગણાટ ફડફડાટ થઈ ગયો. વિષય ખૂબ ચર્ચાએ ચઢયો. પરિણામે ડુંગરપુરી નાગરમાંની મથુરા નામની બાળવિધવા દુર્ગારામ સાથે પરણવા તૈયાર થઈ. મહેતાજીનાં સગાંઓએ તે અટકાવવા મહામહેનતે એક કુંવારી કન્યા દુર્ગા મહેતા માટે શોધી કાઢી...

•

જીવણરામગોર : પણ એ તમારો દુર્ગો મહેતો તો શાસ્તરની ને ધરમની ને દુનિયાની સામે પઇડોછ. બાકી કંઇ અમારા ખ્યાલમાં નહોતો સું? મારી અભલી માટે હું ખોળમાં જ છુંને. પથવર જેવો જ બીજવર; હોંશિયાર; ખાસ્સો કમાઉ, ને ઘરેબારે; દેખાવડો ને તંદુરસ્ત...

કેશવરામ : મકુંજે આખા ઈલાકામાં એનો પહેલો નંબર મહેતાઓમાં બધ્ધામાં આવેલો, તે એને સરકારે રૂપિયા તનસોનું ઇનામ પણ આપેલું ને, મકુંજે.

જીવણરામ : હા, બધ્ધી રીતે સારો; પણ એની આ સિગડાંબાજીથી તોબા પરમેસર! કોઈ દહાડો કોઈ એનો જાન લેસે.

રેવામાશી : ખરું જીવણરામભાઇ; પણ આ તમારી પાસે મોટીજેટી હું ચાલીને સામી આવીછ, ને આ કેશવભાઇ ડિંગમહેતા આઈવાછ, તે એ જ કારણથીને ભાઈ. એનું આ બધું ધાંધલ બંધ કરવાનો આ એક જ રસ્તો જઈડોછ ભાઈ, પેલી મથુરી છેને...

જીવણરામ : કઇ?

રેવામાશી : ડુંગરપુરી,—બાળરાંડ છે તે.

જીવણરામ : હાં, હા. ઓળખી...

રેવામાશી : તે તેની સાથે પણવાની વાત એ કરેછ, તે કોઈ બી રીતે અટકાવી દેવું છ. પાંચ પાંચ વરસથી બાપડો છડોછાંટ છે, ને નાતમાં કન્યાની અછત—મળે નહે, તે પછી આવા વેસ સૂઝે ને! તમારી અભેગવરીનું નક્કી કરી આપો એટલે સીધા રાહ પર આવી જાય.

કેશવરામ : મકુંજે, તદ્દન બરાબર. ધરમ બોળવા બેડોછ મકુંજે—

રેવામાશી : ને બધા સાથે બાખડી બાંધી છ, તેનો ઉપાય આ જ છે.

જીવણરામ : પણ તે તમારી ખાતરી છે કે એ ભાસણો કરતો બંધ થઈ જસે? રાહ પર આવી જસે? વિધવાલગનનું ડીંગલું ઉપાડી મોઢ બાંધીને નાકળી પઈડોછ, તે બંધ કરી ડાહ્યો થઈ જશે? કબૂલાત આપસો?

રેવામાશી : કબૂલ છે ભાઇ, કબૂલ છે.

જીવણરામની વહુનો સ્ત્રીઅવાજ : પણ તમારી કબૂલાત કેમ ચાલે, રેવાકાકી? અમારે તો મહેતાની પોતાની કબૂલાત જોઇએ. એને સમજાવો, ને ચાર માણસ હરુભરુ આ ધાંધલ બંધ કરવાનું કબૂલ કરે, તો અમારી દીકરી દઈએ વરી. પેલ્લાં એ વાતની ખાતરજમા કરો, પછી લગનનું નક્કી થાય.

રેવામાશી : પણ એનાં ભાસણ બંધ થઈ જાય તો લગન નક્કી? એટલું કબૂલ કરો. જીવણભાઈ જનોઇ હાથમાં ઝાલીને કહે.

જીવણરામની વહુ: અરે, હું કહું છ ને! આવો સારો જમાઇ અમને કાંથી મળે? એક આ કવણ ન હોય તો લાખ રૂપિયાનું માણસ છે. લો, હું મારે ગળે હાથ મૂકું છ.

રેવામાશી: જીવણભાઇ—

જીવણરામ: લો, જનોઇ ઝાલી મેં, શરતથી કબૂલ. મહેતા ધાંધલ બધ કરી દે આ રાંડેલીઓને પરણાવવાનું, તો અમારી દીકરી અભેગવરી એને દઇસું.

રેવામાશી: (ઉમંગમાં આવી) ને અમે એનું નામ જયા પાડીસું! બસ ત્યારે, અમે જઈસું.

જીવણરામનો, તેની સ્ત્રીનો એમ બિત્રણ અવાજ: એ... આવજો... આવજો કેશવભાઈ.

•

રેવામાશી: જો દીકરા, હવે માની જા. છોકરી સરસ છે. ગોરી, નાક-આંખે નમણી છે. તારો સંસાર સુખમાં જસે. તારું આ બધું ભાસણિયું ધાંધલ તો નાદાની છે...

દુર્ગારામ: પણ માશીબા—

રેવામાશી: (સહેજ કડક અવાજે) છેક દુનિયાની શરૂઆતથી રિવાજ ચાલે છ, ને ધરમમાં લઇખુ છ તે ખોટું, ને તું ખરો? (જરા નરમ અવાજ કરી) દીકરા, આપણને એવું બધું પોસાય ન્હે. તું પાંચ પાંચ વરસથી છાતી તોડે છ તેમાં સું વર્દ્યું? ઊલટું લોકો મને ટૂંપીખાયછ.

દુર્ગા૦: પણ માશીબા, ચોમેર બદ્ધે અનાચાર ચાલે છ ને શાસ્ત્રના ઊંધા અર્થ લોકો કરે છ, ને બાપડી વિધવાઓ ખૂણાખોંચરા શોધે છ ને પાપનાં પોટલાં બાંધે છ. મારાથી એ નથી જોવાતું, મા.

રેવામાશી: બધું સમજું છ હું, દીકરા. આપણા હિંદુના સંસારમાં કોણ જાણે સું છે તે દુઃખ. દુઃખ ને દુઃખ! પણ રોજ રાતે તને ઊંઘ નથી આવતી ને તરફડિયાં મારે છ ને ઊંઘમાં ઝબકી ઊઠે છ ને બબડે છ, તે આવી નાખડી ઉંમરમાં કંઇ એકલાં રહેવાય?

દુર્ગા મહેતા: પણ હું પેલી મથુરા સાથે પરણી જાઉં તો?

રેવામાશી: અરે દીકરા મારા, તો તો લોકો તને ને મને જીવવા નહિ દે! રસ્તે પથરા મારસે પથરા! ને ગાળો દેસે ને નાતબહાર મૂકસે તને નોકરીમાંથી કઢાવી મૂકસે કે આવો મહેતો અમારા છોકરાં ભણાવવા ન્હે જોઇએ. ઠરવા નહિ દે, દીકરા, ઠામ ઠરવા નહિ દે.

દુર્ગા૦: પણ તો પછી આવો સંસાર સુધરે ક્યારે? બીજા કોઈ દેશમાં કે લોકમાં આવું નથી. હિંદુમા ય બામણવાણિયા જેવી બિચાર નાત બાદ કરતાં બધાંને પૂરી છૂટ. ગોરીગભરુ છોકરીઓના નિસાસા કોઈ નથી લેતું. પારસી જુઓ, મુસલમાન જુઓ, ગોરા લોકો—

રેવામાશી: ભઇલા, એ બધું હું ન્હે સમજું; ફક્ત એટલી વાત જાણું દીકરા, કે આપણાં ઘડાં વડાં કરતાં આઈવાં તેમ કરવું. ચાલેચાલે ચાઈલા કરવું. નહિ તો આપણા લોક મૂવા જંપવા જ નહિ દેવાના. જોને, પેલા દીનાનાથે નાતમાં રાઈતાં નહિ ખવડાઈવાં તો તેના પર કેટલી પસ્તાળ પાડી! માટે કહું છ કે માંડી વાળ આ બધી ધમાધમ ને કહ્યું માની અભેગવરી સાથે પરણી જા બેટા.

દુર્ગારામ: પણ માશીબા, પાંચ પાંચ વરસથી ઓટલેઓટલે, ઘેરઘેર, શેરીશેરી હું ભાષણ કરું છ કે વિધવાઓને પરણવા દો, પાપનાં પોટલાં બધ કરો, નિસાસા લેવા છોડી દો. તેનું શું? તદ આગે હું જ ફરી જાઉં, તો પછી મોં શી રીતે બતાવું? હું તો મથુરા સાથે જ પરણી જવાનો.

રેવામાશી: એટલે પછી મારે તો કૂવોહવાડો જ કરવાનો! નહિ તો, એમ કર... મને અફીણ લાવી આપ! ઓ દીકરા... ઓ દુરગા મારા... (પોક મૂકી રડી ઊઠે છે) મને જીવતી મારી ના નાખ, મારા દીકરા! તને તારી માના સોગંદ; તને અંબામાના સોગંદ (રડારોળ કરે છે) તને ચદા કોઇના સોગંદ... ઓઓઓ... તને મારા... મારા સોગંદ... ઓ મારા દીકરા (રડે છે)

•

દુર્ગારામ: હું તો તદન ધર્મસંકટમાં આવી પઈડો છું. દાદોબા સાહેબ!

દાદોબા: મારા કાને આલી જ હોતી વાત.

દુર્ગારામ: મા કરતાં વિશેષ મારાં માશી. મને નાનેથી મોટો કીધો. તે વિધવા સાથે હું પરણું તો કાં જીભ કરડી મરે કે કૂવોતળાવ કરે. સુધારો કરવાની તક આવી, તારે હવે પાછા પડવાનું મારે? માશીએ તો જાતજાતના સોગંદ આઈપા છ. એક વિધવા—મારા મહોલ્લાની જ છે તે મારી સાથે પરણવા તયાર છે. પણ હું તો સૂડી વચ્ચેનું સોપારી બની ગયો છ. કંઈ સલાહ આપો.

દાદોબા: મને સમજેચ તમારી વાત બરાબર, દુર્ગાભાઇ. દુસરા બિત્રણ સુધ્દાં મલા સાંગુન-બોલી ગયા, કે તુમ્હારા મિત્રને બંદ કરા કે વિધવાશી પરણું નકા. હુલ્લડ હોઈલ મોઠા. બોલેલા કી મથુરાલા ગુમ કરુન દેવાના. નહિતો દુર્ગા મે'થાલા મારવાના આગ્રહીં. કોણીં મનસુખ આહે—તુમ્હારા મહોલ્લા મધી?

દુર્ગારામ: હા છે; સાલો બહુ દુષ્ટ છે. ખૂની જ કહોને! નર્યો ગુંડો!

દાદોબા: ત્યાચા નામ બોલતા હોતા. તેને હાત વર લીધા છે. ને મારવાના તુમ્હાલા. મે'થાજી, અજૂન જમાના પાકા બન્યા નથી. આપલે લોક બરાચ પછાત અજુન. કેવ્હાં સુધરતીલ, ઈશ્વર જાણે. માઝી સલ્લા નથી મે'થાજી. જાનના જોખમ છે. દડબિડ કેલા, ઠીક છે; નાત બહાર પણ ચાલેલ, સમજલા;—પાંચ વર્ષી પુન્હા લેણાર. ને નહિ લીધા તો-પણ હરકત નાહીં. પણ...

દુર્ગારામ: હું પણ મૂંઝાઈ ગયો છું, દાદોબાસાહેબ. આપ કહો તેમ કરું. મારું મગજ તો કામ કરતું જ નથી ભલા.

દાદોબા: તમારા વાત પરથી મને વાટે છ કે હા સુધારા કોણીં શ્રીમંતના હાતે જ થઈ શકેલ. જેની જવળ પૈશા, આણિ સત્તા, આણિ સાધન ભરપૂર અસે, તેવા ઇસમ કરેલ તર હોણાર. સગળા લોક પર ઉપકાર કેલા હોય, ને સગળા દબલેલા હોય તેવા ઈસમ ગૃહસ્થ નિઘાલા પુનર્લગ્ન કરાયા, તો તો કંઇ હોઇલ. ગુજરાથમાં ફાર જુલુમ છે ભાઇ. લહાની લહાની જ્ઞાત, પુષ્કળ ચ દાદાગીરી. મે'થાજી, તુમ્હીં ફાર કામ કેલા છે. વિચારપરિવર્તનના કામ કીધા. હવે પુઢેં જવાના બાકી રાહું ઘા. ભાવી બળવાન આહે—છે. માગેથી કોઇ વિરળા નિઘેલ.

દુર્ગા૦: પણ દાદોબા, મારો આત્મા મને કોરી ખાય છ ને જંપવા દેતો નથી. મારી હાંસી થશે, મને લોકો નામરદ કહેશે, છેલ્લી ઘડીએ ફસકી જનારો કહેશે, એ કેમ ખમાય? અને ભવિષ્યમાં લોકો શું કહેશે?

દાદોબા: મે'થાજી, આખર તો સગળાં પગલાં બહુ વિચારુન લેવા પડવાના. આજે તુમ્હીં લગન કેલા વિધવાશીં, ને દુસરા રોજ તુમારા ખૂન કોણીં કીધા, તો મગ પુન્હા કોઇ વિધવાલગન કરાયલા નિઘણારજ નાહી. મરદ બહાર પડલા તરી કોઈ બાયકો નાહીં તૈયાર હોણાર. પચવીસ-પચાસ વર્ષે પર્યંત કોણીં વિધવાવિવાહ શબ્દ બોલણાર નાહીં. આપલા હિન્દુ સમાજ ફાર હટ્ટી. સુધરાયલા પુષ્કળ વેળ લાગવાના. પંચવીસ વર્ષે પર્યંત તુમ્હાલા નિંદા કરણાર મે'થાજી. પણ માગેં કદર કરણાર. માવશી આત્મહત્યા કરો—તુમચા ખૂનબિન હોઉન ગેલા, મથુરાલા મારલી બિરલી—હે સગળ! રાહું ઘા, રાહું ઘા. હા વિચાર મલા સહન હોત નાહીં. તુમ્હીં જીવતા રાહીલા તર પણ તે લોક તુમ્હારા પુષ્કળ દુઃખ દેવાના. તર આપણા તે વિચાર બંદ જ રાખવા. અજુન તુમ્હીં કંઈ સુખ દેખ્યા નાહીં. સુખ ભોગવવાના હા કાળ છે. (વાંસો થાબડી) મે'થાજી વિધવાચા વિચાર બંદ કરા ને તુમ્હીં લગન

કરુન લા. ઈશ્વર કલ્યાણ કરો તુમચા, માઝા આશિષ—સુખી વ્હા.

•

[વહેલા મળસ્કાનો સમય;
પક્ષીઓના પ્રભાતી સ્વર.]

મથુરા : (બહુ આછે સાદે) કોણ, મહેતાજી?

દુર્ગારામ : (દબેલે સાદે) હા, મથુરા?

મથુરા : ચિઠ્ઠી મળી હતી મહેતાજી, મળસ્કે મળવાની. પણ મહેતાજી (રડમસ સાદે) ...મહેત.જી, હું તો ના કહેવા આવી છું તમને. શું કહું મહેતાજી! એ લોકો તમારું ખૂન કરવાની વાતો કરે છ. વડનગરાની નાતમાં નાતરું!! મને ઊંચકી જવાના છ! ખૂન બી કરી નાખે! ઓ મહેતાજી...ઓ મહેતાજી...હવે તો... હવે તો મારી હિંમતનથી ચાલતી (રડી પડે છે).

દુર્ગારામ : (ગળગળે સાદે) મથુરા, મથુરા... તને શું કહું? રેવામાશી પણ અફીણ ઘોળવાનું કહે છે. ફુવો હુડવાડો કરે. મારા ખૂનની વાત પણ સાંભળી. હું તો જાન જવાથી ડરતો નથી; પણ--

મથુરા : (રડતે સાદે) ના, ના. મહેતાજી. હવે એ વાત રહેવા જ દો. બળ્યો મારો અવતાર! હું અભાગણી તે અભાગણી જ રહેવાને સરજાયલી છઉં! મારા કપાળમાં સુખ જ નથી લખેલું. તે તમને પણ ક્યાં મારી સાથે કૂવામાં નાખું? મહેતાજી...તમે તમારે (રડતાં) પેલી ...પેલી...અભેગવરી...સાથે પરણીને સુખી થાવ. (રડતાં) બીજા વિચાર માંડી વાળો. બધાં ભાસણ બાસણ માંડી વાળો ને સુખી થાઓ...મહેતાજી...(રડે છે.)

દુર્ગા૦ : મથુરા! મથુરા! કેટકેટલાં સપનાં જોયલાં, આપણે! પણ...પણ...(ડૂસકું) પણ આ સમાજ (ડૂસકું) આ સમાજ...ઓ પ્રભુ (ડૂસકું) આ...હિન્દુઓ કદી નહિ સમજે... નહિ સમજે...નહિ સમજે (ડૂસકું...બંનેના રડવાનો ભેગો આછો સાદ).

મથુરા : (આછે અવાજે) જાઓ મહેતાજી, ઠંડા પડો ને ઘેર જાઓ.

દુર્ગારામ : હા મથુરા, હવે તો ઠંડા થવાનું જ રહ્યું. (આછું ડૂસકું) મન ઠંડું થઈ જશે, વિચાર ઠંડા થઇ જશે, આત્મા ઠંડો થઇ જશે ઓ પ્રભુ!

•

[શરણાઇનો અવાજ. મંગળ ગીતો]

શુક્લ-ગોર આદિનો અવાજ : સમય વર્તે સમય...સમય વર્તે સમય...અક્ષર પાંચનો સમય...સાવધાન...વરકન્યા સાવધાન... કાળીગાંઠી સાવધાન...કન્યાદાન દાતા સાવધાન...કન્યા પ્રતિગ્રહિતા સાવધાન...અક્ષર અડધાનો સમય.. ઉભયો વધૂવરયોઃ સાવધાન...કુલપુરોહિત સાવધાન...અક્ષર શૂન્યનો સમય...

[થાળીઓ ને ઢોલત્રાંસાં વાગે છે. મંગળ
ગીતોનો સાદ તેમાં ભળી જાય છે.]

જાંદયણીઓ (ગાય છે) :

ઢોલી ઢમકયા ને વરવહુના હાથ મળ્યા.
જેવા ઈશ્વર-પારવતીના હાથ મળ્યા,
તેવા જુઆ વર ને નવી વહુના હાથ મળ્યા;
જેવા બ્રહ્મા સાવિત્રીના હાથ મળ્યા,
તેવા દુર્ગારામ ને જયા વહુના હાથ મળ્યા.

બીજા પક્ષની જાદયણીઓ (ગાય છે):

તેવા દુર્ગાવર ને અભયાના હાથ મળ્યા.

[હોહો ને ધમાલના અવાજ;
હસાહસ ને હાહાઠીઠીના સાદ;
વાતોનો ગણગણાટ.]

એક આછો સાદ : મહેતલો આવી ગયો ને ઠેકાણે. આખરે!

બીજો સાદ : નીકળી પઇડા'તા ભૂદેવ નાતરું કરવા! તન દમડીનું ભાન ન્હે. આ તો હિંદુલોક છે. રૂસીમુનિના કાયદા એમ નહિ તોડવા દે.

બે ત્રણ ભેળા અવાજ : હા, હા. ન્હે જ તોડવા દે. (ચરૈયા પાડતાં) વિધવા પણવી'તી! જો વાત લાઈવા છ! કરી દીધોને સિદ્ધો દોર!

એક સાદ : ગરબડ કરી હોત ને, તો એનાં હાડકાં પાંસળાં બરાબર ખોખરાં કરી આપત, હા વળી! હા-હા-હા. (ખડખડાટ હાસ્યનો અવાજ; તે શમતાં શરણાઇનો અવાજ.)

•

દાદોબા : મે'થાજી, ઘરીં છો કીં?

દુર્ગારામ : આવો આવો, દાદોબા સાહેબ. આમ કેં ખરે બપોરે? ઓહો, દિનમણિશંકર ને દામોદરદાસ પણ છેને? વાહ, વાહ, દલપતરામ, તમે પણ આવ્યા? આવો. બેસો, બહુ આનંદ થયો...લ્યો પાણીબાણી પીઓ.

દાદોબા : મલા તહાન નથી, પ્યા તુમ્હીં સગળા. મીં મળી આત્ચા કલેક્ટરલા. તો ના જ કહેતો. રજાબીજા છાપખાનાં કાઢણ્યાચી નહિ દેવાના તે. મીં કહ્યા : આમ્હીં લોક ઉત્તમ વિચાર પ્રસારવા મંડળી કાઢલી, અન્ ઉત્તમ ઉત્તમ પુસ્તક છાપણાર. નફાબિફા કાહીં ઘેવાના નાહીં. સન અઠરાશે પસ્તીસના કાયદા આહે. છાપખાના કરવાના સૂટ ગવનર જનરલ સ હેબાનીં આપ્યા છે. તર રજા દ્યા. પણ ના જ કહ્યા. બોલલા કીં નહિ દેનાર રજાબીજા!

દામોદરદાસ : પણ કાયદામાં રજા છે, પછી વાંધો શાનો? રજા લેવાનું જ કાયદામાં લખેલું નથીને!

દુર્ગારામ : હા, તેમાં તો અમે છાપખાનું કાંઈદું છ. કાયદામાં તો ફક્ત અમારાં નામ ફલાણાંઢીકણાં છે એટલું જાહેર કરવાનું જ છે.

દાદોબા : તરી ના જ બોલલા. મગ આપણ અસે કરું, કીં શહર બહાર જ છાપખાના કાઢવાના—કતારગામ દરવાજાની બાહેર કાઢવા. સરકાર વાંધા લે તર જોઈ લેવાના.

દિનમણિશંકર : પણ કંઈ તોફાન થાય તો?

દુર્ગારામ : અરે તોફાન તે શું થવાનું છ દિનમણિશંકર? બહુ તો ના કહેશે, કેનહિ કાઢો. તો પાછું વેચી દઈશું. ને એમ કરતાં કંઈ નહિ બોલે, તો આપણું નવા વિચાર ફેલાવવાનું કામ ચાલુ થઈ જશે. કેમ, દામેદરદાસ?

દામોદરદાસ : કદાચ બસો ત્રણસો રૂપિયાનું નુકસાન થાય તો થાય.

દાદોબા : દુર્ગારામ મે'થાજી કહેતાત તી મને ખરા વાટેછ. નુકસાન આમ્હીં સગળા વેઠી લેવાના. મીં ચવથા ભાગ ખુશીથી દેવાના.

દિનમણિ૦ દામોદર૦ દલપતરામ : અમે પણ ભાગ તો આપીશું. ભલે થોડી ખોટ જાય. નવા, સ્વતંત્ર વિચારો ફેલાવવા જ જોઇએ.

દુર્ગારામ : બસ ત્યારે, મૂકો સેશન જડજના નામ પર પૂળો. હવે દામુભાઈ, તમે મુંબાઈ જઇને છાપખાનું વો'રી આવો. કા'રે જશો?

દામોદર : અરે, કાલે જ; શુભં ચ શીઘ્રમ્.

દાદોબા : ધન્ય છે તુમ્હાલા, દામોદરભાઇ!

•

સૂત્ર૦ : હવે દુર્ગારામની રોજનીશી સાંભળો:

દુર્ગારામનો [અ]વાજ : આ નીચે લખેલા વિષયનો આરંભ આજ સંવત ૧૮૯૯ના પોસ વદી બારસ, વાર શુક્રે, તારીખ ૨૭મી જાન્યુઆરી, સન ૧૮૪૩ના દિવસેથી હું (એટલે દુર્ગારામ મંછારામ) કરવા માંડું છોં, અને આરંભ સમયે ભગવાનની હું પ્રાર્થના કરૂં છોં, કે તે મને સાહ્ય થાય.

આજ સુધી ઘણીએક વાર મારા મનમાં આવતું હતું કે જે અર્થે આ જગતમાં મારો ઉદ્યોગ જારી છે, અને જે જે વિચાર મારા મનમાં ઊઠેલા છે તથા ઊઠે છે ને ઊઠશે, તે સર્વ લખી રાખવા જોઇએ. જો એમ નહિ કરું તો આગળ જે સૃષ્ટિમાં લોકો થશે તેને કાંઈ મારા વિચારથી ફળ થશે નહિ, તથા હવડાંના કાળની બિનાને તે જાણશે નહિ. એ હેતુ જાણીને, પરોપકારાર્થ જે કાંઈ થાય તે સર્વ લખી રાખવું જોઇએ; પણ વિચાર આળસથી બંધ રહ્યો હતો. પણ હવે આજથી જારી કીધો છે.

હવડાં મનમાં એ મોટો વિચાર છે, કે સર્વ લોકોના મનમાં પોતપોતાને વિષે જાતિનું અભિમાન ઘણું રહ્યું છે, તેને તોડી નાખવું. વટળવું એ વિચાર કેવળ મૂર્ખત્વ છે; એમાં કંઈ સંદેહ

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૭ ઉપર)

હાફકીન ઈન્સ્ટીટ્યૂટ
અને તેના સ્થાપક

સેવાના ક્ષેત્રને કોઈ સીમાડા નથી. જેને સાચા અર્થમાં સેવા કરવી છે તેને દેશદેશ વચ્ચેની સરહદો રોકી શકતી નથી. તેના હૃદયમાં છલકાય છે, ફક્ત કરુણા, દયા અને પ્રેમ. આવી જ એક વિરલ વ્યક્તિ, ડૉ. વાલ્ડેમર મોર્ડેકાઇ હાફકીન. હાફકીન ઈન્સ્ટીટ્યૂટના એ સર્જકને, ગયા જાન્યુઆરીની દસમી તારીખે એ ઇન્સ્ટીટ્યૂટના હીરક-મહોત્સવ વખતે ભાવભીની અંજલિઓ અર્પઈ છે.

મહોત્સવની ઉજવણી માટે આ દિવસની પસંદગી કરવામાં આવી તેનો પણ એક ઇતિહાસ છે. આ પુણ્યતિથિએ માનવમાત્રની પરમ સેવા કરતી એ સંસ્થાના સર્જનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ઈ. સ. ૧૮૯૬ની સાલ હતી. મુંબઈ શહેર પર બ્યુબૉનિક પ્લેગ-(ગાંઠને કારણે થતા પ્લેગ)નું સખત આક્રમણ થઈ રહ્યું હતું. દરરોજ હજારોની સંખ્યામાં લોકો માખીઓ પેરે મરતા હતા. પરિસ્થિતિ ગંભીર બની ગઈ હતી. તે વખતની હિંદી સરકારે કલકત્તા ખાતે કાર્ય કરી રહેલા ડૉ. વાલ્ડેમર હાફકીનને પ્લેગ વિરોધી રસી બનાવવાનું કાર્ય હાથમાં લેવાની વિનંતી કરી.

એ વાલ્ડેમર હાફકીનનો જન્મ ઈ. ૧૮૬૦ માર્ચની ૧૬મીએ રશિયાના એક અગ્રગણ્ય શહેર ઓડેસામાં થયો હતો. ઓડેસા તે વખતે ધીકતો વેપાર ચલાવતું બંદર હતું. કસરતશાળામાં ચાલતી એક શાળામાં પ્રાથમિક કેળવણી પૂરી કરી. ઈ. ૧૮૮૪માં તે ઓડેસા વિશ્વવિદ્યાલયના વિજ્ઞાનવિભાગના સ્નાતક બન્યા. ત્યાર પછીના ચાર વર્ષ તેમણે પોતાના શહેરના સંગ્રહસ્થાનના પ્રાણીશાસ્ત્રના વિભાગમાં કાર્ય કર્યું અને પછી ૨૮ વર્ષની નાની વયે તેમની નિમણૂક સ્વિટ્ઝર્લૅંડના જીનિવા વિશ્વવિદ્યાલયમાં જીવનશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક તરીકે થઈ.

થોડાં વર્ષ બાદ તેમની અભ્યાસનિષ્ઠાથી આકર્ષાઇને કિટાણુશાસ્ત્રના જનક, પ્રખ્યાત ફ્રૅંચ વિજ્ઞાનશાસ્ત્રી લૂઈ પાસ્તરે એમને પોતાની સાથે સંશોધનમાં જોડાવા આમંત્રણ આપ્યું. આથી પારીસ પહોંચીને તેઓ રૂસી વૈજ્ઞાનિક મેચનીકૉફની પ્રયોગશાળામાં જોડાઈ ગયા. મેચનીકૉફે, રોગો સામે શરીર શી રીતે રક્ષણ પ્રતિકારશક્તિ મેળવે છે એ વિષયમાં અનેક સંશોધનો કર્યાં છે ને એ સંશોધનોને આધારે 'શરીર રક્ષણ વિજ્ઞાન' (ઈમ્યુનૉલૉજી) આજે આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું છે.



ડૉ. વાલ્ડેમર મોર્ડેકાઈ હાફકીન

હાફકીન પારીસમાં હતા તે વખતે તેમની મુલાકાત ફ્રાંસમાંના બ્રિટિશ એલચી લૉર્ડ ડફરીન સાથે થઇ. લૉર્ડ ડફરીને હાફકીનને, તેમણે તૈયાર કરેલી કૉલેરા વિરોધી રસીનો પ્રયોગ ભારતમાં કરવા માટે વિનંતી કરી, જેને માટે ઈ. ૧૮૯૩ના માર્ચમાં હાફકીન કલકત્તા આવ્યા.

એક વર્ષના ટૂંકા ગાળામાં હાફકીનની કૉલેરા વિરોધી રસી લોકપ્રિય બની ગઇ. લગભગ ૨૫,૦૦૦ માણસોએ એનો લાભ લીધો. એના પરિણામ રૂપ તેમણે બનાવેલી એ રસીને સમગ્ર વિશ્વમાં સ્વીકૃતિ મળી, ને પારીસના વિશ્વવિદ્યાલયે તેમને ડી.એસસી.ની ઉપાધિ આપી. આ ઉપરાંત બીજાં પણ અનેક પ્રકારનાં માન તેમને મળ્યાં.

ત્રણ વર્ષ બાદ મુંબઈમાં બ્યૂબોનિક પ્લેગનું આક્રમણ થયું. અને હિંદી સરકારની વિનંતીને માન આપીને ડૉ. હાફકીન ઈ.સ. ૧૮૬૬ની ૭ ઑક્ટોબરે મુંબઈ આવી પહોંચ્યા. તેમણે મશહૂર ગ્રાંટ મેડિકલ







સંસ્થાના હાલના ડિરેક્ટર ડૉ. એચ. આઈ. ઝાલા
બાજુમાં સલ્ફાઔષધિઓ બનાવવાનું ખાતું.

કૉલેજની પીટીટ પ્રયોગશાળામાં પોતાનું કાર્ય શરૂ કર્યું. માત્ર એક ઓરડાની એ પ્રયોગશાળામાં રાતદિવસ મહેનત કરી હાફકીને શોધી કાઢયુ કે પ્લેગની ગાંઠમાં જ જંતુઓ હોય છે. દાક્તરી આલમમાં આ શોધ મહાન શોધોમાંની એક ગણાય છે. રાતદિવસની કાળી મહેનત બાદ હાફકીને પ્લેગવિરોધી રસી તૈયાર કરી, ને ઈ. ૧૮૯૭ની ૧૦મી જાન્યુઆરીએ પોતાની એ પ્લેગવિરોધી રસીનો સૌથી પ્રથમ પ્રયોગ તેમણે પોતાના પર કર્યો. લોકોમાં વિશ્વાસ પેદા કરવા માટે જ આ પગલું તેઓએ ભર્યું એનું પરિણામ ઘણું જ સારું આવ્યું. મુંબઇમાં પ્લેગના ફેલાવા દરમ્યાન લગભગ ૮,૧૪૨ માણસોને 'ટીકા' લગાવવામાં આવ્યા અને એમાંથી ફક્ત ૧૮ જણા જ રોગના પંજામાં ફસાયા.

રસીની સફળતાથી પ્રેરાઈને સરકારે તેનું ઉત્પાદન વધારવાનો વિચાર કર્યો; પરંતુ એને માટે મોટી જગ્યાની જરૂર હતી. એક પછી એક જગ્યાઓ બદલતી ડૉ. હાફકીનની પ્રયોગશાળા વિસ્તૃત થઈ રહી હતી. આખરે ૭મી માર્ચ ૧૮૯૯માં ડૉ. હાફકીને મુંબઈ સરકારને એક પત્ર લખીને પોતાની પ્રયોગશાળા માટે પરેલ ખાતે આવેલા સરકારી ભવનમાં જગ્યા આપવાની વિનંતી કરી. અને ઈ.સ. ૧૮૯૯ની ૧૦મી ઑગસ્ટે વિધિસરરીતે 'પ્લેગ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ' અસ્તિત્વમાં આવ્યું. ડૉ. હાફકીનને એના પ્રથમ 'ડિરેક્ટર-ઈન-ચીફ' બનાવવામાં આવ્યા.

પ્લેગના પંજામાંથી લોકોને બચાવનાર એ નિઃસ્વાર્થી વિજ્ઞાનશાસ્ત્રીના જીવનમાં એક કરુણ બનાવ બન્યો. ઈ.સ. ૧૯૦૨માં માલ્કોવાલ-પંજાબ-ખાતે પ્લેગ ફાટી નીકળ્યો. તરત જ ડૉ. હાફકીનની પ્લેગવિરોધી રસીનો ઉપયોગ કરવામાં આવ્યો. પરંતુ પ્લેગની રસીના 'ટીકા' લગાવડાવનારાઓમાંથી ૧૯ માણસો ધનુર્વાથી મૃત્યુ પામ્યાં. સમગ્ર દેશમાં રસી સામે વિરોધનો સૂર સંભળાવા લાગ્યો જેને પરિણામે હિંદી સરકારને ઉપર્યુક્ત કરુણ બનાવની તપાસ કરવા માટે એક કમિશનની નિમણૂક કરવી પડી. કમિશન તપાસને અંતે એવા નિર્ણય પર આવ્યું કે પ્લેગની રસીમાં જ ધનુર્વાનાં જંતુઓ હતાં. ડૉ. હાફકીને એની સામે વિરોધ ઉઠાવ્યો; પરંતુ ઢોલનગારાના ઘોંઘાટમાં તેમની પિપૂડીનો અવાજ કોઇએ સાંભળ્યો નહિ. ડૉ. હાફકીનને તેમના હોદ્દા પરથી છૂટા કરવામાં આવ્યા. તેઓ ફરી યુરોપ ચાલ્યા ગયા, અને ત્યાનાં અનેક વિજ્ઞાનશાસ્ત્રીઓને મળીને તેમણે પ્લેગવિરોધી રસીની નિર્દોષતા સાબિત કરી આપી.

કાળની કોથળીમાંથી બીજાં પાંચ વર્ષ સરી ગયાં. આખરે પિપૂડીનો અવાજ સાચો ઠર્યો. છેવટે સત્ય બહાર આવ્યું કે માલ્કોવાલ ખાતે બનેલા બનાવ માટે હાફકીનને નાહક બદનામ કરવામાં આવ્યા હતા. ત્યાનાં મેડિકલ ઑફિસરે રસીની બાટલી ખુલ્લી રાખી હતી ને તેને પરિણામે તેમાં ધનુર્વાનાં જંતુઓ પેસી ગયાં હતાં. ડૉ. હાફકીનને તેમની સફળતા બદલ સૌએ અભિનંદન આપ્યાં. હિંદી સરકારે તેમને C.I.E.નો ખિતાબ આપ્યો ને કલકત્તાની બાયૉલૉજિકલ લૅબોરેટરીના ડિરેક્ટર ઇન-ચીફનો હોદ્દો સ્વીકારવાની વિનંતી કરી. એ ભલા આદમીએ એનો સ્વીકાર કર્યો ને ઈ. ૧૯૧૪ સુધી તેઓ એ હોદ્દા પર રહ્યા.

ડૉ. હાફકીને ઊભી કરેલી સંસ્થા 'પ્લેગ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ'ને ઈ.સ. ૧૯૨૫ની સાલમાં મુંબઇ સરકારે 'હાફકીન ઇન્સ્ટીટ્યૂટ' નામ આપી વિશાળ પાયા પર મૂકયું અને એક મહાન વૈજ્ઞાનિકની કદર કરવાનો નમ્ર પ્રયત્ન કર્યો.

એ પછી તો એ હાફકીન ઇન્સ્ટીટ્યૂટે આજ સુધીમાં હેરતભર્યો વિકાસ સાધ્યો છે. ૧૮૯૯ની સાલમાં શરૂ થયેલી એ સંસ્થા આજે ૬૦ વર્ષની વયે પહોંચી છે આટલો લાંબો ગાળો કોઈ પણ સંસ્થા માટે ગૌરવરૂપ છે; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે બહુ જ ઓછા લોકો આજે એ હાફકીન ઇન્સ્ટીટ્યૂટનું નામ જાણે છે, કારણ કે તેનું કાર્ય મૂગું શાંતિભર્યું છે. આ સંસ્થા વિવિધ પ્રકારે લોકોની સેવા કરે છે, પરંતુ નથી કોઇ જાતની ધાંધલ કરતી કે નથી તેને કોઈ જાતની ખુમારી. તેનાં હીરક મહોત્સવે જ લોકોનું તેના પ્રત્યે ધ્યાન ખેંચ્યું છે, એમ કહીએ તો અતિશયોક્તિ નહિ લેખાય.

સેવા કરવાના તેના પ્રકાર કેટલા છે તે આપણે જોઇએ. સૌ પ્રથમ તો ડૉ. હાફકીને સ્થાપેલો, આ સંસ્થાનો, રસી વિભાગ આજે પણ અવિરતપણે કાર્ય કરી રહ્યો છે, અને એને પ્રગતિને પંથે પહોંચાડનાર છે સંસ્થાનાં ભૂતપૂર્વ ડિરેક્ટરો બૅનાર્મેન, લીસન, ટેલર, સોખે, વાગલે અને સોમન. આ દરેક જણે પોતાના આગવા વ્યક્તિત્વથી સંસ્થાને સદ્ધર બનાવી છે. આ સંસ્થાની ઝુંબેશને પરિણામે જ આજે ભારતના વિવિધ ભાગોમાંથી પ્લેગ તથા કૉલેરા જેવી મહામારીઓને નાબૂદ કરી શકાઈ છે. આ ઉપરાંત તેણે બનાવેલી હડકવાવિરોધી રસી પણ ખૂબજ ઉપયોગી નીવડી છે. હડકવાને માટે, કીટાણુઓથી પણ સૂક્ષ્મ એવા જંતુઓ (વીરસ) જવાબદાર છે. આ પ્રશ્ન પર હમેશાં સંશોધન ચાલુ જ હોય છે. સંશોધન એ તો વિજ્ઞાનની પ્રગતિનું સોપાન છે.

વળી, સંસ્થા સાપના ઝેરની વિરૂદ્ધ કાર્ય કરતું રસાયણ (ઍન્ટી વેનમ) પણ બનાવે છે. આને માટે સંસ્થા કોબ્રા ચીતલા વગેરે સાપોને ઉછેરે છે અને તેમનું ઝેર એકઠું કરે છે. પછી એ ઝેર ઘોડાનાં લોહીમાં દાખલ કરવામાં આવે છે અને ક્રમેક્રમે તેની માત્રા વધારવામાં આવે છે. જેને લીધે ઘોડાનાં લોહીમાં સાપના ઝેરવિરોધી તત્ત્વો તૈયાર થાય છે. આ તત્ત્વોને લોહીમાંથી છૂટાપાડીને બાટલીઓમાં ભરી દેશને ખૂણેખૂણે મોકલી આપવામાં આવે છે. શરૂઆતમાં હરેક પ્રકારના સાપ માટે અલગ અલગ રસી બનાવવામાં આવતી હતી; પરંતુ હવે એક જ પ્રકારની રસી દરેક સર્પદંશ વખતે કામ લાગે એવું કર્યું છે. જોકે હજી ભારતમાં સર્પદંશથી થતાં મૃત્યુ બંધ નથી થયાં અને જ્યાં સુધી દેશમાં એક પણ મનુષ્ય સાપના ઝેરથી મરતો હશે ત્યાં સુધી સંસ્થાનું કાર્ય અધુરું ગણાશે.

બીજા પણ અનેક વિભાગો છેઃ ક્લીનિકલ પૅથૉલૉજી, દવાઓ બનાવતી ફાર્મોકૉલૉજી, ઍન્ટૉમૉલૉજી, કેમોથીરપી, બાયોકેમિસ્ટ્રી,

માંદગીનાં મૂળ ૫૦મો હપતો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મેનિન્જાઈટિસ

આપણા શરીરની અંદરની સ્થિતિથી અને દુનિયાના વાતાવરણથી આપણને જ્ઞાનવાન અને માહિતગાર રાખનાર જ્ઞાનતંત્ર છે. જ્ઞાનતંત્રમાં મગજ અને કરોડરજ્જુનો સમાવેશ થાય છે. કરોડરજ્જુ એ મગજનો લંબાએલો છેડો છે અને એમાંથી નીકળેલા જ્ઞાનતંતુઓ આખા શરીરમાં સર્વત્ર પથરાએલા છે. મગજ અને કરોડરજ્જુ ઘણાં ઉપયોગી અવયવો હોઇ એમને બબ્બે આવરણોમાં લપેટી ખોપરી અને કરોડમાં ગોઠવ્યાં છે. મગજ અને કરોડરજ્જુ ઉપરનાં આવરણો મેનિન્જીઝ (Meninges) કહેવાય છે. આ મેનિન્જીઝનો સોજો એ મેનિન્જાઇટિસ છે.

મેનિન્જીઝને સોજો આવવાનાં કેટલાંક કારણો છે. એક તો ઘાને લીધે આવરણો ખુલ્લાં પડતાં બહારના પદાર્થની ભેળસેળથી તેમાં સોજો આવે છે. બીજું, દાંત, પિત્તાશય, ગળાના ચોળીઆ, એપેન્ડિક્સ અને ખોપરીનાં પોલાણો વગેરે ઈન્ફેક્ટીવ ફોકાઇ નામે ઓળખાતાં સ્થાનોમાં કાયમી વસતાં વિવિધ રોગજીવાણુઓના લીધે મેનિન્જાઇટિસ થઇ આવે છે. ત્રીજું, લોહીમાં ફરતા મેનિન્ગોકોકસ રોગજીવાણુઓના મેનિન્જીઝના ચેપને લીધે આ રોગ મુખ્યત્વે થાય છે. ક્ષય ન્યૂમોનિયા ને સિફિલિસના જીવાણુઓ પણ આ રોગના કારણરૂપ થઈ પડે છે.

ગમે તે કારણને લીધે થતા મેનિન્જાઇટિસનાં ચિહ્નો આ પ્રમાણે છે. સૌ પ્રથમ અને આગળપડતું ચિહ્ન શિરોવેદના છે. આ શિરોવેદના આખા માથામાં કે માથાના અમુક ભાગમાં અને તે સાધારણ નહિ પણ અતિશય હોય છે. ઊલટી તાવ અને અક્કડ ડોક આ બધાં ચિહ્નો એકદમ થઇ આવે છે. આ પછી રોગી લવારી ઉપર ચડે છે. એનાથી પ્રકાશ જોયો જતો નથી. માથું નીચું નમાવતાં કે ફેરવતાં અતિશય વેદના થાય છે. ચીડિયાપણું અને ઘેન આવી પડે છે. કરોડ અંદરથી વળી માથું પાછું ફેંકાય છે. રોગી ખરેખર પુષ્કળ માંદો દેખાય છે. રોગ વધતાં રોગી કામચલાઉ કે કાયમી આંધળો કે બહેરો ને બુદ્ધિમંદ બને છે.

શરીરમાં બીજા કોઈ અવયવના ક્ષયના કારણે–ટ્યુબરક્યુલસ મેનિન્જાઇટિસ થાય છે. બાળકોમાં એ સવિશેષ હોય છે. ચિહ્નોમાં માથાના પોચા ભાગ ફૂપસેલા હોય છે. શિરોવેદના આગળ પડતું ચિહ્ન હોય છે. છ ફૂટ દૂર જઈને પડે એવી જોસભેર ઊલટી થાય છે. બેભાનાવસ્થા ધ્યાન દોરનારું લક્ષણ થઈ પડે છે.

બધા પ્રકારના મેનિન્જાઈટિસ અતિશય ભયાનક છે. ગઈ કાલ સુધી તે જાન માટે જોખમકારક હતા. ક્ષયના કારણે થતો રોગ તો હજુ પણ છે. મેનિન્ગોકોકસ જીવાણુઓને લીધે થતો રોગ ચેપી છે. એને સેરિબ્રો-સ્પાઈનલ ફિવર પણ કહેવાય છે. એના રોગચાળા થઇ આવે છે, ખાસ કરીને લશ્કરી વસાહતોમાં. માણસોનાં નાક અને ગળામાં રોગજીવાણુઓ હોવા છતાં તે રોગથી પીડાયા વગર રોગનો ફેલાવો કરે છે. આમને વાહક (કેરિયર) કહેવામાં આવે છે. તેમનાં ઉચ્છ્વાસ અને છીંક વાટે બહાર પડેલા જીવાણુઓ બીજાઓના શ્વાસમાં જતાં રોગ થઇ આવે છે. મોટાં કરતાં બાળકોમાં આ રોગ વધારે થાય છે. શિયાળાની ઠંડકમાં એના રોગચાળા ફાટી નીકળે છે.

રોગના નિદાન માટે રોગીની કરોડમાં સોય ભોંકી કરોડરજ્જુને વીંટળાયેલું 'સેરિબ્રોસ્પાઈનલ ફ્લ્યુઈડ' (પ્રવાહી) ખેંચવામાં આવે છે. આ ક્રિયાને "લમ્બર પંક્ચર" કહેવામાં આવે છે. લમ્બર પંક્ચર વિના પણ રોગનાં ચિહ્નો ઉપરથી રોગ પારખી શકાય છે. ગઈકાલ સુધી આ રોગ માટે અકસીર દવા ન હતી, પણ આજે સલ્ફા ઔષધિઓ અને એન્ટિબાયોટિક દવાઓની શોધ બાદ રોગ ઉપર માનવીએ વિજય મેળવ્યો છે. સલ્ફાડાયેઝિન ગોળીઓ ને ઇન્જેક્શન અને પેનિસિલિન ઈન્જેક્શનો રોગ માટે અકસીર છે. ક્ષય મેનિન્જાઇટિસ માટે સ્ટ્રેપ્ટોમાયસિન સફળ ઔષધ છે. રોગને લીધે થયેલો મગજનો બગાડો અસાધ્ય છે. માટે રોગ થતામાં જ સારવાર લેવી હિતાવહ છે.

ગઈકાલ સુધી સંહારક ગણાતા ઘણા રોગો ઉપર વૈદક વિજ્ઞાને અજબ વિજય મેળવ્યો છે. ચેપી રોગોને નાબૂદ કરવામાં વૈદક વિજ્ઞાનની અજબ સિદ્ધિ છે. ચેપી રોગો માનવોના મોટા સંહારક હતા. એમના રોગચાળા વખતે આવી પડતાં રિબામણી દુઃખ ભય અને મરણનો ત્રાસ આપણને થથરાવી મૂકે એવાં હતાં. હવે પેનિસિલિન, ટેરામાયસિન અને સાયનરમાયસિન જેવાં એન્ટિબાયોટિક ઔષધો વડે માનવોના જીવ બચાવી શકાય છે.

ઍન્ટી વૅક્સીન, વીરસ ડિઝીઝીઝ અને બ્લડબૅંક ઉપરાંત સમૃદ્ધ લાયબ્રેરી પણ છે. પ્રયોગો કરવા માટે તથા રસી કાઢવા માટે સર્પો, ઉંદર, ગિની પિગ, ઘોડા આદિનાં અનેક પ્રાણીઘર ત્યાં છે. પરદેશમાં થતા પીળા તાવ વિષે સંશોધન કરીને તેની વિરુદ્ધની રસી પણ અહીં તૈયાર કરવામાં આવી છે. તાજેતરમાં શોધવામાં આવેલી 'ફ્લુ' વિરોધી રસી એ તો તેની પરમ સિદ્ધિ છે.

આ ઉપરાંત સંસ્થા દેશપરદેશમાં બનતી અનેક દવાઓનું પૃથક્કરણ કરીને તેમનું વર્ગીકરણ કરે છે, તેમજ નવી દવાઓ બનાવવાની રીતો પણ શોધી કાઢે છે. સંસ્થાની 'બ્લડબૅંક' તો અણીને સમયે દર્દીઓને જોઇતા લોહીના નમૂના મેળવી આપવા માટે રાતદિવસ તૈયાર રહે છે.

અવિરતપણે માનવતાનું કાર્ય બજાવતી આ સંસ્થાના હાલના ડિરેક્ટર છે એક ગુજરાતી–ડૉ. એચ. આઈ. ઝાલા. જાણીતા વિજ્ઞાનશાસ્ત્રીઓની હરોળમાં બેસી શકે એવા પૅથૉલોજી અને બેક્ટેરીઓલૉજીના તેઓ નિષ્ણાત છે. સંસ્થાના હીરક મહોત્સવ પ્રસંગે 'ટાઈમ્સ ઑવ ઈન્ડીઆ'એ તેમને માટે લખ્યું હતું: 'હાફકીન ઈન્સ્ટીટ્યૂટના આ હીરક મહોત્સવ પ્રસંગે બે વાત યાદ રાખવા જેવી છે: એક તો એ કે ડૉ. ઝાલાએ જ્યારે ડિરેક્ટર તરીકેનો હોદ્દો સંભાળ્યો ત્યારે તેમની ઉમર ડૉ. હાફકીન જેટલી જ–૩૯ વર્ષની હતી; અને બીજી એ કે તેમના પૂરા નામના પહેલા બે અક્ષરો H. I, હાફકીન ઈન્સ્ટીટ્યૂટના પ્રથમાક્ષરો સાથે એક થઈ જાય છે.' આ ઉપરાંત 'ટાઈમ્સે' તેમને 'ડૉક્ટર ઈન ધ સ્નેક હાઉસ'નું હુલામણું નામ આપ્યું હતું.

સંસ્થાનો ઇતિહાસ એ તેના સર્જકનો ઇતિહાસ છે. સંસ્થા જેટલા જ નમ્ર તેના સર્જક ડૉ. વાલ્ડેમર તરફ હવે આપણે વળીએ. ડૉ. હાફકીન ઈ. સ. ૧૯૧૪માં કલકત્તા ખાતેના પોતાના હોદ્દા પરથી નિવૃત્ત થયા અને ૧૬ વર્ષ બાદ ઈ. સ. ૧૯૩૦ના ઑક્ટોબરની ૨૬મીએ સિત્તેર વર્ષની વયે એ દયાળુ વૈજ્ઞાનિક આ પાર્થિવ જગત છોડી ગયા.

ડૉ. હાફકીન માત્ર મહાન વૈજ્ઞાનિક જ નહિ, પરંતુ મહાન માનવ પણ હતા. ન હોત તો તેઓ માલ્કોવાલના બનાવનો આઘાત શી રીતે સહન કરી શકત? વિશ્વમાં આવી વિભૂતિઓ ક્વચિત જ આવે છે, અને તેમાં યે 'વિજ્ઞાન–માનવજાતની સેવા માટે' એ મુદ્રાલેખને પોતાનું જીવનધ્યેય બનાવીને પોતાની સમગ્ર જિંદગી ખર્ચી નાખનારા તો કોઈક વિરલ જ હોય છે.

—ગિરીશ દેસાઈ



વ્યવહારુ શિક્ષણ માટે અપાતી એક અનોખી શિષ્યવૃત્તિ

ભણીગણીને સ્નાતક થતા આપણા યુવાનોને વ્યવહારુ જીવનમાં પ્રવેશ કરતાં શાળા-કૉલેજના સ્વર્ગમાંથી જાણે નરકમાં ફેંકાઈ ગયા જેવો અનુભવ થતો હોય તો નવાઈ નહિ. આમ થવાનું કારણ એ હોય છે કે તેમને માત્ર પુસ્તકિયા જ્ઞાન જ અપાયું હોય છે. સફળતાથી જીવન જીવવા માટે જરૂરી સાહસવૃત્તિ, વ્યવહારુપણું ને સહનશક્તિ કેળવવાનું શિક્ષણ તેમણે મેળવ્યું હોતું નથી. ફ્રાન્સમાં શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ જીવનની વાસ્તવિકતાનું સાચું દર્શન કરી વ્યવહારુ શિક્ષણ મેળવે એ હેતુથી ફ્રાન્સના એક અનુભવી ધનપતિએ શરૂ કરેલી અનોખી શિષ્યવૃત્તિની પ્રથાનું અન્ય દેશો અનુકરણ કરી રહ્યા છે. 'અરધો મળતો હોય તો આખા રોટલા માટે ન દોડવું' એવી શિખામણ આપતાં ગુજરાતી માબાપોએ પોતાનાં સંતાનો જેટલાં વહાલાં હોય છે તેટલાં જ કોઈની સહાય વગર પોતાના કાંડાના જોર પર પરદેશ ખેડતા યુવાનો તેમના માબાપને વહાલા હોય છે, એ ભૂલવા જેવું નથી. ગુજરાતના કોઈ સખાવતી ધનપતિ આવી યોજના વિચારી યુવાનોમાં ઘટતી જતી સાહસવૃત્તિને ઉત્તેજવા આગળ આવશે?

અનુવાદક · વ્રજલાલ વસાણી

'અક્કલ, આ શેઠ તો ગાંડો થઇ ગયો લાગે છે. ચાલો આપણે ચાલ્યા જઇએ.'

'પણ ભાઈ, આપણી મજૂરી તો તે ચૂકવે છેને? પછી ભલે તેનું ગમે તે થાય.' બીજો બોલ્યો.

'તો યે શું થયું? આટલી સખત મહેનત કરવા છતાં તેને કાંઈ ફળ મળતું નથી. આપણને તો બીજે યે મજૂરી મળી જ રહેશે. શા માટે તે બિચારા પાસેથી રોજી મેળવી તેને લૂંટવો જોઇએ?'

ઉત્તર આફ્રિકામાં મોરોક્કોના એક રણવિસ્તારમાં ગધેડાં અને ઊંટો મારફતે બોજા વહન કરવાનું કામ કરતા આ મજૂરોએ એક પછી એક કામ છોડી ચાલતી પકડી.

પરંતુ, અનુભવ અને કેળવાએલી નિરીક્ષણશક્તિના આધારે કરેલી ગણતરીની સફળતા માટે પેલો ધૂની શેઠ તો મંડચો જ રહ્યો. છેવટે તેની ગણતરી સાચી નીવડી. પાણીને મૂલે ખરીદેલી એ જમીનમાંથી વિશ્વની મોટામાં મોટી ગણાતી સીસા અને જસતની ખાણ મળી આવી અને ફ્રાન્સમાં તે સૌથી મોટો ધનવાન બની ગયો.

એનું નામ જીન વૉલ્ટર. હાલ તેની ઉંમર ૭૪ વર્ષની છે. યુવાનીમાં તે ફ્રાંસમાં શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરતો હતો ત્યારે એક વાર લાંબી રજાઓ દરમિયાન સાઈકલ લઇને તે રખડવા નીકળી પડચો. ૨,૦૦૦ માઈલ દૂર આવેલા ઈસ્તંબુલ જવાનું તેણે નક્કી કર્યું હતું. પાસે વધુ પૈસા તો નહોતા. સામાનમાં સાઈકલ ને બેએક જોડ કપડાં. રસ્તે આવતાં શહેરો અને ગામોમાં હોટેલોમાં ઊતરવાનું તો કેમ જ પરવડે? આથી તે ખેતરોમાં અને ઠેરઠેર ઊભાં કરાએલાં પ્રવાસીઓ માટેનાં પતરાંનાં છાપરાં નીચે રાતવાસો કરતો. પેટ ભરવા માટે તેને ખેતરો અને કારખાનાંઓમાં મજૂરી કરવી પડતી, ચા-ઘરોમાં કપ-રકાબી માંજવાં પડતાં, અરે, કામ ન મળે ત્યારે કોઈ વાર ફરજિયાત અપવાસ પણ કરવા પડતા. જુદાજુદા હવામાનમાં તે કોઈ વાર શરદીથી ઠૂંઠવાતો તો કોઈ વાર ગરમીથી અકળાતો, અને કદાચ તેનું મોત પણ થાત; પરંતુ ના, દૃઢનિશ્ચયીનાં સાહસો કદી વ્યર્થ જતાં નથી. તેણે તો સમૃદ્ધિનાં સોનેરી શિખરો સર કરવાનું ભાગ્યમાં લખાવ્યું હતું.

આજે ૭૪ વર્ષની ઉંમરનો વૉલ્ટર યુવાનીમાં નિરીક્ષણ, સ્વતંત્ર નિર્ણયશક્તિ અને કોઈ પણ ક્ષેત્રમાં પહેલ કરવાને લગતા પાઠો પોતાની સાઇકલસવારીની લાંબી યાત્રા દરમિયાન અનુભવની શાળામાં શીખ્યો હતો. આ ગુણોએ તેનું જીવન અસાધારણરીતે સાર્થક કરી નાખ્યું છે. કોઈ પણ સગાં-સંબંધી કે મિત્રોના ટેકા વગરનો એ ગરીબ યુવાન નામાંકિત શિલ્પશાસ્ત્રી બન્યો. એ વ્યવસાયમાં એણે સારી સફળતા મેળવી; પરંતુ તેનું ખરું તકદીર તો સાઇકલના સાહસપ્રવાસ દરમિયાન મેળવેલાં જ્ઞાન અને ગુણોએ પલટી નાખ્યું.

'નાનપણનું ભણતર અને શિયાળાનું ચણતર' એ ઉક્તિ વૉલ્ટર માટે ૫૦ વર્ષની ઉંમર પછી સાબિત થઈ. એક વાર ઉત્તર આફ્રિકાના મોરોક્કો વિસ્તારમાં ફરતાં ફરતાં તેને જમીન પરિચિત લાગી. આ જમીનની આસપાસ તેણે જે ચિહ્નો જોયાં, તેવાં ચિહ્નો અગાઉ પણ તેણે ક્યાંક જોયાં હતાં. તેણે પોતાની સ્મરણશક્તિને કસોટીની સરાણે ચડાવી. છેવટે તેને યાદ આવ્યું કે યુવાનીના સાઈકલ પ્રવાસ દરમિયાન પૂર્વ જર્મનીમાં સીસાની એક મોટી ખાણમાં તેણે થોડા દિવસ મજૂરી કરી હતી, તે ખાણની આસપાસ પણ આવાં જ ચિહ્નો તેણે જોયાં હતાં. તરત જ તેણે એ જમીન ખરીદી લીધી.

તેણે થોડા મજૂરો રોકી એ જમીનમાં ખોદકામ શરૂ કર્યું. જમીનના નિષ્ણાતોએ રેતીના થરવાળી જમીન ખોદવા બદલ તેની હાંસી ઉડાવી. તેણે પોતાની પાસેની એકેએક પાઈ ખર્ચી નાખવાનો નિર્ણય કર્યો હતો. સેંકડો માઈલ દૂર આવેલા બંદર પર જમીનમાંથી નીકળતા ધાતુમિશ્રિત થરો લઇ જવા માટે ઊંટો અને ગધેડાંઓ જ કામ લાગતાં હતાં. છેલ્લે છેલ્લે તો તેણે રોકેલા માણસો પણ, મજૂરી રીતસર ચૂકવાતી હોવા છતાં, તેને છોડી ગયા હતા; તોપણ તે પોતાના નિશ્ચયને વળગી જ રહ્યો. મક્કમતાનો ગુણ તેણે પ્રવાસ દરમિયાન કેળવ્યો હતો. છેવટે તેને સિદ્ધિ મળી. તે જમીનમાંથી તેને એટલા વિપુલ પ્રમાણમાં સીસાના થરો મળી આવ્યા કે તે ફ્રાન્સમાં કદાચ સૌથી વધુ તવંગર બની ગયો!

આ સિદ્ધિમાંથી યે તેણે એવું તાત્પર્ય કાઢ્યું કે સાહસ જેમ મને ફળ્યું તેમ બીજાને પણ શા માટે ન ફળે!

આથી તેણે જોખમી સાહસો ખેડવા માગતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અર્થે શિષ્યવૃત્તિઓ આપવાની યોજના ઘડીને અમલમાં મૂકી. પોતાની ખાણના નામ પરથી તેણે આ શિષ્યવૃત્તિનું નામ ઝેલીજા રાખ્યું છે. આ યોજના હેઠળ ફ્રાન્સની ઉચ્ચ માધ્યમિક શાળાઓના પુખ્ત વયના ૨૫૦ વિદ્યાર્થીઓને દર વર્ષે ચૂંટી કાઢવામાં આવે છે. તેમણે માતાપિતા, શિક્ષક કે ભોમિયાની સહાય વગર એકલા જોખમી પ્રવાસ કરવાનો હોય છે. આવા પ્રવાસમાં ખર્ચ માટે તેમને દરેકને રૂ. ૨૫૦ (૧૮,૦૦૦ ફ્રાન્ક) આપવામાં આવે છે. તેમની પાસે ઓછામાં ઓછો એક મહિનાનો પ્રવાસ એકલા જ કરવાની અને પૈસા ખૂટે તો પણ માબાપો કે વડીલો પર પત્ર લખી વધુ નાણાં ન મંગાવવાની કબૂલાત લખાવી લેવામાં આવે છે.

બીજા વિશ્વયુદ્ધથી આજ સુધીમાં ૨,૦૦૦ જેટલા યુવાનો માબાપોની મંજૂરી સાથે ઘર છોડીને એકલવીર તરીકેની સાહસિક મુસાફરીનો આનંદ માણી ચૂકચા છે. તેમાંના અધિકતર યુવાનોએ યુરોપનો જ પ્રવાસ ખેડચો છે. જ્યારે કેટલાકે આટલાન્ટિક ઓળંગીને કૅનેડા અમેરિકા, સિલોન અને આફ્રિકાનો પ્રવાસ કર્યો છે. એક વિદ્યાર્થીએ અઢી

માસના ગાળામાં ૧૮,૭૫૦ માઇલ ખેડી વિક્રમ નોંધાવ્યો છે.

જેમણે જાતે મહેનત કરીને કદી પાઈ પણ પેદા કરી ન હોય તેવા યુવાનોને પૈસાની શી કિંમત હોય? ભારતની જેમ બીજા દેશોમાં પણ બાપકમાઇના પૈસા મોટા ભાગના છોકરાઓ જોતજોતામાં વેડફી નાખતા હોય છે. શાળામાં ભણતા આ પ્રવાસખેડુ વિદ્યાર્થીઓ પણ તેમને અપાતા લગભગ ૨૫૦ રૂપિયા જોતજોતાંમાં ખર્ચી નાખે છે અને પછી તેમને પેટ ભરવા માટે મહેનત-મજૂરીનો આશ્રય લેવો પડે છે. તેમને ખાણોમાં, ખેતરોમાં અને વહાણો પર સખત મજૂરી કરવી પડે છે, બટાટા છોલવાનાં તથા પ્યાલા-રકાબી માંજવાનાં કામો પણ કરવાં પડતાં હોય છે. એક વિદ્યાર્થીએ ગીતો ગાઇને પૈસા મેળવી પોતાનું પેટ ભર્યું હતું. એક વિદ્યાર્થીએ સ્પેનના એક ચા-ઘરમાં પોતાના બધા પૈસા પૂરા કર્યા, ત્યારે તેણે ફ્રાન્સના એલચીની મદદ મેળવવા માગી હોત તો મળી શકત. પરન્તુ, શિષ્યવૃત્તિ લેતી વખતે આપેલી બાંહેધરીને વળગી રહી તેણે ગ્રેનેડામાં બોમિયા તરીકે કામ કરી ફ્રાન્સ પાછા પહોંચવા પૂરતા પૈસા કરી લીધા હતા. આફ્રિકાની સફરે ઊપડેલા એક વિદ્યાર્થીએ ભાગ્યે જ જોવા મળતાં પતંગિયાંના ચિત્રવિચિત્ર નમૂનાઓ ભેગા કરી, વેચી, તેમાંથી ઠીકઠીક નફો કર્યો હતો. ત્રણ છોકરાઓએ પોતાની સાહસકથાઓનાં પુસ્તકો લખી નાણાં મેળવ્યાં હતાં.

વળી, આવાં પર્યટનો માત્ર રખડપટ્ટી પૂરતાં જ રાખેલાં હોતાં નથી. દરેક વિદ્યાર્થીએ પ્રવાસ દરમિયાન પોતાની પસંદગીના કોઇ ઉદ્યોગનો, કોઈ સંસ્કૃતિનો કે કોઇ કળાનો પૂરી ગંભીરતાથી અભ્યાસ કરવાનો હોય છે. પ્રવાસના અનુભવ બાદ તેમની બુદ્ધિપ્રતિભામાં ચમત્કારિક ઉમેરો થયો છે તે, સ્પેનમાં મૂર સ્થાપત્યકલા, કૅનેડાનો લાકડાના માવાનો ઉદ્યોગ, ફ્લૉરેન્સમાં કળાનું વૈવિધ્ય, નૉર્વેમાં વહેલ માછલીઓના શિકારનો ઉદ્યોગ વગેરેને લગતા વિદ્યાર્થીઓના લેખો પરથી પુરવાર થયું છે.

પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને શારીરિક દૃષ્ટિએ પણ ઘણો ફાયદો થાય છે. એક વિદ્યાર્થી પ્રવાસની શરૂઆતમાં રોજનાં ૨૦ માઈલની સાઈકલની મુસાફરી કરી શકતો નહોતો તે પ્રવાસના છેલ્લા દિવસોમાં વરસાદ અને જોરદાર પવનનો સામનો કરવા છતાં રોજના ૮૦ માઈલ કાપી શકતો હતો. આ અનુભવ તો લગભગ દરેક વિદ્યાર્થીનો છે. એક જણ શરીરે નબળો હતો, છતાં મક્કમ મને પ્રવાસ ખેડતાં એકાદ મહિના બાદ તે સામાન્ય તન્દુરસ્ત યુવાન જેવો બની ગયો હતો.

એક સ્વીડિશ વિદ્યાર્થી બરફના આઠ ઈંચના થરમાં કલાકો સુધી ચાલ્યો હતો. છેવટે એક પડતર ઝૂંપડાંમાં તેને આશ્રય મળ્યો. તેણે કૉફી બનાવવા પ્રાયમસ સળગાવ્યો. પ્રાયમસની ઉપર થોડે ઊંચે, બરફમાં ચાલવાથી લાકડા જેવા થઈ ગયેલા બૂટ લટકાવ્યા. કૉફી થઈ ગઈ. પીતાં પીતાં જરા ઝોકું આવી ગયું. દરમિયાન પ્રાયમસ ચાલુ જ રહ્યો અને જોડા બળી ગયા. તે જાગ્યો ત્યારે જોડા વગર પોતાની થનારી દુર્દશાનો વિચાર કરતાં રડી પડ્યો; પણ એમ રડવાથી ઘેર થોડું જ પહોંચાશે, એમ વિચારી, હિમ્મત કરી, તેણે બરફમાં ઉઘાડે પગે દડમજલ શરૂ કરી. આવી રીતે તેને ૩૦ માઈલનો રસ્તો કાપવો પડ્યો, છતાં તેના શરીરને જરા યે માઠી અસર થઇ નહોતી!

બટાટા ખોદતાં, દાતરડાંનો ઉપયોગ કરતાં, સખત જમીનને પોતાની શય્યા બનાવતાં, કોઇ કોઈ વાર થોડા અનાજથી કે વગર ખોરાકે ચલાવી લેતાં, પ્રવાસ દરમિયાન તેમને જીવનનું તત્ત્વજ્ઞાન લાધે છે. એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, 'સાદા જીવનનો ઉલ્લાસ મેળવતાં હું શીખ્યો છું. ઝરણના પાણીની શીતળતાનો મેં અનુભવ કર્યો છે. ખેતરોની લીલોતરીની મીઠી સુગંધ સાથે હાથે રાંધેલો ખોરાક ખાવાનો આનંદ મેં માણ્યો છે.' અને બવેરિયા(જર્મની)માં લોકો તરફથી સારો આદર પામેલા એક વિદ્યાર્થીએ ફ્રાન્સ અને જર્મની વચ્ચેના સંબંધો સુધારવાના પ્રયત્નો પાછળ પોતાની જિન્દગી ખર્ચવાનો નિર્ણય કર્યો હતો.

શિયાળાની ઋતુમાં, મુકરર કરેલી ફ્રાન્સની કેટલીક ઉચ્ચ માધ્યમિક શાળાઓના વર્ગોમાંથી દરેક વર્ગ દીઠ ઉત્તમ ચારિત્ર્ય અને વ્યક્તિત્વવાળા બે વિદ્યાર્થીઓને તેમના જ વર્ગના બીજા વિદ્યાર્થીઓ ચૂંટે છે. આ રીતે ચૂંટાયેલા લગભગ ૧,૨૦૦ જેટલા ઉમેદવારોએ સાહસોને લગતા પોતાના અભ્યાસની વિગતો ઉપરાંત ભાવિ પ્રવાસવર્ણન અને કાર્યક્રમની રૂપરેખા તથા જે ખાસ વિષય પર તેઓ સંશોધન કરવા માગતા હોય તેની વિગતો રજૂ કરવી પડે છે. ફ્રાન્સના શિક્ષણ મંત્રાલયના અધિકારીઓ સહિત વૉલ્ટરના સાથીદારોની બનેલી સમિતિ આ ૧,૨૦૦ ઉત્તરપત્રો તપાસી સૌથી વધુ લાયકાતવાળા ૨૫૦ વિદ્યાર્થીઓ પસંદ કરે છે.

પછી જ્યારે શાળામાં મોટી રજાઓ પડે છે; ત્યારે તેમને ચાર ભાષાઓમાં એક પ્રમાણપત્ર આપવામાં આવે છે જે તેમની લાયકાતની સાબિતી અને ઓળખપત્રની ગરજ સારે છે. આ ઉપરાંત તેમને ૧૮,૦૦૦ ફ્રાન્ક આપી, થોડી શરતોની કબૂલાત લેવામાં આવે છે. પ્રવાસને અંતે આ વિદ્યાર્થીઓએ પોતાનો અહેવાલ રજૂ કરવાનો હોય છે. આમાંથી ઉત્તમ અહેવાલ આપનારા ૫૦ યુવાનોને, પહેલાં કરતાં ઓછી વિકટ એવી બીજી મુસાફરી માટે નાણાં અપાય છે. આ બીજી મુસાફરીના અહેવાલોમાંથી પાંચથી વીસ જણને પ્રથમ વિજેતાઓ તરીકે જાહેર કરી ફ્રાંસના પ્રમુખને હાથે ૧,૦૦,૦૦૦ ફ્રાન્ક કે તેથી વધુ રોકડ રકમનાં ઇનામો વહેંચવામાં આવે છે.

આમ, જીન વૉલ્ટર પોતાના વિદ્યાર્થીઓને, તેઓ પોતાના પગ પર ઊભા રહેતા ન થાય ત્યાં સુધી વ્યવહારુ શિક્ષણ અને નાણાંકીય સહાય આપતો રહે છે. પોતાના મરણ પછી પણ આ પ્રણાલી ચાલુ રહે એ માટે તેણે આ યોજનાનું ફ્રાન્સના શિક્ષણખાતા તરફથી સંચાલન થાય એવી વ્યવસ્થા કરી એ માટે પૂરતાં નાણા ફાળવી રાખ્યા છે.

આવી શિષ્યવૃત્તિઓએ બીજા દેશોમાં પણ ખૂબ રસ જાગૃત કર્યો છે. બેએક વર્ષ પહેલાં પશ્ચિમ જર્મનીના શિક્ષણપ્રધાને વૉલ્ટર સાથે કલાકો સુધી આ યોજના અંગે ચર્ચા ચલાવી હતી. પરિણામે ઝેલીજાના પ્રથમ ઇનામના એક વિજેતાએ પશ્ચિમ જર્મનીમાં છ માસ ગાળીને ત્યાંના શિક્ષણ-અધિકારીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ જર્મનીમાં આવી શિષ્યવૃત્તિઓ આપવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી. આવી શિષ્યવૃત્તિ મેળવનારા જર્મનીના વિદ્યાર્થીઓ ૧૯૫૬માં પહેલી જ વાર દુનિયાના જુદા જુદા દેશોના પ્રવાસે નીકળી પડ્યા હતા.

ગ્રીસની રાણી ફ્રેડરિકાએ પણ જીન વૉલ્ટરની મુલાકાત લઈ શાહી ખજાનામાંથી રકમ પૂરી પાડી પોતાના દેશમાં આ પ્રથા ચાલુ કરી છે. સ્વિટ્ઝરલૅન્ડ અને નૉર્વે પણ આ યોજનાનો અમલ કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છે.

ફ્રાન્સના કેળવણી ખાતાના એક મુખ્ય અધિકારીએ જણાવ્યું હતું કે આ શિષ્યવૃત્તિઓનો ઉદ્દેશ બાળકોને માત્ર દુનિયાના રસ્તાઓ પર રખડવા માટે ઉત્તેજન આપવાનો જ નથી; પરંતુ વર્ગોમાં ક્યારે ય ન મળી શકે તેવું વ્યવહારુ જ્ઞાન આપવાનો હોય છે. આવા પ્રવાસોથી તેમને જુદાજુદા દેશોના, જુદાજુદા સ્વભાવના લોકોને મળવાની તક મળે છે. જીવનની વાસ્તવિકતા, આકરી મુસીબતો અને ભવિષ્યમાં સામનો કરવો પડે એવી અનેક સમસ્યાઓ પ્રસંગે કામ લેવાની શક્તિ સાંપડે છે. (રીડર્સ ડાઇજેસ્ટ ઉપરથી)

બાલીનું કુટુંબજીવન તથા લગ્નપ્રથા

[અગસ્ત્યને પગલે પગલે-૨૩]

લેખક અને ફોટોકલાકાર • નવનીત પારેખ

સિંહરાજામાં રાત્રે વાળુ કર્યા પછી અમારો વાર્તાલાપ આગળ ચાલ્યો. વયાન રૂમાએ હવે બાલીના કૌટુંબિક જીવનનો ખયાલ આપ્યો. બાલીના પાચીન ગ્રંથ 'ચતુર્યોગ'ની એક આખ્યાયિકા પ્રમાણે દેવોએ પ્રારંભમાં સૃષ્ટિની રચના કર્યા પછી ચાર પુરુષો ઉત્પન્ન કર્યા, અને ભટ્ટાર-શિવે તેમને માટે ચાર કન્યાઓ ઉત્પન્ન કરી. બાલીની હિંદુ પ્રણાલિકા અનુસાર દરેક જણે લગ્ન કરીને પ્રજોત્પત્તિ કરવી તે એક સામાજિક ધર્મ ગણાય છે. ભારતમાં છે તેવો બાલીમાં બ્રહ્મચર્યનો કે સંન્યાસનો મહિમા નથી. ગર્ભવતી સ્ત્રીઓને 'બૂત' (ભૂત) તથા લેયક (ડાકણ) હાનિ ન પહોંચાડે તે માટે તેઓ મંત્ર-તંત્રનો આશ્રય લે છે અને કેડ ઉપર તાવીજ પણ બાંધે છે. બાલીના રિવાજ પ્રમાણે બાળકનો પ્રસવ ન થાય ત્યાં સુધી ગર્ભવતી સ્ત્રીનો પતિ વાળ કપાવી શકતો નથી. પ્રસવ પછી બાળકને શુકન માટે થોડીક ચોખાના લોટની રાબડી અથવા તો ખાંડ મેળવેલી નાળિયેરની મલાઇ ચટાડે છે.

બાલીમાં પણ બાળક-જન્મને કારણે વર્ણી-સૂતક પળાય છે. તેને 'સેબેલ' કહે છે. બાળકનો પિતા તો ત્રણ દિવસ 'સેબેલ' પાળે છે, પરંતુ બાળક તથા માતાને તો તે પૂરા બેતાળીસ દિવસ પાળવું પડે છે. આપણા રિવાજો સાથે તેનું કેટલું બધું સામ્ય છે! બાલીમાં પુત્ર-પુત્રીના જોડકાંનો જન્મ અત્યન્ત અશુભ મનાય છે અને તે માટે બાળકોના માતા પિતાને પ્રાયશ્ચિત્ત કરવા થોડા દિવસ ગામ બહાર રહેવું પડે છે. તે પછી આખા ગામની 'શુદ્ધિ' માટે મોટો પૂજા-વિધિ થાય છે!

બાલીમાં નાના બાળકને નજર ન લાગે તે માટે તેના હાથના કાંડા ઉપર કાળો દોરો બાંધે છે, પરંતુ બાળક બેતાળીસ દિવસનું થાય છે ત્યારે ગામના બ્રાહ્મણ પુરોહિત 'પેડાન્ડા' આવીને તેને પવિત્ર જળ 'તોય-તીર્થ' છાંટી આશિષ આપે છે. આ પ્રસંગે બાળકને હાથેપગે પિત્તળની કે રૂપાની કલ્લીઓ પહેરાવે છે અને તેના કાન વીંધીને તેમાં પાતળો દોરો બાંધી રાખે છે. બાલીમાં સ્ત્રી તેમજ પુરુષો બંનેના કાન વીંધેલા હોય છે. પ્રાચીન ભારતમાં પણ પુરુષો કાને કુંડલ પહેરતા જ હતા ને! વળી બાળકને રક્ષા માટે વિવિધ વસ્તુઓની માળા પહેરાવે છે.

બાળક ત્રણ માસનું થાય ત્યારે, અને પછી એક વર્ષનું થાય ત્યારે તેનાં માતપિતા વિશિષ્ટ પૂજાવિધિ કરે છે. બાલીના પંચાંગ પ્રમાણે ત્યાં ૨૧૦ દિવસનું વર્ષ હોવાથી વર્ષગાંઠ પણ તે અનુસાર જ ઉજવાય છે. તે દિવસે ગૃહ દેવતા તથા સૂર્યની પૂજા અને ભૂત-પ્રેતાદિનો શાંતિ-વિધિ થાય છે! આપણી પેઠે ત્યાં પણ બાળકનું મુંડન કરી માથે આગળના વાળની એક લટ રહેવા દે છે. બાળકની પ્રથમ વર્ષગાંઠની આ ઉજવણીમાં છાયા-નાટિકા (વયાંગ-કુલિત) અવશ્ય ભજવાય છે જ.

બાળકના પ્રથમ જન્મદિને ગામના પુરોહિત તેને એક દૈવી નામ આપે છે. તે માટે તેઓ નાળિયેરના સૂકા પાનના ટુકડાઓ ઉપર જુદાં જુદાં નામ લખે છે અને પછી તે બધાંને સામટાં સળગાવે છે. તેમાં જે ટુકડો બળ્યા વિનાનો રહી જાય તે પરનું નામ તેને આપે છે. પરંતુ આ નામ ગુપ્ત રાખવામાં આવે છે ને થોડા સમયમાં તે ભુલાઇ પણ જાય છે. પાછળથી બાળકનાં માત-પિતા જ તેનું નામ પસંદ કરે છે, પરંતુ જો બાળક વારંવાર માંદો પડે છે તો તેનું નામ બદલી નાખે છે જેથી તેની ગ્રહ-દશા પણ બદલાય!



લગ્નવિધિ માટે પધારતી નવવધૂ. કન્યાના આભૂષણો તથા વસ્ત્રપરિધાન માટે જુઓ પાછળના પાના પરનું મોટું ચિત્ર.

વાતચીત દરમ્યાન શ્રીમતી રૂમાએ જણાવ્યું કે બાલીમાં સામાન્ય રીતે પિતાને 'બાપા' કહીને બોલાવે છે, પરંતુ સંસ્કારી લોકો પોતાના પિતાને 'ગુરુ' કહીને જ સંબોધે છે. તેમણે ઉમેર્યું કે બાલીમાં નાના બાળકોનું પણ સ્વમાન સાચવવામાં આવે છે ને તેમને ક્યારેય પણ મારવામાં કે ધમકાવવામાં નથી આવતા. તેમની સાથે હમેશાં સમજાવટથી જ કામ લેવાય છે. આને લીધે બાળકો નાનપણથી જ સમજુ, વિનયી તથા ઠરેલ બને છે, ને તેમનામાં ઘણો આત્મવિશ્વાસ હોય છે.

બાલીમાં જ્યારે કોઇ તરુણ કે તરુણી યૌવનને પ્રાપ્ત થાય છે, ત્યારે 'દંત-ઘર્ષણ'નો વિધિ કરવામાં આવે છે. જાવા-સુમાત્રા તેમજ આફ્રિકાના પ્રદેશમાં આવો દાંત ઘસીને ટૂંકાવવાનો રિવાજ છે જ. બાલીમાં પણ સ્ત્રી-પુરુષો પોતાના આગલા દાંતને ઘસાવીને કાંઇક ટૂંકાવે છે. આ માટે ગામના બ્રાહ્મણ પુરોહિત 'પેડાન્ડા' ઘેર આવીને પૂજા વિધિ કરે છે ને પોતાની પાસેના ઓજાર વડે દાંત ઘસીને ટૂંકાવે છે. આજના આધુનિક યુગમાં આવો 'દંત-ઘર્ષણ' વિધિ કરાવનાર લોકોની સંખ્યા ઘટતી જાય છે. સ્પષ્ટ છે કે આ રિવાજ ભારતમાંથી ઊતરી આવ્યો નથી જ. હું તો આ રિવાજનું કારણ સમજી ન શક્યો, પરંતુ વયાન-ભદ્રાએ તે વિષે એક સમજૂતી આપી કે જાવા-બાલીમાં રાક્ષસની આકૃતિ દર્શાવવા માટે લાંબા તથા મોંઢાની બહાર આવતા દાંત બતાવે





નવવધૂનું વસ્ત્રપરિધાન. કેડથી નીચે પાની સુધી ઢળકતો બાટીકનો સુંદર અંચલ-'કાંબન', કેડે ખુલંગ અને તેના પર સાબુક તથા માથે કિરીટ. જમણી બાજુ બાલી યુવકનો વૈધિક વેષ. યુવકે જરી-ભરતવાળા રેશમી કાંબન ઉપર સાપુટ તથા ઉગ્પલ ધાર્યા છે. પીઠ પર કલાત્મક સુવર્ણ મૂઠવાળી વારસાગત ક્રિસ લટકાવી છે અને માથા પર લાક્ષણિક પાઘડી છે.

છે તેથી મનુષ્યની પવિત્રતા તથા દિવ્યતા દર્શાવવા તેના દાંતને ટૂંકાવવા જરૂરી છે! વળી આગલા દાંતને ઘસીને સરખા બનાવવાથી તે સુશોભિત પણ બને છે. 'દંત-ઘર્ષણ'ની વિધિ કરતા પહેલાં બ્રાહ્મણ પેડાન્ડા દાંત ઉપર દૈવી 'અક્ષર' લખે છે.

બાલીના મુક્ત વાતાવરણમાં જાતીય સંબંધો વર્જ્ય કે નિંદ્ય નથી ગણાતા અને તરુણ વયનાં યુવક યુવતીઓ વિશેષ સંકોચ વિના હળેમળે છે ને તે ઘણું સ્વાભાવિક મનાય છે. યુવતીઓને આકર્ષવા માટે ઘણી વાર યુવકો 'અર્જુન' કોતરેલા ધાતુના ગોળ પદક કેડે બાંધે છે. પુરુષો સામાન્યપણે અઢાર-વીસ વર્ષની વયે લગ્ન કરે છે જ્યારે કન્યાની વય સોળ-સત્તર વર્ષની હોય છે.

બાલીમાં ગાંધર્વ લગ્ન ઘણું જ પ્રચલિત છે. છૂટથી હળતાં-ભળતાં યુવક-યુવતીઓ પોતે જ પોતાના પતિ કે પત્નીને પસંદ કરી લે છે અને માતપિતા દ્વારા લગ્નનો સમારંભ ગોઠવાયા અગાઉ જ તેઓ 'નાસી છૂટે' છે અને એકાંતમાં પરણી લે છે. ઘણાખરા કિસ્સાઓમાં માતપિતાની સંમતિ હોય છે જ, પરંતુ અર્જુન તથા રામની સાહસ-કથાઓને રટનાર બાલી લોકોને સાદી કે મોળી રીતે વિવાહ ગોઠવવો પસંદ નથી! તેથી બાલીની પ્રથા અનુસાર પાણિગ્રહણ કરવા ઉત્સુક યુવક પોતાની પ્રિય તરુણીનું 'હરણ' કરે છે. આ માટે યુવક પોતાના ચુનંદા મિત્રો સાથે (અગાઉથી ગોઠવ્યા પ્રમાણે) રસ્તે જતી તરુણીને ઉપાડી જાય છે. કન્યા પણ વિરોધ દર્શાવતો ડોળ કરે છે અને કન્યાના 'ક્રોધાયમાન' પિતા પણ પોતાના મિત્રો સાથે તેમની 'શોધ' કરવા નીકળે છે. દરમિયાન આ યુગલ તો પાસેના ગામમાં કોઈ મિત્રને ઘેર પહોંચી જઈને સાદી વિધિથી દેવોની સાન્નિધ્યમાં પરણી જાય છે. આ 'કન્યા-હરણ' તથા લગ્ન કાયદેસરનાં ગણાય છે ને થોડા સમય પછી વાજતે-ગાજતે લગ્નનો ઔપચારિક સમારંભ ઊજવાય છે. સામાન્યપણે 'કન્યા-હરણ' પછી બેતાળીસ દિવસમાં લગ્નસમારંભ ઊજવાય છે, પરંતુ ત્યારે કન્યાને હરી જનાર યુવકે કન્યાના પિતાને સારી એવી રકમ આપવી પડે છે. આ પ્રકારના લગ્નને 'અંગોરોડ' અથવા 'મેરાંગકત' કહે છે. બાલીમાં માતપિતાની પસંદગી પ્રમાણે પણ લગ્ન ગોઠવાય છે, જેને 'માપાડીક' કહે છે. આવાં લગ્ન ક્ષત્રિયોમાં વધારે પ્રચલિત છે.

હવે મેં બાલીના લગ્નોત્સવ તથા ત્યાંની લગ્ન-વિધિ વિષે પૃચ્છા કરી. વયાન રૂમાનાં પત્ની જેઓ કાંઈક ગૂંથી રહ્યાં હતાં, તેમનું મુખ ચમકી ઊઠ્યું; તેમણે ગૂંથવાના દોરા તથા સોયા બાજુ પર મૂકી નારી-સહજ ઉત્સાહથી મને બાલીની લગ્નવિધિ સમજાવવા માંડી. બાલીમાં લગ્નોત્સવને 'મસાકાપન' કહે છે. કુળવાન ક્ષત્રિય કુટુંબનાં લગ્ન જે 'માપાડીક' પદ્ધતિએ થાય છે, તેનો લગ્નોત્સવ બાલી-પંચાંગના ચોથા કે દસમા મહિને જ ઊજવાય છે. (ભારતમાં પણ માગશર અને વૈશાખમાં જ ઘણાંખરાં લગ્ન થાય છે ને?) પરંતુ લોકપ્રિય 'અંગોરોડ' રીતે થતાં લગ્નોની ઉજવણી તો વર્ષમાં ગમે ત્યારે, પણ 'ઇકલ-વૉંગ' સપ્તાહમાં થઈ શકે છે. દર છ અઠવાડિયે એક ઇકલ-વૉંગ સપ્તાહ આવે છે જે મનુષ્યો માટે શુભ ગણાય છે.

લગ્નોત્સવને દિવસે સવારથી જ સગાં-સંબંધીઓ તથા મિત્રોની

ઠઠ જામે છે. પુરુષો તેમના શ્રેષ્ઠ લાક્ષણિક પોષાકમાં સજ્જ થઇને આવ્યા હોય છે તથા ઉચ્ચ કુટુંબના પુરુષોએ પીઠ પાછળ રત્નજડિત ક્રિસ (કટાર) પણ ખોસી હોય છે. અલ્પાહાર તથા પાનસોપારી ચાવતાં તેઓ બેઠા હોયછે અને તેમનું મનોરંજન કરવા એક-બે નિષ્ણાત કથાકાર અત્યન્ત લોકપ્રિય ગ્રંથ 'અર્જુન-વિવાહ'ના રસિક પ્રસંગો સંસ્કૃતમય કવિ-ભાષામાં ગાઈ સંભળાવે છે અને સાથોસાથ સામાન્ય લોકોની સમજ માટે બાલી-ભાષામાં પણ તે ગાય છે. પચરંગી બાટીકમાં આમ-તેમ ઘૂમતી સ્ત્રીઓ તો બધે જ નજરે ચડે. બાલીની સ્ત્રીઓ કેડથી નીચે પાની સુધી બાટીકનો સુંદર અંચલ વીંટે છે જેને 'કામ્બન' કહે છે અને તેના પર કેડે એક ખુલ્લા રંગનો કમરબંધ બાંધે છે જેને 'બુલંગ' કહે છે. વક્ષઃસ્થલ ઉપર એક રંગીન પટ બાંધે છે જે 'સેલેન્દગ' કહેવાય છે અને તે ઉપર હવે તેઓ એક લાંબી બાંયનો કબજો 'બાજુ' પહેરે છે. અગાઉ તો અહીંના અતિ ઉષ્ણ હવામાનને લીધે બાલીની સામાન્ય સ્ત્રીઓ શરીરના ઉપરના ભાગ પર કશું પણ વસ્ત્ર પહેરતી નહોતી, પરંતુ વિદેશી પ્રવાસીઓની મલીન તથા વિકારી દષ્ટિને કારણે હવે બાલીમાં બધી જ સ્ત્રીઓ 'બાજુ' પહેરે છે અથવા તો 'સેલેન્દગ' વીંટે છે.

લગ્નોત્સવને દિવસે સવારે વરકન્યા પાસે ઘરકામની વિવિધ પ્રવૃત્તિઓ વિધિપૂર્વક કરાવાય છે. કન્યા થોડા ચોખા લઇને એક પાત્રમાં રાંધે છે જ્યારે વર થોડીક શાકભાજી કાપી લાવે છે જે તેઓ બને બીજા એક વાસણમાં રાંધે છે. તે પછી વરકન્યા આંગણામાંની ચૉરી પર જાય છે જ્યાં ગાદી-તકિયા પાથર્યા હોય છે. ત્યાં દેવને ધરાવવાના નૈવેદ્ય 'તેતાગ્પુલુ' તથા 'પાંગુલાપન' પણ ગોઠવ્યા હોય છે. વરકન્યા નીચે બેસીને ત્રણ વાર હાથ જોડીને પ્રણામ 'સેમ્બાહ' કરે છે. તેમને જોડતો એક પટ તેઓ બંનને ગળે વીંટયો હોય છે. પછી તેઓ બંને પોતે રાંધેલાં ભાતશાક એક-બીજાને ધીરેથી ખવડાવે છે, આ આખો વિધિ ભારતની હિંદુ લગ્ન વિધિને કેટલો બધો મળતો આવે છે! આપણે ત્યાં વર-કન્યા કંસાર જમે છે તેટલો જ ફેર હશે. તે પછી વર થોડી સોપારી ચાવે છે અને પછી પોતાની ચાવેલી સોપારી કન્યાને ખાવા આપે છે. છેવટે વર-કન્યા લગ્ન પ્રસંગે ખાસ વાવેલા વૃક્ષની ત્રણ વાર પ્રદક્ષિણા ફરે છે. સવારે તો આટલો જ વિધિ થાય છે.

લગ્નોત્સવની સાંજે બ્રાહ્મણ પુરોહિત (પેડાન્ડા) આવીને 'શુદ્ધિ-વિધિ' કરે છે. આમત્રિત જનસમુદાય ઘરના આંગણામાં એકઠો થયો હોય છે. એક બાજુ પર 'સૂય-દેવ'ને બિરાજવા માટે ઊંચું આસન બનાવ્યું હોય છે જ્યારે બીજી બાજુએ 'વયાંગ'નો ખેલ ચાલતો હોય છે. તેવામાં વરકન્યા ઘરમાંથી બહાર આવે છે. બાલીના શ્રેષ્ઠ લાક્ષણિક પોષાક તથા આભૂષણોમાં તેઓ બંને શોભતાં હોય છે. કન્યાએ કેડ પર ખૂબ લાંબો પરંતુ અત્યન્ત સુંદર રેશમી અંચલ-કાંબન વીંટયાં હોય છે જેનો એક છેડો તેની પાછળ જમીન પર પથરાયો હોય છે. કમરબંધ 'બુલંગ' ઉપર બીજું એક લાંબુ રેશમી વસ્ત્ર આખાએ વક્ષઃસ્થલ ઉપર બાહુ મૂલ સુધી વીંટયુ હોય છે, જેને 'સાબુક' કહે છે અને તેના પર સોનેરી વરખની ભાત પાડી હોય છે. કન્યાના કાનમાં મોટી સોનેરી બુટ્ટીઓ ખોસી હોય છે અને તેના મસ્તકે થોડાં સાચાં તથા બનાવટી ફૂલોનો કિરીટ પહેરાવ્યો હોય છે. કન્યાના કેશકલાપમાં પણ ચંપક તથા મોગરાનાં ફૂલો ખોસ્યાં હોય છે અને તેનું આખુંએ વેશ-પરિધાન બાલી-ની લેગોંગ-નૃત્યાંગનાની વેશભૂષાને ઘણું મળતું આવે છે.

બાલીના પુરુષનો વૈધિક પોષાક પણ એટલો જ મોહક હોય છે. આપણા ધોતિયાની જેમ તેણે લાંબુ, શ્વેત 'કાંબન' વીંટયું હોય છે, પરંતુ જરી-ભરતવાળું આ રેશમી અંબર કેડ પર નહિ પણ ઘણે ઊંચે છાતી પર બાંધ્યું હોય છે, અને તેનો એક છેડો જમીન સુધી પહોંચતો હોય છે. આ કાંબન ઉપર વક્ષઃસ્થળે તેણે બીજું એક જરી-ભરતનું વસ્ત્ર વીંટયું હોય છે જેને 'સાપુટ' કહે છે. તે ઉપર વળી એક રેશમી પટ 'ઉમ્પલ' બાંધ્યો હોય છે જેમાં પીઠ પાછળ તેમની વારસાગત 'ક્રિસ' (નાની તલવાર) ખોસી હોય છે. આ ક્રિસની મ્યાન આછા પીળા રંગના ઉત્તમ લાકડામાંથી બનાવી હોય છે. ક્રિસની મૂઠ સોનાની ઘડેલી નાની માનવ-આકૃતિની હોય છે અને તે ઉપર ઘણાં માણેક તથા હીરા જડેલા હોય છે. બાલીનાં સ્ત્રી-પુરુષોનાં બધાં જ આભૂષણો તથા અલંકારોમાં મને આ ક્રિસ સૌથી સુંદર તથા કલાત્મક લાગી. વરરાજાએ બંને કાન પર મોટાં લાલ જાસુદના ફૂલ ખોસ્યાં હોય છે અને મસ્તકે સુંદર રેશમી વસ્ત્રમાંથી બનાવેલી તથા જરી ભરતની ભાતવાળી પાઘડી બાંધી હોયછે.

વર કન્યા બહાર આવીને પેડાન્ડા પુરોહિતની ડાબી બાજુએ ઊભા રહીને પ્રણામ-વિધિ 'સેમ્બાહ' કરે છે અને પછી તેમને માટે ગોઠવેલી ખુરશીઓ પર બેસે છે. હિંદુ પ્રણાલિકા પ્રમાણે કન્યા વામ-ભાગે (ડાબે) બેસે છે. પછી વર-કન્યા સમક્ષ મરઘીનું એક સફેદ બચ્ચું તથા એક સફેદ બતક ધરવામાં આવે છે જે પવિત્રતાનાં સૂચક છે. હવે પેડાન્ડા તેમને થોડું મીઠું (લવણ) ચાખવા આપે છે. (આપણે ત્યાં પણ મીઠું સબરસ શુભ ચિહ્ન ગણાય છે.) પછી ઘાસના ગુચ્છા વડે તે વર કન્યા પર તોય-તીર્થ છાંટે છે અને પછી તો મોટી કડછી વડે જ તેમના પર જળ ઢોળે છે. બ્રાહ્મણ પેડાન્ડાએ આશીર્વાદ રૂપે આપેલું એક એક ફૂલ વર કન્યા પોતાના શિર પર ધારણ કરે છે.

તે પછી લાલ, કાળા, સફેદ તથા પીળા રંગના દોરામાંથી બનાવેલાં બે દોરડાં વર-કન્યાની છાતી પર થઈને પાછળ બાંધે છે ને તેના ચારે છેડા પોતાના હાથમાં લઈને પેડાન્ડા મંત્રવિધિ કરે છે, છેવટે પેડાન્ડા બાલીના પ્રાચીન વેદ ગ્રંથ 'માવેદા'ની ગંત્ર-સંહિતા તથા શાન્તિપાઠના શ્લોકો વિવિધ હસ્તમુદ્રાઓ તથા ઘંટારવ સાથે ઉચ્ચારે છે ને અષ્ટ-દિક્પાલો તથા દેવોને પુષ્પાંજલિ આપી આ લગ્નવિધિ પૂર્ણ કરે છે.


શ્રીમતી રૂમાએ વધુમાં ઉમેર્યું કે જ્યારે કોઈ ક્ષત્રિય રાજકુમાર 'પુકગવ' કોઇ નીચલા વર્ણની કન્યાને પરણે છે ત્યારે લગ્નવિધિ માટે પોતે ઉપસ્થિત થવાને બદલે તે પોતાની ક્રિસ મોકલાવે છે જેની સાથે કન્યાનું લગ્ન થાય છે. આપણે ત્યાં પણ ક્ષત્રિય રાજકુટુંબોમાં 'ખાંડું' મોકલવાનો આવો જ રિવાજ હતો ને? બાલીમાં મધ્ય-યુગમાં થઇ ગએલા ક્ષત્રિય રાજા 'પુકગવ'ના મૃત્યુ પછી તેમની રાણી તેની પાછળ 'મેસતીયા' (સતિ) થઈ તે અનુસાર પતિ પાછળ સતિ થવાનો રિવાજ પણ અહીં હતો, હવે તો ભારતની જેમ ત્યાં પણ તે લુપ્ત થયો છે, આજે તો યોગ્ય કારણોસર સ્ત્રી-પુરુષોને છૂટાછેડા મેળવવાનો પણ અધિકાર છે અને ક્વચિત જ પુરુષો એક કરતાં વધુ પત્ની રાખે છે જે કાયદેસર ગણાય છે. (ચાલુ)

એક સમડીને એક દિવસ અચાનક મનમાં ઠસી ગયું કે જ્યારે જ્યારે ધરતીથી કંટાળી જઇને હું ગગનવિહાર કરું છું ત્યારે એક માત્ર મારો પડછાયો જ એવો છે જે શુષ્ક ધરા જોડે મારો સંબંધ જોડી રાખે છે, એટલું જ નહિ એનો મુક્ત પ્રચાર પણ કરે છે. બસ થયું. સમડીનો સ્વભાવ એકદમ ઊકળી ઊઠયો. પોતાના પડછાયાને વિખુટો પાડવા એ એના ઉપર તૂટી પડી. ખડકપથ્થરના ભાન વગર જ્યાં પડછાયો દેખાય ત્યાં ફરી ફરી બમણા આવેગથી હુમલા અને ચંચુપ્રહાર કરવા લાગી. પરિણામે સર્વાંગ લોહીલુહાણ થઈ ગઈ. અસહ્ય વેદનાના છેલ્લા શ્વાસ સાથે એની આંખ બિડાઈ ત્યારે એણે પોતાની જાતને એ જ પડછાયાને શરણે થએલી જોઈ.

—પુરુષોત્તમ સંઘવી

સુગંધ, સ્વાદિષ્ટતા, વર્ણ, વૈવિધ્ય ને પથ્યતત્ત્વ-ફળના આ બધા ગુણોમાં જગતનું કોઈ પણ ફળ જેની તોલે નથી આવતું તે

ભારતનું રાષ્ટ્રીય ફળ કેરી



'ટહુકે વસંતકુંજ કોકિલા રે લોલ!' (બોટાદકર)

વર્ષનો પંચમ માસ બેસતાં આહ્‌લાદક ને પ્રલંબ-મધુર-સ્નિગ્ધ પંચમ સ્વર રેલાવનાર કોયલનું બેસણું એ વસંતકુંજ કઈ? મહાકવિ કાલિદાસે વસંતદ્રુમ, વસંતપાદપ, મધુદ્રુમ, માધવદ્રુમ વગેરે નામોથી જેને નવાજ્યો છે તે આંબાની એ કુંજ. પિકવલ્લભ, રસાલ, સહકાર, અતિસૌરભ, કામાંગ, મધુદૂત, માકંદ, કલ્પવૃક્ષ, એ તેનાં બીજાં નામ છે. કેરી એ છે તેના સ્વારસ્ય રૂપ તેનું મધુરતમ, 'દેવોને પણ દુર્લભ' કહેલું આપણું રાષ્ટ્રીય ફળ.

વિદેશમાં યે પહેલેથી આજ સુધી તેનું ગૌરવકુતૂહલ રહેલું છે. હિંદની અજાયબીઓને વર્ણવતા એક ઇરાની મુસાફરે, એ અજબ ફળનાં વખાણ કરતાં તેના બાદશાહ તરફથી તેના સ્વાદનું વર્ણન કરવાનું પણ કહેવામાં આવ્યું. જવાબમાં તેણે માત્ર આટલું જ કહ્યું : તે 'સ્વર્ગનું દીધેલું ફળ છે, ને તેના સ્વાદનું વર્ણન કરવું એ મારી શક્તિની બહાર છે.' એકાએક એ મુસાફરના મગજમાં એક તરંગ ઊઠ્યો. તેણે જેફ વયના એક દરબારીની દાઢી ઉપર મધ ચોપડીને બાદશાહની રજા લઇને જણાવ્યું : 'આપ નામદાર આ દાઢી પરના મધના સ્વાદનું પારખું કરી શકો તો કેરીના સ્વાદનો આપને કંઇક ખયાલ આવી શકશે!' મશહૂર કવિ અમીર ખુશરૂએ પોતાની કવિતામાં કેરીનાં બે મોઢે વખાણ કર્યાં છે.

કેરી વિરલ ફળ છે : ગુણે અને પ્રાપ્યતાએ પણ. બાર મહિનાના વરસમાં માત્ર ચૈત્ર-વૈશાખ-જેઠ સુધીમાં જ તે મળી શકે છે. રાય તેમજ રંક, નવાબ તેમજ નાચી—સૌનું એ એકસરખું લોકપ્રિય ફળ છે. અને લોકપ્રિય શા માટે ન હોય? ગુણવત્તાએ પણ મહામોંઘુ હોવા છતાં આ ફળ દરેકના ખિસ્સાને પરવડે એટલી કિંમતે મોંમાગ્યું મળે છે.

જગતનું કોઈ ફળ એકીસાથે આટલા બધા ગુણો નથી ધરાવતું : સુગંધ, સ્વાદિષ્ટતા, વર્ણ ને વૈવિધ્ય—જુદીજુદી લગભગ પાંચસો જાતો સુધીનું! અને તેની ઉપયોગિતા? કાચી કેરીનું અથાણું, મુરબ્બો, કચુંબર, ચટણી વગેરે બને; પાકી કેરીનો રસ-ગર્ભ તો બધાએ ભરપેટ સ્વાદ્યો હોય છે. પાકી કેરીના રસને સૂકવી પાતળી રોટલીના જેવી આંબાપોળી (આમરસ કે આમોટ) બનાવાય છે. ઉપરાંત ઓછી વપરાતી તેની ગોટલી સ્વાદ કે ગુણવત્તામા કંઇ કમ નથી. આંબાના થડના ચીકણા લાકડાનું બનતુ રાચરચીલું મજબૂત હોય છે.

કેરી ભારતવર્ષનું પોતાનું અને રાષ્ટ્રીય ફળ છે. (આથી જ કેરીનું લૅટિન શાસ્ત્રીય નામ Mangipera Indica રખાયું છે.) વેદઋચાઓ અને પુરાણોમા તેનો ઉલ્લેખ મળે છે. સિકંદરનાં સૈન્યોએ પણ ઈ. પૂ. ૩૨૭માં સિંધુ નદીના ખીણમાં કેરી જોએલી. ભારતનું પોતીકું આ ફળ જોનારાઓ પહેલા પરદેશીઓ કદાચ તેઓ જ હતા. પણ કેરીનો પ્રથમ પરદેશી જાણીતો પ્રચારક તો છે હ્યુ એન સંગ (ઈ. ૬૩૨-૬૪૫). હિંદના કિનારાઓની પેલી પારના પ્રદેશો સુધી તેણે કેરીને 'બેનમૂન સર્વાંગસુંદર ફળ' તરીકે જાહેર કરી. એ પછી કેરીમાં સુધરેલા વૈવિધ્યનો મોટો ભાગ દાખલ કરવાનું માન હિંદના મુસ્લિમ બાદશાહોને ફાળે જાય. તરબૂચથી માંડી હરેક બાબતમાં પોતાના દેશને શ્રેષ્ઠ માનનાર બાબરને હિંદની કોઈ ચીજ ગમતી નહિ, પણ કેરીનાં તો તેણે વખાણ જ કર્યા છે. નીરસ પ્રકૃતિના ઔરંગઝેબને પણ કેરી માટે ખાસ પક્ષપાત હતો. અને એ કેરી-રસિયા બાદશાહે દરભંગાના લાખબાગમાં એક લાખ જેટલા આંબા ઉગાડાવેલા. વિદેશી સાહિત્યમાં કેરીનો સૌથી પ્રાચીન ઉલ્લેખ થીઓફ્રેસ્ટના લખાણમાં મળે છે.

ભારત આવેલા ઇરાનીઓએ તેને 'આંબા' નામ આપ્યું, અને અરબોએ 'અંબાજ'. તમિળ અને મળયાળમ ભાષાઓમાં તેને માટે 'માંગા' શબ્દ છે. ગાર્સિયા દ ઑર્તા નામના એક ફિરંગીએ આ શબ્દ પરથી તેને 'ગંગા' નામ આપ્યું, જે ભારતમાં ઈ. ૧૫૩૬માં બહાર પડેલા 'સિમ્પલ્સ ઍન્ડ ડ્રગ્ઝ ઑવ ઇન્ડિયા'માં નોંધાએલું છે. અંગ્રેજી નામ 'મૅંગો' તે પરથી આવ્યું. 'હાફૂસ' નામ આલ્ફોન્ઝો કરીને એક 'કલમ'-બહાદુર ફિરંગીના નામ પરથી પડ્યું છે. આજથી ચાર સો વર્ષ પહેલાં જે કેટલાએક ફિરંગી ગૃહસ્થોએ કલમી આંબા ઉગાડવાના પ્રયત્નો કર્યા તેના ફળ રૂપ તેમનાં નામે કેરીની જાતો આજે પણ ઓળખાય છે : જેવી કે ફરનાન્ડીઝ, કૅાલેસો, મૅાસેરાંત, મૅલ્ગાસુસ વગેરે.

આપણા દેશમાં વરસ આખરે લગભગ ૮ લાખ ટન કેરીઓ ઊતરે છે. જગતના કોઈ પણ બીજા ભાગમાં ઊગતી કેરી કરતાં ભારતીય કેરી ઉત્કૃષ્ટ છે. તેની મુખ્ય જાતો છે : ઉત્તર હિંદની લાંગડા, બદામી, બનારસી, દાડમિયા, કરંજિયા, સરક્ષર, દશહરી, સફેદા, માલદા, સિંદૂરિયા, મોહનભોગ વગેરે; અને દક્ષિણની નીલમ, તોતાપુરી, બૅંગલોર, સુંદરશા, લાલવાર, રૂમાલી, બાનમનાપુલ્લી. આ ઉપરાંત પાયરી, રૅાદર્યા, કાળા, ઈસાડ, કેળ્યા, કાવસજી પટેલ વગેરે બીજા પ્રકારો પણ છે. આ બધી જ કેરીઓ સ્વાદમાં અને સોડમમાં નિરનિરાળી છે. હિંદની સર્વોત્તમ કેરી કઈ એ વિષે જુદાજુદા અભિપ્રાયો છે, પણ મુંબાઈની હાફૂસ ને કાશીની લાંગડા એ બન્ને જ ઉત્તમ તરીકે વખણાએલી છે. ગુજરાતમાં વલસાડની વલસાડી, મહુવાની જમાદાર અને જૂનાગઢની સાકરિયા કેરીઓ જાણીતી છે. ઉપરાંત માલગોઆ ને રાજાપુરી કેરીઓ પણ અહીં થાય છે. ગુજરાતમાં મે મહિનાથી કેરીનો મબલખ પાક ઊતરવા માંડે છે. મુંબાઈના બજારમા તો માર્ચ-એપ્રિલથી હાફૂસ-પાયરી શરૂ થાય; અને પછી ગુજરાત તરફથી કેરીઓ આવતી બંધ થાય, ત્યાં ઉત્તરની લાંગડા દેખા દે છે, અને તે પણ અદૃશ્ય થવા માંડે ત્યારે જૂન-જુલાઈમાં દક્ષિણની તોતાપુરી અને નીલમ આવી લાગે છે.

'પર્સમાં પાંસસોની સંખ્યામાં સમાઇ શકે' એવી તેની એક નાની જાત પણ થાય છે. તેમ બશેર-અઢીશેરના વજનના એક નંગની પણ કેરીઓ થાય છે! તેની દરેક જાતની સુગંધ નિરનિરાળી. કોઈનો આકાર ગોળ, કોઈનો લંબગોળ. રંગોનું વૈવિધ્ય જોઇને તો ઇન્દ્રધનુષ્ય યાદ આવે. કોઈમાં માત્ર રસ હોય, કોઇમાં રેસા વિશેષ હોય તો કોઈમાં વળી જમાવેલા આઇસ્ક્રીમ જેવો ગર્ભ ભરપૂર ભર્યો હોય.



આંબાના પાન તથા મોર(આમ્રમંજરી)નું વિગતાલેખન

આયુર્વેદમાં આમફળને 'पक्वं तु मधुरं वृष्यं स्निग्धं हृद्यं बलप्रदम्' કહ્યું છે. પાકી કેરી મધુર, વીર્યને વધારનાર, સ્નિગ્ધ, મનને પણ આહ્લાદ આપનાર તથા બલવર્ધન કરનાર છે. તે વાયુને હરે છે અને વાનને સુંદર કરે છે. ઠંડી હોઈને પિત્ત કરતી નથી (ઝાડ પર પાકેલી 'શાખ-કેરી' પિત્તનો કાંઈક પ્રકોપ કરે છે). છેવટે તે તૂરા રસવાળી છે અને અગ્નિ તથા કફ વધારે છે. કેરી આંતરડાં, હૃદય, મગજ અને ફેફસાંને બળવાન બનાવે છે. કેરી ને દૂધનો પ્રયોગ (કલ્પચિકિત્સા) કરવાથી ગમે તેવા સુકાએલા અને કાળા પડી ગએલા શરીરમાં નવું લોહી અને ચમકતી ચામડી આવે છે. કલ્પથી શરીરના સપ્તધાતુ, બળ, ઓજ ને મગજ પુષ્ટ બને છે. સાત દિવસ સુધી સતત આમ્રરસ પીનાર તરૂણ બની જાય છે એમ આયુર્વેદ કહે છે. તે પચવામાં હલકી છે, અમુક અંશે સારક હોવાથી પેટને સાફ કરે છે તથા ભૂખ જગાડે છે. મૂત્રપિંડ ને મૂત્રાશય પર તે ઉપકારક છે. લૂ લાગવા પર તો તે અસરકારક છે. કેરી ખાધા પછી થોડુંક દૂધ કે છાશ પીવી. ચોખા, મકાઇ, જવ કે ઘઉં કરતાં પણ કેરીની કૅલરી-શક્તિ વધારે-એક શેર કેરીએ ૩૨૦ કૅલરી-છે. એ.બી.સી. ત્રણે વિટામિનો તેમાં રહેલાં છે, અને વિટામિન સી.નો તો તે ખજાનો છે. રાસાયનિક પૃથક્કરણમાં તેનું પૌષ્ટિકત્વ બીજાં ફળો કરતાં વિશેષ જણાયું છે. કાચી કેરી જો કે બલપ્રદ, આંખનું તેજ વધારનાર અને ચામડીના રોગો હણનાર છે, પરંતુ તે દાંતને હાનિ પહોંચાડે છે, અને હોજરીમાં ચાંદાં પણ કો'ક વાર કાચી કેરી ખવાવાને કારણે પડે છે. કાચી કેરીની ગોટલી હરસના રોગ પર ગુણકારી છે.

જેમ પ્રત્યેક ફળ-ચીજનો તેમ કેરીનો પણ વિવેકપૂર્ણ ઉપયોગ થવો ઘટે. આપણે જાણીએ છીએ કે કેરીનો રસ વાયુ કરે છે, આથી જ એમાં સૂંઠ નાખવાનો રિવાજ છે. આ વાયુ સૌથી પહેલાં પેશાબને અટકાવે છે. પરિણામે પેશાબનાં ઝેરો લોહીમાં સંગ્રહાઈ એમાં ખટાશ પેદા કરી લોહીનું ક્ષારત્વ ઘટાડે છે અને વાતજ રોગો પેદા કરે છે. કેરીથી પસીનો ઓછો થાય છે. આથી ચામડીના અમ્લયોગી ક્ષારો વધતાં ઉનાળાનાં ધામિયાં ગૂમડાં નીકળે છે, ક્વચિત શીળસ નીકળતું જોવામાં આવે છે તેમજ ચામડીના રોગો પણ કેટલીક વખત થાય છે. સગર્ભા સ્ત્રીઓ, પ્રસૂતા સ્ત્રીઓ કે આર્તવદર્શન દરમ્યાનના દિવસો અને કમરનો દુખાવો ને પ્રદરની ફરિયાદવાળી બહેનોએ કેરીનો-ખાસ કરીને ખાટી તેમજ કાચી-ઉપયોગ ન કરવો જોઈએ. કેરી પોતાની ખટાશ દ્વારા પિત્તને વધારે છે. (જન્મભૂમિ-પ્રવાસી)

કરકસરની દૃષ્ટિએ આંબાનું ઘણું મૂલ્ય છે. તેનો કોઈ ભાગ નકામો જતો નથી. તેના થડમાંથી મજબૂત અને ખરસટ ઇમારતી લાકડું મળે છે. આંબાનો મોર ઔષધમાં વપરાય છે. તે પાકીને બેસતા 'મરવા'નું કચુંબર અને પછી કાચી કેરીને બાફીને તેમાંથી બનાવવામાં આવતું શરબત લૂ માટે રામબાણ છે. આંબો વાતાવરણને શુદ્ધ કરે છે. આથી જ માંગલિક પ્રસંગોએ તેનાં પાનનો તોરણ વગેરે માટે ઉપયોગ કરવામાં આવે છે. આંબાના મોરમાંથી બનતું મધ ઘાટું ને સ્વાદિષ્ટ હોય છે. જાવી લોકો તો વળી તેની ઝીણી, કૂણી, ભૂરી કૂંપળો પણ ભાત સાથે આસ્વાદે છે. તેની ગોટલીના લોટની તેઓ રાબડી બનાવે છે ને નારિયેળીના દૂધ સાથે ખાય છે. ભારતમાં વર્ષે આખરે ૧ લાખ ટન ગોટલી મળી શકે છે. આપણા ખોરાકમાં કેરીની ગોટલી પૂરક નીવડે તેમ છે. તેમાં શરીરને ઘડનારાં તત્ત્વો રહેલાં છે, ને તેના લોટની રોટલી સ્વાદિષ્ટ બને છે. કોંકણના કણબી લોકો આવી રોટલી ખાય છે. ગાંધીજી 'હરિજન'માં લખે છે: 'કેરીની ગોટલીને શેકીને જો અનાજની અવેજમાં વાપરવામાં આવે કે અનાજની જેમને જરૂર છે તેમને આપી દેવામાં આવે તો ઘણું સારું થાય'. વળી એ ગોટલીમાંથી કાંઇક મધુરું કડવું, વાતકફનાશક, રુક્ષ અને એક જાતની વાસયુક્ત તેલ પણ નીકળે છે. બળદના ખોરાકમાં કેરીની ગોટલી આપવાથી તે તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ બને છે. ગોટલીમાં કાંજીનું તત્ત્વ રહેલું છે, અને તેથી કાગળ, કાપડ, માટીકામ, ઘોગીકામ, છાપકામ, આથો ચડાવવાનું કામ વગેરેના ઉદ્યોગોમાં તે ઉપયોગી નીવડે છે.

આંબાના દૂધનો ગુંદ થઈ તેની રાળ બને છે. ગોટલી ને છાલ દૂઝતા હરસ, ઝાડા, રક્તાતિસાર ને રક્તપિત્ત ઉપર ઘણાં ઉપયોગી મનાય છે. કેરીની ગોટલીમાંથી નીકળતું તેલ સંધિવા અને શૂળ ઉપર, આંબાનો મોર પિત્ત, પ્રમેહ અને પ્રદર ઉપર (મધ સાથે), તેનાં પાનનો રસ ઝાડના રોગ ઉપર, અને તેનો મુરબ્બો પિત્તરોગ ઉપર ફાયદાકારક છે. આંજણી ઉપર આંબાની ડાંખળીનો રસ ચોપડવામાં આવે છે. લોહીની ગ્રેલટી પર ગોટલીનો રસ કાઢી નાકમાં તેનાં ટીપાં પાડવામાં આવે છે. તેનાં પાંદડાંની રાખ ચાંદાં ને ખરજવાં રુઝાવવામાં વપરાય છે. તેનો તાજો ગુંદર દાદર મટાડનાર અને તેનું દાતણ તંદુરસ્તી આપનાર મનાય છે. તેની ગોટલીનું ૨૦થી ૩૦ ઘઉંભાર ચૂર્ણ જૂના ઝાડા, મરડા તેમ જ અત્યાર્તવ (વધારે પડતા રજસ્રાવ) અને દૂઝતા હરસ ઉપર અપાય છે. તેની ગોટલીનો ઉકાળો એકલો અથવા બીલાં અને સૂંઠ સાથે ઝાડા ઉપર ૬૦ થી ૯૦ ટીપાંની માત્રામાં અપાય છે. તેનાં આંબોળિયાં(કાચી કેરીની સૂકવી રાખેલી ચીરો)માં સાઇટ્રિક ઍસિડ હોવાથી વજનમાં બમણા લીંબુના રસ જેટલું કામ દવા તરીકે આપે છે. તેની છાલનો ચા ૬૦ થી ૯૦ ટીપાંમાં અત્યાર્તવ, દૂઝતા હરસ અને છાતીમાંથી પડતા લોહી ઉપર અપાય છે, આંબાનાં પાનમાંથી બનાવાતાં જુદાંજુદાં તેલનો આયુર્વેદિક બનાવટોમાં ઉપયોગ થાય છે.

જંગલ અને ડુંગરામાં ઊગેલા આંબાને 'રાની', ખેતરમાં ઊગતા ઊંચી

જાતનાને 'ઈરસાલ' અને કલમ વાળી ઉગાડવામાં આવતાને 'કલમી' કહે છે. આંબો મુખ્યત્વે ભારતીય વૃક્ષ છે, જોકે બીજા ઉષ્ણકટિબંધીય દેશોમાં પણ તે થાય છે. કેરીને પાકવા માટે સૂર્યનાં આકરાં કિરણોની ખાસ જરૂર હોઈ, ઠંડા પ્રદેશમાં આંબા ઉગાડાતા નથી.

આંબો બબ્બે વર્ષે એકાંતરે વધુ ફાલ આપે છે. સાધારણરીતે દરિયાની સપાટીથી પાંચ હજાર ફૂટની ઊંચાઈ કરતાં સાડાત્રણ હજાર ફૂટની ઊંચાઇ સુધીમાં રોપાએલા આંબા વધુ સારા નીવડે છે એવો અનુભવ છે. ડુંગરના ઢાળ તેમજ ઉપજાઉ મેદાનો બંને જગ્યાએ તેનો પાક લઈ શકાય છે. વાવ્યા પછી તેને પહેલો મોર બેસતાં ખાસ્સાં પાંચથી નવ વર્ષ લાગી જાય છે: 'ઉતાવળે આંબા ન પાકે' એ કહેવતનું મૂળ આ હકીકતમાં છે. વસંતઋતુમાં આંબાને મોર આવતાં વાતાવરણ સુગંધે મહેકી ઊઠે છે. પોતાની મોહકતાથી આ આમ્રમંજરી કામદેવનાં પાંચ પુષ્પબાણ પૈકીનું એક બની રહી છે. વિખ્યાત અરબ મુસાફર ઈબ્ન બતૂતાને મતે આંબાના જેવી ઘનઘેરી છાયા કોઈ વૃક્ષ આપતું નથી. આ વૃક્ષની છાયામાં માત્ર એક જ્વર લાગુ પડે છે: કામજ્વર!

ગૃહમાંગલ્યસૂચક આમ્રવૃક્ષ ને આમ્રફળનું ભારતીય કલાપ્રણાલીમાં પણ આગવું સ્થાન છે. અજંતા-ઇલોરાની ગુફાઓમાં તે આલેખાએલાં જોવા મળે છે. કૂંપળ આવ્યા પછી જો આંબાને મોર આવે તો મોસમ દરમ્યાન આંબાને ફળ લાગતાં નથી એવી તેની વિચિત્રતા છે.

નાનકડી કાચી કેરીને 'મરવા' ('મોર' ઉપરથી અથવા સૌરાષ્ટ્રમાં 'ખાકટી') કહે છે. કાચી કેરી રંગે લીલી હોય છે અને તેનો ગર્ભ સફેદ હોય છે. પાકી કેરી સાધારણરીતે રંગે પીળી અને તેનો ગર્ભ કે રસ પણ પીળો હોય છે; પણ પાકી કેરીના નિરનિરાળા રંગ તો અનેક જોવા મળે છે: પીળો, ઝાંખો પીળો, ગુલાબી, ગુલાબી પીળો, સફેદ વગેરે. લખનૌની સફેદા કેરીનો રંગ સફેદ હોવાને કારણે તેને આ નામ મળ્યું છે.

ભારતમાં શુમારે ૩૦ લાખ એકર જમીનમાં આંબાની ખેતી થાય છે. ગંગાનાં મેદાનોની ઊંડી કાંપવાળી જમીન કેરીના પાકને બહુ અનુકૂળ આવે છે. ઉત્તર પ્રદેશમાં ૧૦ થી ૨૫ લાખ ઉપરાંત જમીનમાં સૌથી વધુ આંબા ઉગાડાય છે. મદ્રાસમાં ૨૫ લાખ ઉપરાંત એકરમાં, પશ્ચિમ બંગાળમાં ૯૦,૦૦૦ ઉપરાંત એકરમાં, બિહારમાં લગભગ ૬૦,૦૦૦ એકરમાં અને પંજાબમાં લગભગ ૫૦,૦૦૦ એકરમાં.

આંબાની કલમ રોપવાનો સમય ઠેકઠેકાણે જુદોજુદો છે, પરંતુ સામાન્યપણે તે જુલાઈથી ડિસેમ્બર સુધીનો હોય છે. સાઠ ઈંચથી વધુ વરસાદવાળા પ્રદેશમાં કલમ રોપી શકાતી નથી, તેથી ત્યાં વરસાદ પછી કલમ રોપવામાં આવે છે. બીજુ કેરી કરતાં કલમી કેરીનું આપણે ત્યાં ઓછું ઉત્પન્ન છે, જોકે સરખામણીમાં કલમી કેરી બીજાઉ કરતા વધુ સ્વાદિષ્ટ અને મધુર હોય છે.

આંબો વધવા માંડે ત્યાં તેને કોરીને પોલો કરી નાખનારો ઇયળ જેવો એક કીડો થાય છે; તેથી દર પંદરપંદર દિવસે માછલીના તેલ ને સાબુના મિશ્રણવાળું પાણી આંબા પર છાંટતા રહેવું જોઇએ. તેનાં પાંદડાં પર વાર્નિશ ચોપડ્યો હોય એવી જીવાત પડે છે. ઉપરાંત વાંદા નામનો એક રોપ પરોપજીવી તરીકે તેના પર ઊગે છે. તે માટે તેવી ડાળી તરત કાપી નાખવી. આંબાની પોલમાં પેઠેલાં જીવડાં કે 'ઘણુ' માટે ડામરમાં લૂગડું બોળી પોલમાં ભરી દેવું. થડ ઉપરની ઊધઈ માટે હીંગ, ડીકામારી ને એળિયાનું મેળવણ સોનાગેરુ સાથે ભેળવી ચોપડવું. આ ઉપરાંત મીઠું, કાદવ, સલ્ફેટ વગેરેનું ખાતર પણ આપવું.

ગઈ સાલ રત્નાગિરિમાં પડેલા કમોસમના વરસાદને લીધે અને ગુજરાતમાં પડેલી વધારેપડતી ઠંડીને કારણે પશ્ચિમ ભારતના કેરીના પાકનો ૭૫ ટકા ભાગ નાશ પામ્યો હતો. આવી અણધારી કુદરતી આપત્તિઓ પણ કેરીના પાકને નુકસાન પહોંચાડી જાય છે.

અગ્નિ એશિયાના દેશો, ફિલિપ્પાઇન ટાપુઓ, ઉષ્ણકટિબંધીય ઑસ્ટ્રેલિયા, બ્રહ્મદેશ, સિલોન, પૂર્વ આફ્રિકા, ને બ્રાઝિલમાં યે આંબા ઉગાડાય છે. અમેરિકામાં પણ કેરીનો ઉત્તમ પાક લેવાના પ્રયોગો વૈજ્ઞાનિકો કરે છે; પરતુ તે સૌમાં ભારતીય કેરી આજ સુધી બેનમૂન રહી છે.

પશ્ચિમી તેમજ આયુર્વેદના જ્ઞાનનો સમજપૂર્વક સુભગ સમન્વય સાધીને આપણાં આરોગ્ય, ઔષધોપચાર તથા જીવનચર્યા વિષે સર્વજનસુલભ જ્ઞાન પ્રચારનાર ખ્યાતનામ વિદ્વાન તથા આયુર્વેદાચાર્ય શ્રી બાપાલાલ ગ. વૈદ્યના 'ખોરાકનાં તત્વો' નામક પુસ્તકમાંથી નીચેનો લેખ ઉતાર્યો છે.

હિંદુસ્તાન જેવા ગરીબ દેશના વતનીઓના ભાગ્યમાં જો કોઈ પણ ફળ પેટ ભરીને ખાવા નિર્માણ થયું હોય તો તે કેરી એક જ છે. વળી તે એટલી સ્વાદિષ્ટ છે કે તે ગમે તેટલી ખાતાં યે રુચિ ઘટતી નથી.

વૃક્ષ ઉપર પાકેલી કેરીઓ (સાખ) પરમ વાતહર છે, પણ પચવામાં ભારે ખાટી અને પિત્તને કરનારી છે. વૃક્ષ ઉપરથી ઉતારી, ઘાસ કે પરાળથી દાબીને પકવેલી કેરી પિત્તનો નાશ કરનાર છે, કારણ કે એમાંની ખટાશ અદશ્ય થઇ તેનું સ્થાન મધુરતાએ લીધું હોય છે. પાકી કેરીનો રસ રુચિ ઉત્પન્ન કરનાર, બલ આપનાર, વીર્ય વૃદ્ધિ કરનાર, શીતલ, જલદીથી પચી જાય એવો, સારક (રેચક) અને વાતપિત્તને હરનાર છે.

કેરી ચૂસીને ખાવી સારી છે; પરંતુ જે કેરીમાં રેષા બહુ હોય તેવી કેરીનો રસ કાઢી, કપડા વડે તે રસને છીણી નાખી પછી જ ખાવો જોઇએ. ગાળેલો રસ બલપ્રદ, ગુરુ, વાતહર, સારક, પુષ્ટિપ્રદ, પરંતુ સહેજ કફ વધારનાર હોય છે. કેરીના રસમાં ૧૬ ટકા જેટલું ગ્લાસરીન છે એટલે તેની અસર સારક-રેચક છે. કેરીનો રસ આટલો મિષ્ટ છે છતાં ય તેમાં સાકરનું પ્રમાણ ઘણું જ થોડું છે. આ કારણથી કેરી મધુપ્રમેહ અને નજલા(ગાઉટ)ના દરદીને જરૂર આપી શકાય. કેરીના રસમાં ૮૨ ટકા જેટલું પાણી, ૦·૫ ટકા ખનિજ પદાર્થો, ૦·૮ ટકા જેટલું કાર્બોદિત, ૦·૨૫ ટકા જેટલું મૅલિક ઍસિડ અને નામની જ ખાંડ છે.

કેરીના રસના પાપડ (आम्रावर्त्त) થાય છે. કથરોટ કે પાટિયા ઉપર થોડું ઘી ચોપડી પછી કેરીનો રસ તે ઉપર પાથરી તેને સૂર્યના તાપમાં સૂકવવામાં આવે છે. સૂર્યના તાપના પ્રભાવથી આવો પાપડ પચવામાં હલકો, રુચિપ્રદ, સારક, તૃષા, ઊલટી, વાયુ ને પિત્તને હણનાર મનાય છે.

કાચી કેરી ઉત્તમ રક્તપિત્તનાશક (Antiscorbutic) છે. કેરીનાં આંબોળિયાં (आम्रपेशिका) ખટાશ તરીકે વાપરવાં હિતકર છે; કેમકે તે મલાદિને ભેદનાર અને કફ અને વાતને જીતનાર છે.

એક અચ્છોળ કેરીના રસમાં ૦·૧૯ ગ્રામ પ્રોટિન, ૦·૦૩ ગ્રામ સ્નેહ, ૨·૩૬ ગ્રામ કાર્બોદિત, ૩·૬ ગ્રામ કૅલ્શિયમ, ૫·૧ ગ્રામ ફૉસ્ફરસ, ૧·૩૨ ગ્રામ લોહ છે. ૧ ઔંસ કેરી ૧૨ કૅલરી ઉષ્મા આપનાર છે. અર્થાત્ કેરીમાં કૅલ્શિયમ, ફૉસ્ફરસ અને લોહ ત્રણે ય છે.

કેરીની ઘણી જાતો થાય છે: આફુસ, કલમી, પાયરી, લંગડો, મલગુબ્બો, સિંદૂરિયો, રસરાજ, સરદાર વગેરે. જે કેરીમાં ખુશબો હોય, ખૂબ સ્વાદિષ્ટ હોય, ઓછા રેસા ને વિપુલ ગર્ભ હોય તે ઉત્તમ સમજવી. ખટમધુરી, નાની કેરીઓ સ્વાસ્થ્ય માટે હિતકર નથી.

સારી પાકી કેરી લઈ, તેને હાથથી મસળી નાખવી. પછી એમાં એલચી, લવિંગ, આદુ, હળદર વગેરે નાખી સહેજ વઘારીને ખાવી. આનું નામ आम्रपानकम्. એ સારી બનાવટ છે. પંચમહાલ તરફ આને 'કેરીના ગોટલા' કહે છે. કેરી સારામાની જ લેવી જોઇએ.

પાકી કેરીમાં વિટામિન 'એ' સારા પ્રમાણમાં અને 'સી' ઘણા જ સારા પ્રમાણમાં હોય છે. 'એ' રોગપ્રતિકારશક્તિ આપનાર છે અને 'સી' સ્કર્વી વગેરે રોગોનો નાશ કરનાર છે.

આમ, કેરી એક અત્યુત્તમ ખાદ્ય પદાર્થ છે. ચરક યોગ્ય જ કહે છે કે પાકી કેરી માંસ, વીર્ય અને બલને વધારનાર છે.

કલાવાર્તા

રાજ્યબંધારણની કલાત્મક પ્રત

કલાચાર્ય શ્રી નંદલાલ વસુ ને શાન્તિનિકેતન-ના અન્ય કલાકારોનાં સુશોભનોથી મંડિત આપણા ભારતના રાજ્યબંધારણની એક ખાસ કલાત્મક નકલ પણ છપાઈ છે તે જાણો છોને? દિલ્હીના રાયઝાદા શ્રી બ્રિજબિહારી નારાયણના સુપુત્ર શ્રી પ્રેમબિહારી નારાયણ રાયઝાદા(સકસેના)એ અંગ્રેજી 'કર્સિવ સ્ક્રિપ્ટ' (ત્રીજી ચોથી એ. બી. સી. ડી.)માં એકધારા સુલેખનથી હાથે લખેલી, ને તે સમયના લોકસભા-રાજ્યસભા સભ્યસભ્યોની સહીઓવાળી એ મોંઘી પ્રત દેહરા દૂનના 'સર્વે ઑવ ઇંડિયા'-ના સરકારી છાપખાનામાં ખાસ જહેમતે છાપવામાં આવી છે. એનું પ્રત્યેક પૃષ્ઠ ભારતીય ઢબની સુંદર વેલબુટ્ટીની કિનારથી, બહુરંગી મુદ્રણમાં મંડિત છે, અને પ્રત્યેક પ્રકરણને મથાળે નામી કલાકારોએ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસના પ્રસંગોને નિરૂપતાં ચિત્રો આલેખેલાં છે. એમાંનાં કેટલાંક આ પછીનાં પાનાંઓ ઉપર આપ્યાં છે, તે કલા-સંસ્કૃતિના ચાહકો તથા અભ્યાસીઓમાં રસ, અને એ આવૃત્તિ જોવાની જિજ્ઞાસા, પ્રકટાવશે એવી આશા છે.

શાળા માટે કળા

એ નામથી ઇંગ્લંડમાં છેક ઈ. ૧૯૪૭થી વાર્ષિક પ્રદર્શનો યોજાય છે, જેમાંથી ઉચ્ચ કક્ષાનાં મોંઘાં ચિત્રો, હાથછાપો, હસ્તકૌશલથી ભરતમાં કરેલાં ચિત્રો, શિલ્પો, માટીપાત્રો આદિના ચુનંદા નમૂનાઓ શાળાઓ હૉલેજો તથા શિક્ષણસંસ્થાઓ ખરીદી પણ શકે છે. જે હજારો વિદ્યાર્થીઓ પ્રદર્શન જોવા આવે છે તેમણે પોતપોતાની પ્રિય કૃતિ વિષે મત પણ આપવાનો હોય છે. આથી કલાની મૌલિક ચીજોનો સંપર્ક મળવા સાથે વિદ્યાર્થીઓની કલાદૃષ્ટિ પણ ખીલતી જાય છે. આપણે ત્યાં સત્તાવાળાઓએ આવું કરવું જોઈએ.

∽


અમદાવાદ ભારત કલા મંડળ તરફથી સ્થાનિક કલાકારોની કલાકૃતિઓનું એક પ્રદર્શન ૧૫મીથી ૨૫મી ફેબ્રુઆરી સુધી ત્યાંના 'સંસ્કાર-કેન્દ્ર'માં યોજાયું હતું. પ્રદર્શનમાં ચિત્ર, શિલ્પ તથા મુદ્રણક્ષમકલા(ગ્રાફિક આર્ટ)ના ૪૫ કલાકારોના લગભગ ૧૫૦ જેટલા નમૂનાઓમાંથી ૪૦ કલાકારોની ૧૧૦ જેટલી કલાકૃતિઓ રજૂ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ભરાએલાં સ્થાનિક કલાકારોની કલાકૃતિઓનાં પ્રદર્શનોમાં આ વખતનું પ્રદર્શન આયોજન, રંગ, વિષય, ભાવ અને પદ્ધતિની દૃષ્ટિએ વિશિષ્ટ પ્રકારનું હતું. પ્રદર્શન માટે કલાકૃતિઓ મોકલનારા કલાકારોમાં કેટલાક કલાકારોની કલાકૃતિઓ, અખિલ ભારતીય ધોરણે યોજાતાં કલાપ્રદર્શનોમાં સ્થાન પામેલી હોઈ પ્રદર્શન સારા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. એ ઉપરાંત આ પ્રદર્શન વખતે એક નવું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેક્ષકોમાં ચિત્રો વિષે ઊંડો રસ જાગૃત કરાવવાના ઉદ્દેશથી તથા લોકદૃષ્ટિ સમજવાના હેતુથી દરેક પ્રેક્ષકને એક પત્રક આપવામાં આવ્યું હતું. તેમાં પોતાની પસંદગીનાં પાંચ ચિત્રોને તેમણે શ્રેષ્ઠતાના ક્રમમાં નોંધવાનાં હતાં, તથા તેમ કરવા માટેનાં પોતાનાં કારણો વિગતવાર જણાવવાનાં હતાં. આમાં જેઓ યોગ્યતા સિદ્ધ કરે તેમને (એ ૫૦૦ જેટલાં પત્રકોમાંથી તારવી કાઢેલા પાંચ પ્રેક્ષકોને) એકસરખાં ઈનામો આપવાનું ઠરાવ્યું હતું. આ રીત અજમાવવાથી જોનારામાં નવા જ પ્રકારનો ઉમંગ જણાયો હતો ને પોતપોતાની પસંદગી નક્કી કરવા સારુ પ્રેક્ષકો વારંવાર જુદાંજુદાં ચિત્રો વિવેચનાદૃષ્ટિએ જોતા હતા. તેથી લોકશિક્ષણનો એક નવો જ તરીકો અમલમાં મુકાયો હતો.



કલા-આલેખન : ભારતીય સંયોજના તથા રેખાવટનો નમૂનો : 'કેશકલા' (પૂર્ણેન્દુ પાલ)

∽

વીલેપારલે(મુંબઈ-૨૪)ના 'સી સપ્લાયર્સ લિ.' તરફથી તાજેતરમાં પ્રકટ થએલા ચિત્ર-શબ્દ-સંપુટ 'ગુજરાતના સાહિત્યસર્જકો'માં શ્રી રવિશંકર રાવળે આપણા સાહિત્યકારની જે ૪૦ તસ્વીરો આલેખેલી છે, તેમાં એમણે પોતાની કલ્પનાપ્રતિભાથી તદ્દન નવી જ સર્જેલી આપણા આદિ કવિઓની છ તસ્વીરો ગુજરાતની સંસ્કારિતાના ઇતિહાસમાં લક્ષણયુક્તતાથી ચિરંજીવ રહેવા સર્જાએલી છે. આ અંકના 'સાહિત્યસંપર્ક' વિભાગમાં તેની નાની પ્રતિકૃતિઓ આપેલી છે.



Part IX

The Territories in Part D of the First Schedule and other Territories not specified in that Schedule


Administration of territories specified in Part D of the First Schedule and other territories not specified in that Schedule.

243. (1) Any territory specified in Part D of the First Schedule and any other territory comprised within the territory of India but not specified in that Schedule shall be administered by the President acting, to such extent as he thinks fit, through a Chief Commissioner or other authority to be appointed by him.

(2) The President may make regulations for the peace and good government of any such territory and any regulation so made may repeal or amend any law made by Parliament or any existing law which is for the time being applicable to such territory and, when promulgated by the President, shall have the same force and effect as an act of Parliament which applies to such territory.



રાજ્યબંધારણની સચિત્ર પ્રતનું એક પાનું. વિશદતા ખાતર અહીં તો એ મૂળ આખા પાનાનો આસપાસની શોભનમંડિત કિનારીઓ વિનાનો માત્ર મુખ્ય ભાગ જ આપ્યો છે. એ સુંદર કિનારીઓ સાથે આખા પાનાનો ઉઠાવ તો સવિશેષ આવે છે. આમાં લખાણને મથાળે ગુપ્ત સમ્રાટ વિક્રમાદિત્યનો દરબાર તથા નીચે તેની મુદ્રાનું આલેખન છે. અને લખાવટનો મરોડ જોયો?




આપણા રાજ્ય-બંધારણની હસ્તલિખિત અને સુશોભનમંડિત કલાત્મક પ્રતનાં વિવિધ પ્રકરણોનાં મથાળાં માટે કલાચાર્યશ્રી નંદલાલ વસુ તથા શાન્તિનિકેતનના અન્ય કલાકારોએ કરેલાં, આપણા સાંસ્કૃતિક ઇતિહાસનાં કેટલાંક પ્રસંગાલેખનો. મથાળેથી : (૧) મહાબલિપુરમ(દક્ષિણમાં)નાં પ્રાચીન શિલ્પો પર આધારિત પુરાણ-પ્રસંગ : 'ભગીરથની તપશ્ચર્યાને અંતે ગંગાનું અવતરણ', (૨) રામાયણ-પ્રસંગ : 'લંકાવિજય બાદ સીતાને પાછી લઇ વળતા રામ-લક્ષ્મણ', (૩) મહાભારત-પ્રસંગ : 'કુરુક્ષેત્ર પર વિષાદગ્રેર્યાં અર્જુનને શ્રીકૃષ્ણનો ગીતાબોધ'.











ભારતના રાજ્ય-બંધારણની કલાત્મક પ્રતનાં થોડાં વધુ સુશોભનો : મથાળેથી (૧) એક સમૃદ્ધ શોભન કિનારના ચાર ખૂણાના ચાર મુદ્રા—નંદી, અશ્વ, સિંહ અને હાથી—અજંટા તથા અન્ય શૈલીની પરંપરાએ; (૨) ભારત અને બૃહદ્‌ભારતમાં અશોક દ્વારા બૌદ્ધ ધર્મનો પ્રચાર; (૩) કોમી આગથી ભસ્મીભૂત થએલા નોઆખલીમાં ગાંધીજીની શાંતિયાત્રા; (૪) મહાવીરની તપસ્યા : પ્રાચીન ગુજરાતી ચિત્રશૈલીએ; છેલ્લે : નાલંદાની બૌદ્ધ વિદ્યાપીઠની મુદ્રા.



પાનાંની રમત

લેખક · સાધુરામ દવે

કોયડાનો ઉકેલ

'કુમાર' અંક ૪૨૧માં રજૂ કરેલ, સુંદર કોયડાનો તે વખતે મળેલા ૪૨ જવાબમાંથી એક પણ સાચો ઉકેલ નહિ હોવાથી, ફરીથી તે જ પ્રશ્ન અંક ૪૨૨માં મૂકવામાં આવેલ. તે જ અંકમાં, એ કોયડા માટે કેટલુંક માર્ગદર્શન પણ મેં કરેલું અને એ માર્ગદર્શન બાદ, આજ સુધીમાં ૬૩ વાંચકોએ જવાબ મોકલ્યા છે. સહર્ષ મારે નોંધ લેવાની કે આ વખતે તેમાં ચાર સાચા જવાબો મળેલા છે. તેમનાં નામ આ મુજબ છે:—(૧) શ્રી ચંપકલાલ પી. મહેતા, ૪૦૨૧–નયા બજાર, દિલ્હી ૬; (૨) ડૉ. એચ. કે. ગાંધી, એમ.બી.બી.એસ., નરોડા (એ. પી. રેલ્વે); (૩) શ્રી રમેશ મહેતા, પો. ઓ. બૉ. ૩૬, કાલીકટ (કેરાલા); (૪) શ્રી જી. વી. દેસાઈ, એન. એમ. ઝવેરી યુનીઅન હાઇસ્કૂલ, સુરત.

આ ચારેય, સાચા ઉકેલ મોકલનાર વાચકોને, 'કુમાર' કાર્યાલય તરફથી એક એક સુંદર ચિત્ર મોકલી આપવામાં આવશે. આ ચારેય હરીફો ખુશીથી ગર્વ પણ લઈ શકે, કારણ કે આ કોયડો એ અગાઉ જણાવ્યા મુજબ, ખૂબ જ ઊંચી કક્ષાનો છે અને તેનાં પાનાંની ચાલવણી ખરે જ બુદ્ધિ અને પ્રખર વિચારણા માગી લે છે. સાનંદ નોંધ લઉં છું કે ચાર બહેનોએ પણ એમાં ભાગ લીધો છે. સાંત્વન તેમને, તેમજ બાકીના સર્વ જવાબ મોકલનારાઓને એટલું જ કે તેમના જવાબ પૂરા સાચા નહિ હોવા છતાં, તે સર્વનો પ્રયત્ન પ્રશંસનીય છે.

હજુ પણ કેટલાક વાચકો, પૂર્વ પશ્ચિમનો બચાવ તદ્દન મોળો જ બતાવે છે; તો પછી રમતની મઝા જ શી? તેમજ એક વાચક, રમતનો ક્રમ ઊંધો બતાવે છે. હવેથી આ બાબતનો નિર્દેશ કરવો એ જરૂરી ન જ ગણાવું જોઇએ. હમેશાં ધ્યાન આપો કે પાનાંની સર્વ રમતમાં, ઘડિયાળના આંકડાનો ક્રમ જ પાનાં વહેંચતાં તેમજ રમતાં જાળવવો અને બીજી સૂચના ન અપાઈ હોય ત્યાં સુધી, સામા પક્ષનો બચાવ હમેશાં શ્રેષ્ઠ જ સમજે; એટલે કે એમ સમજી જ લેવું કે ચારે ય ખેલાડીઓ રમવામાં કુશળ જ છે અને સામે ચાલીને કોઇ રમત ફેંકી નહિ દે! તો હવે કોયડો અને તેનો ઉકેલ જોઇએ.

♠ Q J 10
♥ A J 7 2
♦ A Q 5
♣ A 10 3

પ (પશ્ચિમ):
♠ 9 8 7
♥ 10 5 4
♦ K J 9
♣ Q 8 6 5

પૂ (પૂર્વ):
♠ K
♥ Q 8 3
♦ 10 8 7 4 3
♣ J 9 4 2

ઉ / પ / પૂ / દ

♠ A 6 5 4 3 2
♥ K 9 6
♦ 6 2
♣ K 7

ઉપરની ચારે ય બાજી ઉઘાડી પડેલી છે. પશ્ચિમનો રમનાર, પ્રથમ કાળીના નવ્વા (S9)ની ઊતર શરૂ કરે છે. અને હવે ઉત્તર દક્ષિણ બિલ્લુઓએ કાળીના જ સર ગણી, શ્રેષ્ઠ બચાવ સામે, તેરેય હાથ કરી લેવાના છે. બ્રિજની ભાષામાં 7S અથવા કાળીમાં 'ગ્રાન્ડ સ્લામ' કરવાનો છે. ચારે ય બાજી જોતાં જ સમજાશે કે ચોકડીનો બાદશાહ પશ્ચિમમાં હોઈ, ચોકડીના બે, કાળીના સરના છ, લાલના બે અને ફુલ્લીના બે એમ બાર હાથ તો ઉત્તર દક્ષિણના, ખણખણતા રોકડા જ છે. હવે તેરમો હાથ ક્યાંથી લાવવો? તે 'સ્ક્વીઝ' એટલે સામાવાળાઓ ઉપર પકડ ચઢાવીને બનાવવાનો રહેશે. દક્ષિણના સરની લાંબી લંગાર જ્યારે તે રમવા માંડે ત્યારે પૂર્વ પશ્ચિમવાળાઓને તેમાં ક્યાં પત્તાં ફિશ છોડવાં તેની મૂંઝવણમાં મૂકવા તેને જ 'સ્ક્વીઝ' કહેવાય. પરંતુ તે બરાબર યોગ્ય સમયે, શુભ મુહૂર્ત જ (proper timing) થવું જોઇએ. તે માટે પહેલેથી થોડી વિચારણાની જરૂર છે. દક્ષિણ જ્યારે સર રમે, ત્યારે ઉત્તરમાંથી પાનું નાખતા પહેલાં, પશ્ચિમને પહેલું પાનું નાખવું પડે, માટે પહેલી પકડ આપણે પશ્ચિમના રમનાર ઉપર રાખી મૂકવાની. તે માટેની ગોઠવણ પણ પહેલેથી જ કરી મૂકવાની. આટલી વિચારણા બાદ જ, કોયડો ઉકેલવાનો પ્રયત્ન શરૂ કરવો.

હવે આપણે રમત શરૂ કરીએ.

પશ્ચિમ ♠9 થી રમત શરૂ કરે છે, અને તે હાથ દક્ષિણ ♠Aથી લે છે. તુર્ત જ દક્ષિણ ચોકડીની દૂરી રમે છે અને ઉત્તરમાંથી ♦Q રમી, તે હાથ લે છે. પછી ઉત્તરમાંથી કાળીના Q અને J રમાય છે. આમ ચાર હાથ રમાઈ જાય છે. પાંચમી ઊતરમાં, ઉત્તરના ખેલાડી લાલનો J રમે છે. પૂર્વને લાલની રાણી રમ્યે જ છૂટકો નહિ તો લાલમાં ત્રણ હાથ ઉત્તર દક્ષિણના થઈ જાય. એટલે પૂર્વ લાલની રાણી રમે અને દક્ષિણ લાલનો K મૂકી, પાંચમો હાથ કરે છે. આ પાંચમી ઊતર, ખૂબ જ અગત્યની છે. પૂર્વની લાલની Q અગત્યનું પાનું હતું, પરંતુ એ પકડ લેવાનું પાનું તેની પાસેથી કઢાવી નાખી, આપણે પશ્ચિમને સપડાવવાનો આ કમાલ વ્યૂહ યોજ્યો છે. પૂર્વ ઉપરથી પકડ ખસેડી, પશ્ચિમ ઉપર તે લટકાવી આને અંગ્રેજીમાં Transfer Squeeze (ટ્રાન્સફર સ્ક્વીઝ–પકડ ફેરવણી) કહેવામાં આવે છે. પૂર્વની લાલની રાણી કઢાવી, પશ્ચિમનું લાલનું દસ્સાનું પાનું હવે ખૂબ અગત્યનું બનાવવામાં આવ્યું. હવે પશ્ચિમનો તે લાલનો દસ્સો તેના ભેરુ પૂર્વને ખૂબ જ કામનું પાનું (Busy card) થયું.

છઠ્ઠી ઊતર દક્ષિણ સરની કરે છે અને અહીં સુધી પૂર્વ પશ્ચિમને ફિશ નાખવાની મુશ્કેલી નથી. આ છઠ્ઠી ઊતરમાં, ઉત્તર લાલની દૂરીની ફિશ છોડે છે. હવે સાતમી જ ઊતરમાં ખરી પકડ શરૂ થાય છે. આ સાતમી ઊતર, દક્ષિણનો રમનાર સરની તીરીની કરે છે. પશ્ચિમની બૂરી દશા હવે જુઓ. તે લાલનું પાનું તો ફિશમાં નાખી જ ન શકે એટલે તેણે ફુલ્લી યા ચોકડીનું પાનું નાખ્યે જ છૂટકો. ધારો કે સાતમી ઊતરમાં પશ્ચિમ ચોકડીનું પાનું નાખે છે તો પછી ઉત્તર, ફુલ્લીની તીરીની ફિશ તેમાં છોડશે. એટલે સાત હાથ રમાયા બાદ નીચે પ્રમાણે છેવટનાં છ પાનાં, દરેક રમનારના હાથમાં રહેશે.

♠ —
♥ A 7
♦ A 5
♣ A 10

પ:
♠ —
♥ 10 5
♦ K
♣ Q 8 6

પૂ:
♠ —
♥ 8 3
♦ 10 8
♣ J 9

ઉ / પ / પૂ / દ

♠ 2
♥ 9 6
♦ 6
♣ K 7

(અ) હવે આઠમી ઊતરમાં, દક્ષિણ લાલનો નવ્વો (H 9) રમશે, પશ્ચિમે તેમાં ♥10 મૂકવો જ રહ્યો, ઉત્તર ♥A રમશે અને પૂર્વ ♥3. અહીં ખૂબી જુઓ કે પશ્ચિમને, આપણે આપણી જરૂર સુધી સાણસામાં દબાવી રાખ્યો અને જ્યારે બિચારાએ મુશ્કેલીથી ચોકડીની ફિશ છોડી, ત્યારે આપણે તેની ઉપરથી લાલનાં પાનાંની પકડ ઉઠાવી, પાછી પૂર્વને એ પકડ ચઢાવી—પકડ ફેરવણી ફરી એક વાર કરી. તેનો એટલે પૂર્વનો ♥8, હવે ખૂબ જ કામનો (Busy card) બનાવ્યો. નવમો હાથ, ઉત્તરના ♣Aનો, અને પછી ત્યાંથી જ ફુલ્લીના દસ્સાની ઊતર કરી, દસમો હાથ દક્ષિણના ફુલ્લીના બાદશાહનો. અગીઆરમા હાથમાં, દક્ષિણ તેનો છેવટનો સર, કાળીની દૂરી રમે છે. પશ્ચિમ તેમાં ગમે તે પાનું નાખે, ઉત્તર લાલનો સત્તો અને હવે પૂર્વ બિચારો મજબૂત પકડના દબાણમાં, છેલ્લા શ્વાસ લેતો થઈ જાય છે! જો પૂર્વ લાલનો 8 નાખે, તો દક્ષિણના ♥6નો, અને છેલ્લો હાથ ઉત્તરના ♦Aનો થઈ જાય. જો ચોકડીનું પાનું નાખે તો, ઉત્તરની બને ચોકડીના હાથ થઈ જાય. આમ પૂર્વ આબાદ નિચોવાઇ જાય છે. (East is hopelessly squeezed) આમ ઉત્તર દક્ષિણ તેરે ય હાથ બનાવી, કાળીના સરમાં 'ગ્રાન્ડ સ્લામ' બનાવી જાય છે.

(બ) ઉપર મુજબ જ પહેલા છ હાથ થયા બાદ, દક્ષિણની સાતમી ઊતરમાં જ્યારે તે સર રમે ત્યારે ધારો કે પશ્ચિમ ચોકડીની ફિશને બદલે, ફુલ્લીના છક્કાની ફિશ છોડે ત્યારે ઉત્તર ♦5ની ફિશ તેમાં નાખશે અને પૂર્વ ♦8ની. અને ત્યાર બાદ, છેવટનાં છ પાનાંની ગોઠવણી નીચે મુજબની રહેશે.

	♠ — ♥ A 7 ♦ A ♣ A 10 3	
♠ — ♥ 10 5 ♦ K J ♣ Q 8	ઉ. પ. પૂ. દ.	♠ — ♥ 8 3 ♦ 10 ♣ J 9 4
	♠ 2 ♥ 9 6 ♦ 6 ♣ K 7	

પહેલાંની માફક જ આઠમી ઊતરમાં, દક્ષિણ લાલનો 9 રમશે. પશ્ચિમે ♥10 રમવો જ રહ્યો, ઉત્તર ♥A અને પૂર્વ ♥3. ત્યાર બાદ નવમો હાથ, (trick) ઉત્તરના ♦Aનો. દસમી ઊતરમાં, ઉત્તરની ફુલ્લીની તીરી રમાય છે, અને દક્ષિણનો ♣K તે હાથ કરી જાય છે. અગીઆરમી ઊતર, દક્ષિણ તેના છેલ્લા સર ♠2ની કરે છે. પશ્ચિમ તેનું ગમે તે પાન ભલે નાખે, ઉત્તર તેમાં લાલનો સત્તો નાખી દે છે. પૂર્વ બિચારો તેમાં બરાબર મૂંઝાઈ જાય છે. જો તેમાં પૂર્વ લાલનો 8 નાખે તો દક્ષિણ ♥6 અને ત્યાર બાદ ફુલ્લી રમી, ઉત્તરના ફુલ્લીના એક્કાનો એમ બંને હાથ લઇ લે. જો પૂર્વ ફુલ્લીનો 9 નાખે, તો દક્ષિણ ફુલ્લી રમી, ઉત્તરના ફુલ્લીના A અને 10નો એમ બંને હાથ કરી લે. આ રીતે પૂર્વ બિચારો સંચામાં સપડાએલી નારંગીની પેઠે, નિચોવાઈ જાય છે! અને ઉત્તર દક્ષિણ તેરેય હાથ કરી જાય છે.

વાચકોને આ કોયડો હવે ગમ્યો જ હશે એમ માની લઉં છું. આ વાંચ્યા બાદ, બ્રિજમાં રસ લેવાવાળા વાચકો આ કોયડા વિશે પોતાના અભિપ્રાય લખી મોકલશે એમ આશા રાખું છું.

ઉપર એનો ખરો ઉકેલ જણાવ્યા બાદ, ખોટો જવાબ લખી મોકલનાર વાચકો પોતાની ભૂલ સમજી શકશે. ખોટા જવાબ મુખ્યત્વે પૂર્વ પશ્ચિમનાં પાનાંની ફિશ ઊંડા વિચાર વગર ફેંકાયેલી બતાવે છે. નીચેની બે બાબતો ધ્યાનમાં લેવાથી, ભૂલ ભરેલા જવાબવાળાઓને પોતાની ગેરસમજ સમજાઈ જશે.

૧ ઉત્તર લાલનાં બે પાન જ્યારે રાખે ત્યારે પૂર્વને લાલનાં ત્રણ પત્તાં સંઘરવાની કોઈ જરૂર નથી.

૨ છેલ્લા સાત હાથમાં, ફિશ નાખવાની વખતે, પૂર્વ ચોકડીનાં પાનાં સંઘરશે અને પશ્ચિમ ફુલ્લીનાં પાનાં સંઘરશે. આમ કરવાથી, તે બંને પકડમાંથી સટકી જશે. ખોટા જવાબ મોકલનારાઓએ ફિશ બંને બાજુથી એક જ જાતની બતાવી છે. એટલે તે બધાને પોતાનો જવાબ સાચો જણાયો છે. બાકી ઉપર જણાવેલ એક જ રીતથી આ કોયડો ઉકેલવો શક્ય છે. અને તે મુજબ જ અનુક્રમમાં રમવાથી, પૂર્વ પશ્ચિમ લાચાર બની જાય છે.

ફક્ત આમ જ સાચા જવાબ ઉપરાંત, પેટલાદના વકીલ શ્રી રસિકલાલ પરીખનો જવાબ, સર એક જ ડગલું મોડું રમવાના કારણે ખોટો પડે છે; બાકી તેમનો જવાબ સારો ગણી શકાય.

બે વાચકોએ, આ કોયડાનો ઉકેલ શક્ય જ નથી એમ જણાવ્યું છે. તેમને આ ઉકેલ પૂરો સંતોષ આપશે એમ માનું છું. આ કોયડામાં સો(૧૦૦) ઉપરાંત વાચકોએ ભાગ લીધો છે; આફ્રિકા, સુદાન, લંકા વગેરે સ્થળોથી હવાઇમાર્ગે પણ જવાબ મળ્યા છે; સ્ત્રી વાચકોએ પણ ભાગ લીધો છે. ડૉક્ટરો, વકીલ, ધંધાધારી, વિદ્યાર્થી વગેરે વિવિધ ક્ષેત્રોમાંથી જવાબ આવ્યા છે તે મારે મન ખૂબ જ સંતોષની વાત છે અને જે વાચકોએ આ લેખમાળા વિશે પ્રોત્સાહનજનક અભિનંદન પાઠવ્યાં છે તે સર્વનો હું આભારી છું.

તા.ક. વલસાડથી ભાઈ ફરામરોજ ધનભુરા લખી જણાવે છે કે તેઓ, તેમના પિતા સાથે હમેશાં સાંજે ૬ થી ૮ એમ બે કલાક, નિયમિત બ્રિજ રમે છે. બંનેની ઉમર અનુક્રમે ૬૩ અને ૮૪ વર્ષની છે. તેઓ બંને બ્રિજના શોખીન છે અને આટલી ઉમરે, આ રમતમાં રસ જાળવી રાખવા બદલ તે બંનેને અભિનંદન. હજી કેટલાંય વર્ષો સુધી તેમની બ્રિજ ચાલુ રહે એ શુભેચ્છા.

તેઓ જ એક રમૂજી ટુચકો પણ લખી જણાવે છે કે એક બાઈ, બ્રિજની ખાસ શોખીન હોઈ, એક નામાંકિત 'બ્રિજ એક્સપર્ટ' (bridge expert)ને પરણે છે. પરણ્યા બાદ, પોતાના મિત્રોને બોલાવી પતિને પોતાનો બિલ્લુ બનાવી રમવા બેસે છે અને જ્યારે પાનાં ચીપવાની ગમ પણ પોતાના પતિને નથી એમ જાણે છે ત્યારે ખૂબ જ લાચાર બની જાય છે; અને પૂછે છે કે તમને બ્રિજ એક્સપર્ટ જાણીને, હું લાંબી બીજી કશી તપાસ કર્યા સિવાય પરણી, ત્યારે આશ્ચર્યની વાત તો એ જોઉં છું કે તમને પત્તાં પણ ચીપતાં આવડતું નથી? પતિદેવ બિચારો બોલ્યો કે હું બ્રિજ એક્સપર્ટ તો છું જ અને દુનિયાના સારામાં સારા પુલો પણ મેં જ તૈયાર કરાવ્યા છે. (અંગ્રેજીમાં 'બ્રિજ' bridge એટલે પુલ પણ અર્થ થાય છે) એટલે પૂલ બાંધનાર કુશળ ને નામાંકિત ઍંજિનીઅર હું છું, બાકી પાનાં તો મારાથી હમેશાં બાર ગાઉ દૂર જ રહે છે!

સાહિત્યસંપર્ક

ગુજરાતના સાહિત્યકારોનો ચિત્રો સાથે પરિચય આપવાના પ્રયત્નો આપણા સાહિત્યમાં આ અગાઉ બેએક થયા છે: ચાળીસેક વર્ષ પર શ્રી જોષીપુરા સંપાદિત 'સાક્ષરમાળા'-માં, અને તે પછી કંઈક અંશે 'વિદેહ સાક્ષરો'માં. એ પછી તાજેતરમાં બહાર પડેલો, રૂપે રંગે સમૃદ્ધગ્રંથ એ ત્રીજો, અને ભલે અમુક મર્યાદાથી બંધાએલો છતાં અત્યંત આકર્ષક પ્રયત્ન છે. વીલેપારલે (મુંબાઈ ૨૪)ની 'સી સપ્લાયર્સ' સંસ્થાના યુવાન ને ઉત્સાહી સંચાલક શ્રી જગદીશ કિલ્લાવાળાએ બહાર પાડેલું એ કલાત્મક પ્રકાશન તે **ગુજરાતના સાહિત્ય સર્જકો-ચિત્રોમાં અને શબ્દોમાં.** જાણીતા કલમકશ વાર્તાકાર શ્રી ગુલાબદાસ બ્રોકરે એમાં આપણા નરસિંહ મહેતાથી માંડીને ચુનીલાલ મડિયા સુધીના ચાળીસ સાહિત્યકારોનાં રંગદર્શી કલમે શબ્દચિત્રો આલેખ્યાં છે, અને ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળે, એ ચાળીસે સાહિત્યસર્જકોની મોટી તસ્વીરો આલેખી છે,—મોટી એટલે એ પુસ્તકના પાનાભર કદની, ૭×૯ ઇંચના માપની, બધી એકસરખા કદની: અલબત્ત, એકસરખી ગુણવત્તાવાળી નહિ એમ લખવું પડે છે, કેમકે કેટલાક આધુનિકો—ખાસ કરીને કાકાસાહેબ, મુનશી, રા.વિ. પાઠક, ર.વ. દેસાઈ, ગુલાબદાસ, રાજેન્દ્ર આદિની તસ્વીરો વધુ ઘૂંટાવાને લીધે કે અન્ય કારણે તે તે પાત્રની નૈસર્ગિક લાક્ષણિકતા ગુમાવી બેઠી છે. પણ એ કલાગુરુની ખરી પ્રતિભાનો પરિચય તો એમણે સર્જેલા આપણા પ્રાથમિક સાહિત્યસર્જકોનાં પાત્રોમાં છે: નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, શામળ આદિ, જેમના વ્યક્તિત્વની કશી જ છાયા મેળવવાનાં તસ્વીરી સાધનો આપણી પાસે નથી, અને જેમના વ્યક્તિત્વનું ચિત્ર આપણે સૌ કેવળ આપણી કલ્પનાથી જ પોતપોતાની રીતે ઝાંખું-ધૂંધળું ઉપજાવી શકીએ, એ સમર્થ સાહિત્યસ્વામીઓની સચોટ અને લાક્ષણિક 'ગુજરાતીતા'વાળી તસ્વીરો શ્રી રાવળે, તેમના સાહિત્યના સંપર્કથી તથા તેમાં આલેખાએલા તત્કાલીન વાતાવરણને આત્મસાત કરીને, પોતાની કલ્પનાના બળે જે સર્જી છે એમાં એમની પ્રૌઢ પીંછીનું સાર્થક્ય છે. એમાં દયારામ જેવાનાં વિરલ મળતાં ચિત્રોને આધારે એમણે સર્જેલી તસ્વીર આપણને મૂળને પડછે વધુ હૃદ્ય લાગે એવી છે: તો નર્મદની આપણને ચિરપરિચિત છબિને બદલે 'એક અંગ્રેજ ફોટોગ્રાફરે ખેંચેલાં ગુજરાતનાં નાગરિકપાત્રોના' સમૂહમાંથી તારવીને તૈયાર કરેલી છબિમાં નાવિન્યનું આકર્ષણ છે. આ ગ્રંથમાંની ચાળીસ ચિત્રોની એ માળામાંથી, એમના નિજી સર્જનની પ્રસાદી રૂપ છ છબિઓ, જે પોતાની લક્ષણયુક્તતાને કારણે ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ થવાને સર્જાઈ છે—બલ્કે થઈ ગઈ છે તે આ પછીનાં પાનાં પર આપી છે. તે સાથે શ્રી ગુલાબદાસની કલમનો પરિચય આપતાં તેનાં રંગદર્શી શબ્દચિત્રો પણ ટૂંકાવીને તે તે છબિઓ નીચે ઉતાર્યા છે.

ઊંચી જાતના આર્ટપેપર ઉપર છાપેલી ૪૦ મોટી છબિઓ, અને એટલા જ ઉમદા ઑફસેટ કાગળ ઉપર ૧૪૪ પાનાંના લખાણવાળા, શ્રી બંસીલાલ વર્માના આલેખેલા રંગભર જૅકેટથી મંડિત આ પુસ્તકની ૨૦ રૂપિયાની કીમત તેને અંગે થએલા પ્રાથમિક ખર્ચથી ભારે થઈ હશે. જોકે તેના સર્જકોએ દાખવેલા ઉમંગને અને ખર્ચેલા દામને બ્લૉકમેકરો ને મુદ્રકો પોતાના કસબથી જેબ આપવામાં વધુ કાળજી દાખવી શક્યા હોત. છતાં, પ્રાસ્તાવિકમાં કહ્યા મુજબ 'પ્રજા શુદ્ધ, સ્પષ્ટ અને લક્ષણયુક્ત સાચી તસ્વીરોમાંથી પ્રેરણા અને પ્રસાદ મેળવે' એ હેતુથી સર્જાએલો 'ગુજરાતના સાહિત્યસર્જકોની તસ્વીરોનો, શબ્દો અને ચિત્રોનો આ સંપુટ ગુજરાતના સાહિત્ય-સંસ્કારમાં એક અગત્યનું પૂરક અંગ બનશે' એ આશા જરૂર ફળવતી બનશે. પોસાય તેમણે વ્યક્તિગત રીતે, તેમજ ગુજરાતની સર્વ શાળાઓ, ગ્રંથાલયો અને સંસ્થાઓએ તો અચૂકપણે આ સમૃદ્ધ સંપુટ વસાવવો જ જોઇએ.

"**જા**તભાતનાં ચિત્રવિચિત્ર ઇન્જેકશનો ને કિંમતી પેટંટો પાછળ વ્યર્થ નાણાંનો વ્યય કરનાર ભારતના પ્રજાજનોને નીરોગી જીવન-કલાનું શિક્ષણ આપવાની અંતરેચ્છાથી અને રોગ થાય તો એને જડમૂળથી દૂર કરવાના આપણા પૂર્વાચાર્યોએ સૂચવેલા અમૂલ્ય ઉપાયોને આમ જનતા પાસે ધરવાની ખેવનાથી" જાણીતા વૈદ્યશાસ્ત્રી શ્રી જાદવજી નરભેરામના સંપાદન, તથા તેમના યુવાન ને વિદ્વાન પુત્ર શ્રી લાભશંકર ઠાકરના સંચાલન હેઠળ નીકળેલા એક નવા સામયિક '**નીરોગી**'ને અમે આવકારીએ છીએ. આપણાં ઋતુઋતુનાં શાકભાજીના ગુણદોષની ચર્ચા, અનુભવચિત્રો અને બીજી કેટલીક સસ્તી ને સુલભ ચીજોના ગુણદોષનું ધ્યાન કરતા અને એના ઔષધીય ગુણોનું આલેખન કરતા લઘુ લેખો પણ એમાં પ્રકટ થતા રહેશે. આજ સુધી બહાર પડેલા ચાર અંકોમાં ઉપર્યુક્ત ભાવના ચરિતાર્થ કરવાના પ્રયત્નો પ્રતીત થાય છે. એને ઉત્તેજન આપવાની તથા તેનો લાભ લેવાની ઈચ્છુકોને અમારી ભલામણ છે.

શબ્દકથા: ભોંયરું · સુરંગ

માણસ અને ચંદ્રની જેમ શબ્દો પણ કંઈક ચડતીપડતી ભોગવે છે. પૂર્ણ કળાએ પ્રકાશતા હોય તેમાંથી ઘસાતાંઘસાતાં ઓળખી પણ ન શકાય એવી દશા આવે, ને સંજોગો અનુકૂળ થાય તો કોઈ વાર ફરી પાછી મૂળના જેવી કે તેથી યે ચડિયાતી પ્રતિષ્ઠા પામે. સંસ્કૃત 'ગૃહ'નો જ દાખલો જુઓ. પ્રાકૃતમાં તેને સ્થાને 'ઘર' વપરાતો થયો. સમાસમાં તે 'હર' રૂપે યે આવતો. ને ગુજરાતીમાં તો કેટલાક શબ્દોમાં હકાર પણ મર્યો નહિ ત્યાં મરણતોલ થઈ ગયો, ને માત્ર રકાર જ બચ્યો!

દાખલા તરીકે 'ભોંયરું' જેવા શબ્દોમાં સંસ્કૃત 'ગૃહ'ને સ્થાને માત્ર રકાર છે: 'ભૂમિગૃહ'ના 'ભૂમિ'નું 'ભોંય' બન્યું; ને 'ગૃહ'ની જગ્યા, ઉપર દર્શાવ્યું તે ક્રમે એકલા રકારે લીધી. આવા જ બીજા શબ્દો છે: 'પિયર' (પિતૃગૃહ), 'માહ્યરું' કે 'મહિયર' (માતૃગૃહ), 'મામેરું' (મામગૃહ), 'દેરું' (દેવગૃહ) ને 'ખંડેર' (ખંડગૃહ) કે 'ખંડિયેર' (ખંડિત ગૃહ).

'ભોંયરુ' એ માત્ર જમીન નીચેનું ઘર જ નથી. જમીન નીચેનો માર્ગ પણ ભોંયરું કહેવાય. મધ્યકાલીન ઇતિહાસ ને લોકકથાઓમાં આવાં ભોંયરાં એવડો ભાગ ભજવે છે કે તેમને કાઢી લઇએ તો એ ઇતિહાસ ને લોકકથાઓનાં રસ ને કૌતુક અરધાં થઇ જાય. આજે યે સૌરાષ્ટ્રનાં એવાં ગામ થોડાં નથી, જ્યાં લોકો ઠેઠ જૂનાગઢ નીકળતાં હોય એવાં ભોંયરાં બતાવી શકે!

'ભૂગર્ભમાંથી જતો ગુપ્ત માર્ગ'–એ અર્થમાં આપણે બીજો પણ એક શબ્દ વાપરીએ છીએ: 'સુરંગ'. સંસ્કૃતમાં 'સુરંગા' છે ખરો, પણ તે મૂળ તો ગ્રીકો પાસેથી લીધેલો. ગ્રીક syrinx એટલે 'પોલી નળી'. અંગ્રેજીમાં તેમાંથી syringe 'પિચકારી' શબ્દ આવ્યો છે. ખાડામાં દારૂગોળો ધરબીને ફોડાય તેવી યુક્તિને 'સુરંગ ફોડવી' કહે છે, તેમાં 'સુરંગ'નો અર્થવિસ્તાર થએલો છે.

કેળવણીમાં સંસ્કૃતના અભ્યાસને સ્થાન મળતાં, આપણા પુનરુત્થાન-કાળમાં ભાષામાં સંસ્કૃત શબ્દોનું ભરણું થવા લાગ્યું; એટલે ફરી પાછો 'ગૃહ' મૂળ રૂપે વપરાતો થયો. સ્વતંત્ર રૂપે વપરાવા ઉપરાંત તે 'સભાગૃહ', 'વ્યાખ્યાનગૃહ', 'સ્નાનગૃહ' વગેરેમાં તો આપણી સાથે હાથ મિલાવતો રહે છે.

—હરિવલ્લભ ભાયાણી







નરસિંહ મહેતો

જૂનાગઢનો નાગર નરસૈંયો, હાથમાં કરતાલ ને મંજીરાં, સાથમાં સાધુસંતોની ટોળી, મનમાં 'અખિલ બ્રહ્માંડમાં વ્યાપી રહેનાર 'એક તું શ્રી હરિ'નું ગુંજન' અને પરિણામે ઊભરાતી માતા ગુર્જરીની કવિતાની ઝોળી. ગુજરાતનો એ આદિકવિ.

શૈવભક્ત કુટુંબમાં જન્મેલા એને છંદ કૃષ્ણભક્તિનો લાગ્યો. નાનપણથી માતાપિતા ગુમાવી બેઠેલો. સાધુઓ સાથે રખડતો. વ્યવહારપટુ ભાભી મેણું માર્યા વગર રહે? ને, નીકળી ગયો એ તો ઘર છોડીને. ગામ બહારના અપૂજ શિવલિંગની સાત દિવસ સુધી પૂજા કરી. પરિણામે તેના અંતરની આંખથી વિશ્વાન્તરમાં ગુંજી રહેલી પરબ્રહ્મની રાસલીલા તેને દેખાઈ. એના લાંબા આયુષ્યમાં જ્ઞાન અને ભક્તિથી ભરપૂર એવાં લગભગ સવા લાખ પદોની તેણે રચના કરી. તેની કૃષ્ણભક્તિએ તેને સમદૃષ્ટિથી જોતાં શીખવ્યું, ને આજે પણ સાધુઓ જે કરતાં ડરે એ કામ–હરિજનવાસમાં કીર્તન કરવાનું–તેણે કરી બતાવ્યું.

ગુજરાતી કવિતા જ્યારે બાલ્યકાળમાં હતી ત્યારે 'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે' જેવાં જ્ઞાન અને વૈરાગ્યની સમૃદ્ધિથી ઓપતાં અનેક સુંદર તત્ત્વદર્શી પદો તેણે આપ્યાં. અને એવા જ મનોહર ભાવવાહી ઝૂલણામાં લખાએલાં તેનાં પ્રભાતિયાં કોઈ પણ કાળના આપણા ઉત્તમ કાવ્યની હરોળમાં બેસે એમ છે.

પ્રભુ આસક્ત આત્માના ઉદ્ગારરૂપે સીધા હૃદયમાંથી નીકળેલા, ઊર્મિથી ઊભરાતા છતાં સારાસારના વિચારોથી ભરપૂર, તેનાં પદો આપણી કવિતાનો અમર વારસો છે.

મીરાં

મેડતાના રાવની દીકરી અને ચિતોડની એ રાજવધૂ નાચી રહી હોય, ગાઇ રહી હોય ગીતો, અને તે ય પાછાં કૃષ્ણભક્તિનાં,—ને પતિનું કુટુંબ ચુસ્ત શૈવભક્ત. અસહ્ય!

નાનપણમાં જ દાદા રાવ દુદાજી પાસે આકંઠ ભક્તિરસ પીધેલો; રમતરમતમાં માતાએ તેને 'શામળિયો સ્વામી આપ્યો, પણ માને' ક્યાં ખબર હતી કે એ રમત જ એનું જીવન બની જશે? પણ મીરાં તો ખરેખર 'લક્ષચોરાસી મારો ચૂડલો રે ગેં તો વર્યા ગોપાળનાથ' કહીને તનમનથી શ્યામસુંદરની 'દાસી જનમ જનમની' બની ચૂકી. પણ 'બીજાનાં મીંઢળ નહિ રે બાંધું' કહેવા છતાં તેને ચિતોડના રાણા સંગ્રામસિંહના પાટવીકુંવર ભોજરાજ સાથે લગ્નગાંઠથી બંધાવું પડ્યું. રાજકુટુંબે નક્કી કર્યું કે મીરાંએ કાં તો કૃષ્ણભક્તિનો 'કુછંદ' છોડવો, કાં તો 'જીવન'. આપેલા વિષને 'અમૃત માની મીરાં પી ગયાં રે!' અને મીરાં ચાલી એના મનમોહનની વ્રજભૂમિમાં. અંતે શ્રીકૃષ્ણની દ્વારકા નગરીમાં પહોંચતાં મીરાંએ પોતાના અસ્તિત્વને કૃષ્ણમાં લીન કરી દીધું.

ઊર્મિસભર ગેય પદોમાં તેણે સ્ત્રીહૃદયના ભાવો માર્મિકતાથી વ્યક્ત કર્યા છે. એનાં પદોમાં કોમળતા છે, મધુરતા છે; ઊર્મિની સંવેદના ને સંગીતમયતા છે; અનુરાગ અને એકનિષ્ઠા છે. અહીંતહીં ઝળકી જતી જ્ઞાન ને દર્શનની 'ઘૂંઘટકા પટ ખોલ' જેવી વાતોએ, તેમજ 'રાજા તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર' જેવાં પ્રકૃતિદર્શનોએ તેનાં કાવ્યોને સુમધુર હૃદયંગમ બનાવ્યાં છે. લગભગ ત્રણસો એક તેનાં પદો હિંદી તેમજ ગુજરાતી બંને ભાષામાં મળી આવે છે.

અખો

ત્રણસો રૂપિયાની કંઠી કરવા આપી હતી બહેને, પણ પામી ચારસોની; છતાં અવિશ્વાસુ બહેન એ ચકાસવા ગઈ!

અખો રહીશ મૂળ અમદાવાદ પાસેના જેતલપુરનો, પણ અમદાવાદ આવી વસેલો. ધંધો સોનીનો કરે, પણ જ્ઞાનની ભૂખ તો બ્રાહ્મણથી યે વધારે. એક દિવસ, લોકકથા કહે છે તેવા, ઉપર વર્ણવેલા પ્રસંગના આઘાતથી ઊપડી ગયો એ તો બ્રહ્મને પામવા.

ઠેરઠેર તેને સંન્યાસીના રૂપમાં કંચન અને કામિનીના ભોક્તાઓ જ મળ્યા. ગીતા, યોગવાસિષ્ઠ, ઉપનિષદ વગેરેનો અભ્યાસ કર્યો. ત્રણ વર્ષે 'ગુરૂ થા તારો તું જ' એવા, શાંકરવેદાંતના ઊંડા મર્મો પકડી શક્યો, ને શુદ્ધ કેવલાદ્વૈતમાં માનવા લાગ્યો, છતાં તે ભક્ત રહ્યો.

તેના છપ્પાઓમાં તેની ભાષા સરળ વેધક અને સચોટ છે. તેની ઉપમાઓ પણ અનોખી જ છે. વેદાંત જેવા ગહન વિષયને રજૂ કરતાં તેણે તદ્દન ઘરગથ્થુ ઉપમાઓ ઉપાડી છે, છતાં વિષયના પ્રતિપાદનમાં, તેને સ્પષ્ટ કરવામાં એ ઉપમાઓ બહુ જ સચોટ નીવડી છે. તેની કવિતામાં અર્થ ઠાંસોઠાંસ ભર્યો છે.

જગતના તત્ત્વેતત્ત્વને તે ઓળખે છે. 'અનુભવબિંદુ' અને 'અખેગીતા' તેની ઉત્કૃષ્ટ કોટિની રચના છે. ચાલીસ છપ્પાવાળી 'અનુભવબિંદુ' તો 'એના જીવનભરની વિચારણાનું દોહન' છે. એનું લાઘવ આકર્ષક છે. તેના સાહિત્યમાં અમોઘ પ્રાણવત્તા ઊતરી આવી છે. જ્ઞાનની ભૂખને કાવ્યમાં વણી લેનારો, તત્ત્વજ્ઞ ને અર્થવાદી આજન્મ કવિ એ છે. ગુજરાતી ભાષાના ઉત્તમ કવિઓમાં એક બુદ્ધિવૈભવી, જ્ઞાની કવિ તરીકેનું તેનું સ્થાન અદ્વિતીય છે.



પ્રેમાનંદ

જન્મે વડોદરાનો વતની, પણ બાળપણ મોસાળ નંદરબારમાં ગયું. પંદરમે વર્ષે ગુરુ રામચરણના સત્સંગે સૂતેલી પ્રતિભા ઝળકી ઊઠી. સંસ્કૃત ને હિંદી શીખ્યો, ને કાવ્યો રચતો થઇ ગયો—હિંદીમાં. ગુજરાતી ભાષાની 'શું શાં પૈસા ચાર' કહી સહુ મશ્કરી કરે. તેને થયું: ગુજરાતીમાં કવિતા ન થાય? ને પરિણામે, ગુજરાતને તેનો મહાન કવિ મળ્યો.

કહેવાય છે કે ગુજરાતી ભાષાનું ગૌરવ પોતે ન વધારે ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા તેણે લીધેલી. એ ગમે તે હોય, પણ અઠ્ઠાણુ વર્ષના લાંબા આયુમાં પ્રેમાનંદે ગુજરાતી ભાષાનું ગૌરવ નિશ્ચે વધાર્યું.

ધંધો ગાગરિયા ભટ્ટનો. તેંતાલીસ વર્ષના કવનકાળમાં તેણે લગભગ પાંત્રીસેક ગ્રન્થો લખ્યા છે. એ આખ્યાનોમાંનાં બધાં પાત્રો પોતાનું પૌરાણિક ગૌરવ છોડી પ્રેમાનંદના સમયનાં ગુજરાતી નરનારીઓ બની ગયાં છે. જનસ્વભાવનું આટલું સચોટ અને સ્પષ્ટ નિરૂપણ બીજો કોઇ કવિ કરી શક્યો નથી.

શ્રી નવલરામે કહ્યુ છે કે 'રસની બાબતમાં તો પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે તેવો બીજો કવિ થયો નથી.' આ રસાત્મકતાનાં મૂળ રહેલાં છે તેની પ્રાસાદિક શૈલીમાં, પ્રવાહી ભાષામાં, રસનિરૂપણ કરવાની અદ્‌ભુત છટામાં, કલ્પનાવૈભવમાં, દેશીઓના ચાતુર્યભર્યા ઉપયોગમાં, પ્રાસ, અનુપ્રાસ તથા અલંકારની હથોટીમાં, અને ચિત્રાત્મક છટામાં.

ગુજરાતે એના જેવો બીજો કોઇ કવિ જોયો નથી, જેની યશગાથા બસોબસો વર્ષ સુધી ગવાતી રહે, જેના ગ્રન્થો પુરાણ જેવા પવિત્ર મનાય, ને ધાર્મિકવ્રતની જેમ સરઅવસરે ગવાય.



શામળ

અમદાવાદના બજારમાં ડાંગર વેચવા આવનાર બે ભાઇઓ અહીંતહીં ફરતા લોકોને 'સિંહાસનબત્રીસી'ની અજબ વાર્તા કહેનાર શામળ વિષે પડપૂછ કરે છે, કારણ કે આવી રસભરપૂર વાર્તા કહેનાર એ જુવાન કવિનાં ગુણગાન તેમણે છેક માતર પરગણાના પોતાના ગામના બારોટોને મોંએ સાંભળ્યાં છે, અને એવી પ્રેરાઇને પિતા રખીદાસે તેમને એ વાર્તાકારની ભાળ કાઢી, જો એ આવે તો માનભેર પોતાની સાથે લઇ આવવાની આજ્ઞા આપી છે.

અમદાવાદ પાસેના વેગણપુરના વાસી ને ભિક્ષાવૃત્તિને તિરસ્કારનાર એ બ્રાહ્મણે કથાકીર્તનનો ધંધો શરૂ કરેલો. પછી ઐતિહાસિક પ્રસંગોને વાર્તામાં ગૂંથવાનો વિચાર કર્યો, ને અંતે સામાજિક વિષયના પ્રથમ વાર્તાકાર તરીકે અમર બની ગયો. વિદ્યાપ્રિય જમીનદાર રખીદાસના આમંત્રણથી તેને બ શ્રયે ગયો, ને ત્યારથી સિહુજ ગામની જનતા સંમુખ તેની લગભગ ચાલીસેક વર્ષની કવનકાળની પ્રવૃત્તિ પાંગરી રહી.

સંસ્કૃત, હિંદી વગેરેના જાણકાર આ બહુશ્રુત કવિએ પ્રાચીન જૈન ને કંઠસ્થ સાહિત્યનો આધાર તો લીધો છે, છતાં વચમાં મૌલિક પ્રસંગો અને પાત્રો પણ સર્જી લીધાં છે. 'નંદબત્રીસી'ની તેની વાર્તાઓ મૌલિક છે. પ્રસંગને ખીલવવાનું કૌશલ, નિરૂપણશૈલીની વિશિષ્ટતા, રસજમાવટની શક્તિ, ને કથનની કલાયુક્ત ચાતુરી—આ તેનાં મૌલિક સર્જનતત્ત્વો છે.

જનમનરંજનવિશારદ શામળે વાર્તાઓનો અખૂટ ઝરો વહેવડાવ્યો છે. તેની સુબોધ ને સ્પષ્ટ ભાષા તેની રચનાને લોકપ્રિય બનાવવામાં સહાયભૂત થઇ છે.



દયારામ

નર્મદાનો ઘાટ છે; ચાંદોદની સોહામણી સ્ત્રીઓ ત્યાં રોજ પાણી ભરવા આવે છે. એકવડા બાંધાનો, ગૌર વર્ણનો, વીસેક વર્ષનો એક જુવાન ત્યાં સૂરીલા કંઠે રાધાકૃષ્ણનાં ગીતો ગાય છે. પોશાક અક્કડ છે, દેખાવ ફક્કડ છે, કંઠ મોહક છે, આંખમાં મસ્તી છે. ઘાટે આવતી સ્ત્રીઓ સાથે અટકચાળાં કરી લેવાની વૃત્તિ છે.

એક સોનારણનું બેડું ફોડી ભાગીને નર્મદામાં ડૂબકી માર્યા પછી બાજુના કરનાળી ગામે નીકળતાં એ વરણાગિયાને ગુરુ કેશવદાસનો સમાગમ થયો. ત્યાંથી ડભોઈ જતાં ગુરુ ઇચ્છારામ ભટ્ટજી મળ્યા. પછી ભારતનાં તીર્થોની ત્રણ વખત યાત્રા કરી, અને ત્યારે શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો. જન્મે સાઠોદરા આ નાગરપુત્રનું મૂળ નામ દયાશંકર પંડ્યા. મોટા થયા પછી તેણે શૈવ માર્ગ છોડી વૈષ્ણવમાર્ગ ગ્રહણ કર્યો અને દયારામ બન્યો.

ચાળીસ–પિસ્તાળીસની ઉમરે તે રતનબાઈ નામની એક વિધવા સોનારણના પરિચયમાં આવ્યો. તે તેની મુગ્ધ શિષ્યા બની રહી.

સંસ્કૃત, વ્રજ અને હિંદી સાહિત્યનો તો તે પ્રાજ્ઞ હતો. હિંદી, મરાઠી ને પંજાબી વગેરેમાં યે તેણે ગ્રંથો લખ્યા છેઃ નાનામોટા થઈ તેના ગ્રંથોની સંખ્યા પચાસેકની થાય.

તેમાં શુદ્ધાદ્વૈત વેદાંત મતનું કાવ્યરૂપે તેણે પ્રતિપાદન કર્યું છે. પરંતુ તેની કીર્તિનો કળશ તો ગરબીઓ ને પદોમાં છે. લયયુક્ત ભાવવાહી એ ગરબીઓમાં તરી આવતી વિચારોની કુમાશ, ભાષાનું અનુપમ લાલિત્ય, ભાવોની ચિત્રાત્મક રજૂઆત અને સંગીતનું ઊંડું જ્ઞાન, એ ગરબીઓને આપણા સાહિત્યમાં ચિરંજીવ મૂલ્યવત્તાવાળી બનાવી મૂકે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



ચૈત્ર ૧૯૯૦
અંક ૧૨૪

પહેલા પાના ઉપર આવેલા કાકાસાહેબ કાલેલકરના ભાવનાલેખ 'સોપાન'નું અવતરણ (સાથે જુદા ચોકઠામાં), અને શાંતિનિકેતનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એક નાની મંડળીએ ઉનાળાની રજાઓમાં કરેલી પ્રાચીન ભારતનાં સાંસ્કૃતિક ધામોના અવશેષોની યાત્રાના શ્રી રતિલાલ મહેતાએ આલેખેલાં સ્મરણો (આ નીચે), - એ બે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંની આજના વાચકોને પણ એટલી જ આકર્ષક ને આસ્વાદ્ય વાનગીઓ આ નીચે ઉતારી છે:

વૅકેશનમાં શાંતિનિકેતનથી અમે છ-સાત ગુજરાતી વિદ્યાર્થીઓએ કેટલાંક ઐતિહાસિક સ્થળો જોઈ આવવાનું નક્કી કર્યું. ૨૪મી ઑક્ટોબરની રાત્રે સાહિબગંજ લૂપ લાઈન(E.I.R.)ની ગાડીમાં બેસી પાછલી રાત્રે ત્રણ વાગ્યે કલહગાંવ (Colgong) સ્ટેશને ઊતરી, રાત વેઇટિંગ રૂમમાં જ પસાર કરી. સવારે કલહગાંવને પૂર્વ છેડે નદીના કિનારા પરથી હોડી ભાડે કરી વિક્રમશીલા તરફ હંકારી. બેએક માઈલ દક્ષિણે નાનીનાની ટેકરીઓવાળો પ્રદેશ આવે છે. આ સ્થળને 'પાથરઘાટા' કહે છે. આ પ્રદેશમાં શોધખોળ, ખોદકામ અને તપાસ પછી પુરાતત્ત્વ વિદ્વાનોનો અભિપ્રાય થાય છે કે અહીં જ પ્રખ્યાત વિક્રમશીલાનું રાજ વિશ્વવિદ્યાલય હતું.

લગભગ એક હજાર વર્ષ પહેલાં, ગૌડ દેશના પ્રતાપી રાજા પરમસૌગત ધર્મપાલદેવે બૌદ્ધ સાધુઓ અને વિદ્યાર્થીઓ માટે સ્થાપેલી આ વિક્રમશીલાની ઘણીખરી હકીકત માટે આપણને તિબેટી બૌદ્ધ ઇતિહાસકાર તારાનાથનો જ આધાર છે. અહીં આઠ હજાર વિદ્યાર્થીઓનો વાસ હતો. મહાવિહારને ફરતી ઊંચી દીવાલ હતી અને તેનાં છ દ્વાર પર છ દ્વારપંડિતો બેસતા. કોઈ પણ નવો આગંતુક એ દ્વારપંડિતની પરીક્ષામાંથી પસાર થયા પછી જ વિહારમાં દાખલ થઈ શકતો. બૌદ્ધ ધર્મ અને તંત્રસાહિત્યનો અહીં ખૂબ પ્રચાર હતો. કાશ્મીરી રત્નવજ, આચાર્ય જેતારી તથા તેનો શિષ્ય અતીશ અને એવા બીજા મહાન પંડિતો ત્યાં વસતા. આચાર્ય અતીશ પાછળથી દીપંકર શ્રીજ્ઞાનનું નામ ધારણ કરી એ વિહારનો મુખ્યાધિષ્ઠાતા થયો. એ જ દીપંકરને લેવા તિબેટના રાજાએ દૂત મોકલેલો. નાલંદા વિદ્યાપીઠ પછી આ વિક્રમશીલાની જ ખ્યાતિ હતી.

જેમજેમ ટેકરીઓ ચડીએ છીએ તેમતેમ એક પછી એક કંઈ ને કંઈ સ્મરણાવશેષ નજરે ચડે છે. બખ્ત્યાર ખિલજીનું એ ભૂખ્યું દળ મગધનાં પવિત્ર સ્થાનોનો નાશ કરતું અહીં પણ ચડી આવ્યું અને તોડફોડ કરી ચાલ્યું ગયું.

ઉપર ફરતાંફરતાં ગુફાઓ જોઈ શકાય એવું છે, પણ ત્યાં બધે જંગલ ઊગી નીકળેલું છે. આખા પ્રદેશનો ઘેરાવો ત્રણચાર માઇલનો છે. ટેકરીઓની વચ્ચેવચ્ચે ફળદ્રુપ ખેતરો છે. આ પ્રદેશમાં હજી બહુ ખોદકામ નથી થયું.

વિક્રમશીલાનું ભવ્યતાભર્યું પ્રાચીન ગૌરવ સંભારતા અમે પાછા ફર્યાં. રાત્રે દસ વાગ્યે ટ્રેન આવતાં એમાં ચડી બેઠા. રાત્રે બે વાગ્યે કયૂલ જંક્શન પર બદલી કરવી પડી. પાંચ વાગ્યા સુધી પડી રહી સાત વાગ્યે બખ્ત્યારપુર સ્ટેશને ઊતર્યા. ત્યાંથી ખટારાં જેવી નાની ગાડીમાં ચડી, વચ્ચે આવતાં બેત્રણ ગામડાંઓનાં નાનાં બજારમાંથી પસાર થઈ બિહાર શરીફ આવી પહોંચ્યા. શહેર ઘણું જૂનું છે. પૂર્વકાલનાં સ્મરણો જગાવતાં ખંડિયેરો રસ્તા વચ્ચે જ ઊભાં છે. આ સ્થળે 'ઓદંતપુરી' નામનો એક વિહાર હતો. 'બિહાર કૉલેજ'ને આંટો મારતાં, પશ્ચિમ તરફ આવેલા બહોળા વિસ્તારવાળા પર્વત ઉપર ચડયા. વિદ્વાનો આ પર્વતને જ હ્યુએન્સંગે વર્ણવેલો 'ઇન્દ્રશૈલ પર્વત' માને છે. હ્યુએન્સંગના કહેવા પ્રમાણે આ પર્વત પર બુદ્ધે વાસ કર્યો હતો અને ત્યાં ઇન્દ્રે એમને ઉપદેશ આપ્યો હતો. પર્વતની ટોચે બેસવા માટે એક સુંદર ઓટલો બાંધેલો છે ને પાસે જ એકલું અટૂલું એક નાનુંસરખુ ઝાડ ઊભું છે. બીજે દિવસે સવારે પાવાપુરીનાં દર્શન કર્યા. મહાવીરની આ નિર્વાણભૂમિ. ત્યાં ખાસ જોવા જેવું તો 'જલમંદિર' છે. નાના સરખા સરોવરની વચ્ચે સફેદ પુષ્પ જેવું એ બેઠા ઘાટનું પણ સુંદર ને પ્રમાણસરની બાંધણીનું છે.

બપોરે બે વાગ્યે પાછી મુસાફરી શરૂ કરી. ફરી બખ્ત્યારપુર બદલી કરી સાંજે પાંચ વાગ્યે પટણા આવી પહોંચ્યા. બિહારના પ્રખ્યાત કાર્યકર્તા રાજેન્દ્રબાબુના 'બિહાર વિદ્યાપીઠ' પહોંચ્યા. વિદ્યાપીઠનું સ્થાન ખૂબ સુંદર છે. આજુબાજુ વૃક્ષોની ઘટાઓ આવી રહેલી છે. સામે જ ગંગા નદી વહે છે. નદીમાં વહાણો-સ્ટીમરોનો સારો વ્યવહાર ચાલે છે. પટણા શહેરથી થોડે દૂર દક્ષિણ-પૂર્વમાં 'કુમ્હરાર' નામે સ્થળ છે ત્યાં જ પ્રાચીન ભારતવર્ષનું પ્રખ્યાત રાજનગર પાટલિપુત્ર હતું. અત્યારે તો એ સ્થળ અઢી હજાર વર્ષના વાયરા પછી તદ્દન ભૂંસાઈ ગયું છે; છતાં યે ખોદકામ પછી ઘણી મહત્ત્વની વસ્તુઓ તે સ્થળેથી નીકળેલી અને તેમાંની ઘણીખરી આજે કલકત્તાના મ્યૂઝિયમની સમૃદ્ધિ વધારી રહી છે. શોણ અને ગંગા પર વસેલા પ્રાચીન પાટલિપુત્રની ખ્યાતિ પૂર્વે ખૂબ હતી. ઠેઠ ઈ.સ. પૂર્વે ૫૫૪માં અજાતશત્રુ ત્યાં લિચ્છવીઓની આડે કિલ્લો બાંધે છે; અને

સોપાન

પગથિયાં એ સ્વભાવે જ એક કાવ્ય છે. પેંડું જોયું કે ફેરવવાનું મન થાય જ; ધમણ જોઇ કે એને શ્વાસ લેતી કરાવ્યા વગર રહેવાતું નથી; તેમજ સોપાનપરંપરા જોઇએ કે ચડ-ઊતર ચાલી જ.

આનું કારણ શું? પેંડું, ધમણ અને પગથિયાં ત્રણે જીવનનાં પ્રતીક છે. જે બાળક નાનપણમાં પેંડું ફેરવવામાં રસ લેતું તે જ મોટપણે ભાગીરથીને કાંઠે ઋષિપત્તનમાં ધર્મચક્ર ચલાવતું થયું. જે બાળક લુહારને ત્યાં ધમણ ચલાવવામાં એકાગ્ર થતું એ જ બાળક મોટપણમાં સમાજમાં પ્રાણ ફૂંકવામાં પોતાનો પ્રાણ વાપરતું થાય તો તેમાં આશ્ચર્ય શું?


અને સોપાન ચડવાનું તો દરેક જીવનું કાર્ય જ છે. કોણ જાણે કેટલાં અબજ વર્ષો વીતી ગયાં હશે, દરેક જીવ પગથિયાં ચડતો જ જાય છે. ચોરાશી લક્ષ યોનિ એ કંઇ અતિશયોક્તિ નથી; અને જેની ઉત્પત્તિ થઈ છે તેનામાં દૂરદૃષ્ટિ—વિશાળ દૃષ્ટિ આવવાની જ.

ત્યારે આપણે વધુ કમાવાની, વધુ સંઘરવાની ઉતાવળ શા માટે કરીએ? માત્ર મોટા થવાની આકાંક્ષા રાખીએ, ઊંચા થવાનો પ્રયત્ન કરીએ; અને તે પણ એકદમ કૂદીને નહિ, પણ સ્થિર પગલેથી ચડીને—એકએક પગથિયા ઉપર પોતાનો આખો ભાર મૂકીને. આટલું કરીએ એટલે આપણું કાર્ય થઈ રહ્યું. બાકીનું બધું સોપાનેશ્વર જીવનનાથ પરમાત્માના હાથમાં છે.

—દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

તે પછી નિર્વાણભૂમિ કુશીનારા જતાં બુદ્ધદેવ ત્યાં થોભેલા ત્યારે હજી એનાં ઘરો બંધાતાં હતાં અને એમણે એવી ભવિષ્યવાણી કરી હતી કે આ સ્થાન ભારતમાં ખૂબ પ્રખ્યાતિ પામશે. અને ખરેખર, એકાદ શતાબ્દી પછી પ્રતાપી ચંદ્રગુપ્ત મૌર્યના સમયનું પાટલિપુત્ર મગધના મહાન સામ્રાજ્યનું પાટનગર બને છે, ને તે પછી તો એની ચડતીપડતીનાં મોજાંઓ વહ્યાં કરે છે. જ્યાં સામ્રાજ્યો ચડયાં ને પડયાં, જ્યાં નગરો પર નગરો વસ્યાં એ પાટલીપુત્ર આજે કુમ્હરાર નીચે સમાધિ લેતું પડયું છે.

બપોરે પટણા શહેર જોવા ચાલ્યા. શહેરના બે ભાગ સ્પષ્ટ જણાઈ આવે છે. એક બાજુ જૂની ઢબનો ગીચ વસતિવાળો ભાગ ને બીજી બાજુ કૉલેજો તથા બીજાં સરકારી મકાનોની ભવ્ય હાર. શહેરમાંનું ગુરુ ગોવિંદસિંહનું જન્મસ્થાન–ગુરુદ્વાર જોવાલાયક છે. પણ સૌથી વધારે રસ આપે એવું સ્થાન તો પટણાનું નવું મ્યૂઝિયમ છે. રાજપુત મહેલની ઢબથી બંધાએલું એ ભવ્ય મકાન જોઇને જ જોનારની આંખ કંઈક કળાવિમુગ્ધ બની ફરતી રહે છે. અંદર દાખલ થતાં જ સામે એક ચામરધારિણી પરિચારિકાની 'મૌયન્ પૉલિશ' નામે ઓળખાતા પૉલિશથી ચળકતી, લીસા પથ્થરની સુંદર ઊંચી મૂર્તિ નજરે પડે છે. મ્યૂઝિયમમાં ચારે બાજુ અનેક જાતના કળા અને સ્થાપત્યના નમૂના ગોઠવાએલા પડયા છે. ખાસ ધ્યાન ખેંચે એવી વસ્તુ એક પ્રાગૈતિહાસિક કાળના પુરાણા ઝાડનો અવશેષ (fossil) છે. એની લંબાઇ પણ કંઇ ત્રીસેક ફૂટ છે. આટલાં વર્ષોથી ઘસાઇ ઘસાઇને તે પથ્થર જેવો નક્કર બની ગયો છે એ જોઇને આશ્ચર્યમુગ્ધ જ થઈ જવાય.



ભગવાન બુદ્ધે 'ધર્મચક્રપ્રવર્તન' કર્યું તે સ્થળ પર અશોકે બંધાવેલો 'ધમ્મેક સ્તૂપ'



બે હજાર વર્ષ પહેલાંની આ પ્રતિમા પરનો પૉલિશ જોઈને આજનું વિજ્ઞાન નવાઈ પામે છે!

પાટલિપુત્રનાં મીઠાં સ્મરણો ભરી સારનાથનાં દર્શન કરવા બીજે દિવસે ત્રણ વાગ્યે અમે બનારસ પહોંચ્યા. સીધા 'કાશી વિદ્યાપીઠ'માં ગયા અને આચાર્ય નરેન્દ્રદેવને મળી ત્યાં બે'ક દિવસ ઊતરવાનું સ્થાન મેળવ્યું.

બીજે દિવસે અગિયારેક વાગ્યે સારનાથ જતી ટ્રેનમાં બેઠા. સારનાથનું સ્ટેશન અરધાએક કલાકમાં આવી પહોંચ્યું. સ્ટેશનથી પૂર્વે એકાદ માઈલ પર પ્રાચીન 'ऋषिपत्तन' (સારનાથનો સ્મરણાવશેષ) આવેલું છે. રસ્તા પર વચ્ચે ડાબી બાજુએ એક જૂનું સ્તૂપાકાર મકાન છે. એને જગતશેઠનો 'સ્તૂપ' કહે છે. પહેલાં એની નીચે પુરાણો સ્તૂપ હતો. એના ઉપર પાછળથી અકબરે બીજો ઇંટોનો બનાવેલો સ્તૂપ ચણાવ્યો છે ને ઉપર લેખ કોતરાવ્યો છે. સ્તૂપના ઉપરના મથાળે ચડી આજુબાજુ નજર નાખતા સુંદર દશ્ય દેખાય છે. એક બાજુ સારનાથનો અશોકનો બંધાવેલો ધમ્મેક સ્તૂપ તથા હમણાં નવો બંધાએલો બૌદ્ધ મૂલગંધકુટિ વિહાર ને બીજી બાજુ દૂર વિંધ્યાચળની હાર તથા ગંગાની રૂપેરી રેખા.

ગૌતમ બુદ્ધે અહીંથી 'ધર્મચક્રપ્રવર્તન' કર્યું એથી આ સ્થળની ખ્યાતિ વધી. ચીની યાત્રી હુએન્સંગ આ સ્થળનું મનોરંજક વર્ણન આપે છે; પણ આજે તો એ બધું સ્વપ્નવત્ લાગે છે. એક બાજુ અશોકવર્ધને બંધાવેલો ધમ્મેક સ્તૂપ પૂર્વનાં સ્મરણો જગાવતો ઊભો છે, બાકીની વસ્તુઓ ત્યાંના સંગ્રહાલયમાં મૂકવામાં આવી છે. બેઠી ઢબના સુંદર અને સુઘડ એ સંગ્રહાલયની અંદર પગ મૂકતાં જ સામે ત્રણ સિંહોવાળો અશોકસ્તંભનો ઉપરનો ભાગ જોવામાં આવે છે. આખું યે સંગ્રહાલય સારનાથ, ગયા અને આજુબાજુનાં સ્થળોમાંથી પ્રાપ્ત થએલી અસંખ્ય વસ્તુઓથી ભરેલું છે. મૂર્તિઓ, તોરણો, કઠેરા, છત્રીઓ વગેરે અવશેષો મૌર્ય, શુંગ, કુશાન, ગુપ્ત ને તે પછીના ભારતીય ઇતિહાસના કાળના અમૂલ્ય નમૂનાઓ છે. પણ એ સૌમાં શ્રેષ્ઠતો સારાયે સંગ્રહસ્થાનમાં જેની

મીઠી પ્રસન્ન સુવાસ ફેલાઈ રહી હતી, જેના અસંખ્ય અવતારો નિર્જીવ પથ્થરો પર સજીવ થતા જણાયા, એ બુદ્ધની 'ધર્મચક્રપ્રવર્તન'-વાળી શાન્ત, સૌમ્ય, મૈત્રી અને કારુણ્યભરી, પવિત્ર મુખારવિંદવાળી મૂર્તિ છે.


સાંજે પાછા બનારસ વળી આવ્યા. બનારસ ખૂબ ગંદું લાગ્યું. પુરાણપવિત્ર ગંગાજીની પણ લોકો દિનરાત ભક્તિ કરીકરીને પોતાના દેહ અને મનની બધી ય મલિનતા એને સમર્પી દે છે એનો ખુલ્લો પુરાવો એ નદીનાં મલિન થઈ ગએલાં પાણી આપી રહ્યાં છે. શહેરની ગટરોમાંથી દિનરાત મેલ આવી આવી નદીનાં સર્વભક્ષી પાણીમાં ભળી જાય છે ને 'પવિત્ર' બની જાય છે! એમાં ન્હાયા એટલે પુણ્ય પામ્યા!

અને કાશીનાં મંદિરો? આખું શહેર એમની જમાલથી ગાજી રહેલું જણાય છે. ધાર્મિક યાત્રાળુને એ મોક્ષપુરી લાગશે; પાશ્ચાત્ય મુસાફરને એ હિંદુસ્તાનની સમગ્ર સંસ્કૃતિના પ્રતિનિધિરૂપ તેમજ કૅમેરાની પ્લેટો માટે યોગ્ય જણાશે; દેશ ને સમાજમાં ક્રાંતિ ઇચ્છતા અત્યારના સંસ્કારી હિંદીને એ દુઃખનું સ્થાન જણાશે.

ટિકિટ સંગ્રહ

આપણા શાખપડોશી નેપાળે હમણાં પોતાને ત્યાં યોજાએલી પહેલવહેલી પ્રતિનિધિ-સભા માટેની ચૂંટણીને સ્મરણાંકિત કરતી ગઈ ૧૮મી ફેબ્રુઆરીએ બહાર પડેલી આ નીચેની ટિકિટ મોકલનાર નેપાલના શ્રી કમલ દીક્ષિત 'કુમાર'ના લાંબા સમયના વાચક છે એ માહિતી અમારી માફક સૌને આનંદપ્રદ બનશે.





એબ્રહૅમ લિંકનની દોઢશતાબ્દી, આલાસ્કાનો સંઘપ્રવેશ, લોકવિચાર (પત્રકારત્વ)ની મુક્તિ. આદિ પ્રસંગોને સ્મરણાંકિત કરતી, શ્રી ભરત દેસાઈએ મોકલેલી આ સાથેની અમેરિકાની ટિકિટો રોજ પેઠે ચોટદાર ચિત્રણાવાળી છે.



(જમણી બાજુ મથાળે) લાઓસ-વીએટનામે યુનેસ્કોના નવા ભવના સ્મરણમાં બહાર પાડેલી આ ઉપરની (અને નીચેની) ટિકિટો અહીં મોટી કરીને એટલા માટે આપી છે કે એમાં નીરૂપેલાં પ્રતીકો, મૂર્તિઓ આદિમાં પ્રતીત થતી ભારતીય સંસ્કૃતિની પરંપરા સ્પષ્ટપણે જોઇ શકાય. ઉપલી બીજી ટિકિટમાં વચ્ચે પારીસમાંનું યુનેસ્કોનું નવું મકાન, તથા નીચેની ટિકિટ પરનું યૂનોનું પ્રતીક ધ્યાન ખેંચે છે. (મોકલનાર: કિશન આર. શર્મા, જૂનાગઢ)





અનુસંધાન] **દુર્ગારામ મહેતાજી** [પૃ. ૧૩૩થી

આણવો નહિ. મનુષ્યજાતિ માત્ર એક કુટુંબ છે એમ જાણી સર્વ સાથે ખાવાપીવા વગેરે વ્યવહાર કરવામાં ધર્મની કશી અડચણ ગણવી નહિ, તથા પોતાની રહેણી, કાયા, વાણી તથા મન એ સર્વેમાં ઘણી જ નિર્દોષતા રાખવી.

મારેઘેર આવતીકાલે મારી સ્ત્રી કુંદનવહુની સંવત્સરી છે; તેથી મૂર્ખ અને અજ્ઞાન લોકોના ધારા પ્રમાણે પોતાનાં સગાંને પોતાને ઘેર જમવા તેડી મરનારને સંતોષવું એવી રીત કેટલાંએક વરસ થયાં અજ્ઞાની લોકોથી ચાલતી આવી છે તેને કેવળ બંધ કરવી જોઇએ, અને તે દિવસે જો શોક થતો હોય તો કોઈ બ્રહ્મવેત્તાનો સમાગમ કરવો એટલું મારા મનમાં છે, બીજું કાંઈજ નથી. તોપણ ધીમેધીમે ઓછું કરવા સારુ મેં એવો વિચાર ઠેરવ્યો છે, જે આવતી કાલે કોઈ સગાંને જમવા તેડવાં નહિ. કેવળ લોકાભયે કરીને, ત્રણ જણ વેદ ભણેલા બ્રાહ્મણને (હું જાણું છીં કે એ ઠેકાણે વેદાર્થ અનુભવી વિના બ્રાહ્મણ શબ્દ યોગ્ય નથી) નોતરાં દઈ આવ્યો......

સૂત્રધાર: આમ, નવવિચાર-પ્રવર્તન દુર્ગા મહેતાએ ચાલુ કર્યું, ત્યાં તો વસંતપંચમીએ પ્રલય થવાની વાત આવી.

•

ભગવાનદાસ: કેમ મૂળચંદકાકા, આજે સું બનઈવાં? ઉલ્યો દા'ડો આવી પહોંઈચો!

મૂળચંદ: ઓહો ભગુભાઈ, મેં તો કહીલું કે બનાવી લાખો શિખંડપુરી! પણ બૈરાં સાનાં માને? તે તો રડવા લાઈગાં. ને ઊલટાં મને કહે કે તમને સરમ નથી લાગતી? વસંતપંચમીએ પ્રલ્લે થવાનો છ; ને બધાં જ મરી જવાનાં, ને દુનિયા પર દરિયો ફરી વલવાનો, ને તમને આવા ખાવાના ચસકા થાય છ!

ભગવાન: કાલે પેલા સંભુલાલ આવેલા તે તો કહે કે પ્રલ્લે થવાનો છ પછી સા સારુ બાકી રાખીએ? ચાહોમ કરીને પઈસા ખરચવા માંઈડા છ, ને રોજ ચકાચક ઉડાવીએ છ.

[એકાએક સામટી રડારોળનો, બૈરાં તથા મરદોના અવાજ.]

રડારોળ (જુદા જુદા સાદ): અરે ઓ પરમેસર, આ તું સું કરવા બેઠો છ... આવી રીતે પ્રલ્લે થવાનો... ઓઓઓઓ... અમે કુંવારા કરજગરાં મરી જવાનાં? ઓઓઓ... ડૂબી જવાનાં? હાયહાયરે... સાવ કમોતે મરવાનાં? ઓઓ... [રડારોળ આઘી ને આઘી જતાં શાંત થઈ જાય છે.]

ભગવાન: લોકોમાં રડારોળ ચાલી છ તે પણ જોઇને? પણ પેલો મહેતલો છે ને, પેલો દુરગારામ...

મૂળચંદ: પેલો વિધવા પણવાનો હતો તે?

ભગવાન: હા, તે જ. તે તો મને કહેતો'તો કે વાત તદ્દન ખોટ્ટી છે. એણે તો બે તન ઠેકાણે લોકોને ભેગા કઈરાં ને કહ્યું કે પ્રલ્લેબલ્લે કંઈ થવાનો નથી, ને દુનિયા ગરક થવાની નથી. કાસીના કોઈ બામણનું ધતિંગ છે એમ કહે છ.

મૂળચંદ: અરે, એ તો હવે મધરાતે બચ્ચમજીને ખબર પડહે. જ્યાં ધનનનનન ધૂમ થઇને ધરતીમાતા ગબડવા માંડસે તારે, બેટમજીની કાછડી છૂટી જસે.

•

[કીર્તનિયાં, ઝાંઝ ને પખાજનો અવાજ, ભજનના રાગડા: 'ધીરે ધીરે ધીરે હરજી, મારે મંદિર આવો રે'; 'મુજ અબળાની મોટી મિરાંત બાઈ સામલા ઘરેણું મારે સાચું રે'; 'મોલે પધારો મા'રાજ મણિગર મોલે પધારો'; 'શ્રી કૃષ્ણ શરણંમમ, શ્રી કૃષ્ણ શરણંમમ'(વારંવાર) 'ૐ નમઃશિવાય' (વારંવાર) જે અંબે... જે અંબે... જે અંબે......]

એક સાદ: હવે પાંચ જ મિનિટ બાકી હસે જો.

બીજો સાદ: હા, એટલું જ હસે. હવે તો જે અંબે જેઅંબે... (અનેકમાણસના અવાજ) અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ: (ત્રણચાર વાર) હાહા... હસવાના અવાજ; જયરામ સીતારામ... થોડીવારે રાતના બારનું નગારું ઢમ ઢમ બિવડા બારઅવાજ કરતું વાગવા માંડે છે... બિવડા બાર પૂરા થતાં)

જોજો, જોજો... જુઓ... એ ધરતી હાલી... હાલી.... સરકી... ગબડી... ઓ... ગબડી... અલ્યા કંઈ નથી, કંઈ નથી, કંઇ નથી... (શાંતિ)

ભગવાન૦ મૂળચંદભાઈ: અઈલ! મધરાતને તો બે ત્રણ ઘડી થઈ પણ ગઈ. પ્રલ્લે બલ્લે તો કંઈ દેખાતો નથી!

મૂળચંદ: હા ભૈ, ચોઘડિયું તો ગયું. કંઈ થયું નથી. દુરગો મહેતો ખરો પઇડો લાગે છ.

એક અવાજ: મહેતાજી જ ખરા પઇડા!

બીજો: પેલો સાલો દુર્ગો મહેતો તો ના જ કહેતો'તો કે કંઈ પ્રલ્લેબલ્લે થવાનો નથી. સાના નાહક ડરી મરો છ. ખરો હિંમતવાળો નીકળો.

ત્રીજો: એ એક જ અક્કલવાળો ઠઈરો જો. આપણે બધા તો મૂરખ જ ઠઈરા!

ચોથો: ચાલો, બધા જીવતા રહ્યા એટલે થયું. કોઈ મઈરું બી નહિ ને બઈરું બી નહિ.

પાંચમો: ચાલો, અત્તાર સુધી મરવાના હતા, તેથી લહેર કરતા'તા, ને હવે નહિ મરવાના, તેથી મજા કરો... હાહાહાહાહા...

(ખડખડાટ હાસ્ય, અનેક માણસોનું)

•

દુર્ગા૦ અરે ભાઈ, મને તરસ ઘણી લાગી છ ને જવું છ ઠેઠ ઓલપાડ. અહીં કહીં પાણીબાણી પીવાનું મળશે કે?

અવાજ: હા, થોડુંક ચાલસો ત્યાં વડ નીચે પરબ છે. ત્યાં બધાને પાણી પાય છ. એ... પ્હેલે

[પાણી રેડવાનો અવાજ]

પરબવાળો: એ મહેતર, એઈ એઈ, આઘો રૂહે. આઘો મર! કાં આ પરબની આટલો બધો પાસે આઇવો? હટ હટ્. હું પેલા ફૂટલા મટકામાં રેડું તેમાંથી પી લેજે તું તારે. જા... સાલાં ડરતાં બી નથી આજકાલ.

દુર્ગારામ: મહેતર ભાઈ, એ લોકો સર્વ અભિમાની છે. મારા મનમાં હું કોઇને ઊંચનીચ જાણતો નથી. માણસ સર્વે સરખાં છે. તે મધ્યે જે પરમેશ્વરની ભક્તિ કરે છે તે ઉત્તમ છે, અને અડકવું ન અડકવું એ વિશે જે ખોટાખોટા વિચાર કરે છે તે બુદ્ધિ વિનાના છે.

પરબવાળો: અલ્યા તમે કોણ છો ભાઈ? આટલા બધા દોઢડાયા થાવછ તે!

એક અવાજ: એ તો પેલા દુરગા મહેતા, દુનિયાને સુધારી નાખવા નીકળી પઈડા છ, તે.

પરબવાળો: સીધા સીધા પાણી પીને ઘરભેગા થાઓ મહેતલાજી, નહિ તો કયાક હાડકાં ખોખરાં થઈ જસે. સું સમજા? લો, પી લો પાણી. પાણીની કોણ ના કહે બે? ન્હે તો મારો મિજાસ ગયો ને તો જોવા જેવી થઈ જસે જો.

•

દાદોબા: મે'થાજી, તુમ્હી કહ્યા તે સત્ય છે. લોકોલા સત્ય વિચાર પ્રતિ વાળવા પાહિજે. આમ્હીં લોક કાહીં ઉપદેશ દેવાના કાર્ય પ્રારંભ કરવા પાહિજે. તુમ્હીં કહ્યા તેવી મંડળી આપણ કાઢું, ને પ્રત્યેક શનવારીં મળું, ને ચર્ચા કરું. લોકોના ઘરીં જાઉન પન ઉપદેશ દેવાના. કસં કાય, દામુભાઈ?

દામુભાઈ: હા હા, મહેતાજી; કંઈ કરવું જ જોઇએ. આ દિનમણિશંકર ને દલપતરામનો પણ એ જ મત છે.

દાદોબા: મે'થાજી, તુમ્હીં એક કાગદ તૈયાર કરા, અન્ સગળાંની સહી લેવાના.

દુર્ગારામ: આપણે 'માનવધર્મસભા' એવું નામ રાખીએ? તમને બધાને પસંદ છે?

એક અવાજ: પસંદ છે.

બીજો અવાજ: પસંદ છે.

દાદોબા: પસંત છે.

દુર્ગારામ: જુઓને, હું આમ લખું છું: 'કેટલાએક કાળ થયાં અજ્ઞાનથી ધર્મ સંબંધી બાબતમાં માણસોના અનેક વિચાર થયા છે;

તેણે કરીને તેઓ અત્યંત દુઃખમાં પડેલા છે. તેમને મોક્ષ પ્રાપ્ત થવા માટે જ્ઞાનપૂર્વક ખરો વિચાર તે પ્રાપ્ત કરી લેવાની ઘણી અગત જાણી, હર શનિવારે રાત્રે, કોઈ ઠેરવેલા ઘરમાં, માણસોનો મેળાપ રાખવો જોઇએ. તે ઠેકાણે બેસીને વિચારવાન માણસોએ માહોમાહે, તથા બીજા લોક સાથે ખરા વિચારની ચરચા ચલાવવી. તેણે કરીને અજ્ઞાનથી થએલાં જે દુઃખદાયક બંધન, તેમાંથી છૂટશે. તે માટે હાલમાં જેને આવવાની મરજી હોય, તેણે આ કાગળમાં સહી કરવી. સંવત ૧૯૦૦ના વૈશાખ વદી ૩૦ વાર શુક્રે.

દુર્ગારામ : લ્યો દાદોબા સાહેબ, મેં સહી કરી. હવે તમે કરો. તમે દામોદરદાસ—તમે પણ, પાર્વતીશંકર, કરો.

દાદોબા : બાળકૃષ્ણ લક્ષ્મણે સહી આપવાના મલા હા કહ્યા છે. લાડકોબા સુદ્ધા દેણાર.

દુર્ગારામ : દાદાભાઇ બહ્મજેરજી મોદી, ઈશ્વરદાસ હરગોવનદાસ, કાહાનદાસ તાપીદાસ વગેરેની સંમતિ મેં મેળવેલી છે. એમ આપણું કામ મજાનું ચાલશે. ચાલો ત્યારે, બોલો માનવધર્મસભાની જય!

બેચાર અવાજ : માનવી ધર્મસભાની જે.

સૂત્રધાર : એમ હજારો વરસથી ચાલતી આવેલી ચીલાચાલુ માન્યતા, રીતભાત ને મૂર્ખ વહેમો સામે મહેતાજીના અદમ્ય જુસ્સા સહિત સભા ચાલુ થઈ. રોજ નવાનવા માણસો દરેક ન્યાતજાતના, ભળવા લાગ્યા ને સર્વાંગી નવી વિચારસરણીનો દીવો ગુજરાતમાં સળગ્યો-સળગાવ્યો મહેતાજી દુર્ગારામ મંછારામે.

•

દુર્ગારામ : એક—સર્વ સૃષ્ટિનો ઈશ્વર એક છે. બે—મનુષ્યમાત્રની જાતિ એક છે. ત્રણ—મનુષ્યમાત્રનો ધર્મ એક, પણ જેણે પોતપોતાના ભિન્ન ધર્મ માનેલા છે તે તેઓનું અભિમાન છે. ચાર—મનુષ્યમાં ઉત્તમાધમ ગુણ ઉપરથી જાણવા, કુળ ઉપરથી જાણવા નહિ; પાંચ—વિવેકને અનુસરી કર્મ કરવાં; છ—ઈશ્વરાનુગ્રહાર્થે ભક્તિ કરવી; સાત—સદ્‌માર્ગની શિક્ષા સર્વને કહેવી.

સૂત્રધાર : ગુજરાતમાં નવી, સ્વતંત્ર વિચારસરણીનું બીજ પહેલવહેલું આમ રોપાયું. પારસી મુસ્લિમ ખ્રિસ્તી હિન્દુ સૌ આવતા. કર્મકાંડ, શ્રાદ્ધ, ઉચ્ચનીચ ભાવ, વૈરાગ્ય, જ્યોતિષ, મરણોત્તર ગતિ, જાતજાતની ચર્ચા થતી. વિરોધીઓ ધાકધમકી આપતા, બૂમબરાડા પાડતા, દબડાવતા, ધાંધલ કરતા; પણ શાંત તેજધારી અગ્નિયારૂપ દુર્ગા મહેતા ઠંડકથી, પ્રેમથી, હિંમતથી, નીડરતાથી જવાબ દેતા. ઘેરઘેર જઇ સમજૂતી કરતા. લાંબાલાંબા કાગળો લખી ખુલાસા આપતા. એમ ને એમ નીકળ્યો જાદુમંતર ને ભૂવાઓના દોરાધાગાનો વિષય. મહેતાજીએ જાદુને જૂઠ જાહેર કર્યું ને ભૂવાઓને પડકાર કર્યો...અને ૧૮૪૪ના નવેંબરની ત્રેવીસમીએ પત્રિકા પ્રકટાવી કે ભૂતપ્રેત, ડાકણ-જક્ષણી, બ્રહ્મરાક્ષસ કે મંતરજંતર સિદ્ધ કરી આપે તેને માનવધર્મસભા તરફથી રૂા. ૨૦)નું ઇનામ. સૂરત શહેર ધમધમી ગયું. મહિનાની આખરે વજો ગોકળ નામનો ભૂવો મહેતાજીને મંત્રથી લોહીની ઊલટી કરાવવા બહાર પડ્યો......

•

[સેંકડો લોકોનો ગણગણાટ. હોહો. હાહાઠીઠી. જાતજાતના અવાજ...તેમાંથી પછી...]

ઠાકોર : અલ્યા જીવરામ, વજા ભૂવાએ સરકારમાં અરજી કરેલી, તે વાત હાચી?

જીવરામ : હાવ હાચી ભૈ. એણે સરકારને જૂઠી અરજી કરેલી કે મહેતાજી ચપ્પુથી જીભ કાપ્યાનું કહે છ ને ધગધગતી સાંકળ ઊંચકવાનું કહે છ તો સરકાર બાયધરી આપસે?

ઠાકોર : તો પછી સું ઠયું?

જીવરામ : વાત જ ખોટી નીકળી! મહેતાએ એવું કૈં કહ્યું જ નથી. એણે તો બદ્ધેબદ્ધા ભૂવા માટે કહ્યું છ કે બાહાર પડો ને જાદુ સાચું છે તે પુરવાર કરી તમારા મંતરથી મને લોહીની ઊલટી કરાવો, મૂઠ મારો, કૈં પણ કરો. મહેતાજી એ માટે તૈયાર થઇને બહાર પઇડા છ.

નસરવાન : અરે મૂગા મરો રે તમુ લોકો! જોવ, પેલા મહેતાજી આયા. લેવ, બઢ્ઢા —પેલી માનવ સભાવાલા બઢ્ઢે બઢ્ઢા છે જો!

ઘણા અવાજ : આઇવા, આઇવા, ઓ બદ્ધા આઇવા! ઓહો, પેલો વજો ભૂવો પણ આઇવો. નરોતમ ભૂવો પણ છે જો! નાનપરાનો કાલિદા' ભૂવો પણ દેખું!

મુસ્લિમ : અબ્બે વો દાદોબા ભી આયે. વો દામોદર શેઠ ભી તો હૈ.

ઠાકોર : ઓહો પેલા દલપતરામ ને દિનમણિસંકર પણ આઈવા.

તારાચંદ : જુવો ટો ખડા, પેલા ભુવા ટો જુવો! મોઢે સિંદૂર છે, ને હાઠમાં ચીપિયા છે, ને કેવા બિહામણા દેખાય છે! ઓ મારા બાપ!

જીવરામ : બીક લાગે એવું જ છે જો!

તારાચંદ : અલા, અડદના ડાના આપના પર પઈડા ટો હેરાન હેરાન ઠઈ જઇશું.

નગીન : થયા થયા હવે! મહિનામહિનાથી દુરગા મહેતા બૂમાબૂમ કરે છે, પણ કોઈ સાવો ભૂવો હિંમત કરતો'તો, આજ લુગીન?

દાદોબા : શાંત હો જાઓ સબ લોગ! શાંત હો જાઇએ સબ ભાઈ લોગ! આતાં સભાના કામ ચાલણાર. ચલા, મે'થાજી, શુરૂ કરા. શાંત થાઓ (ચોમેરથી મૂગા રહો, મૂગા રહો એવો અવાજ ઊઠે છે. બધા મૂગા થઇ જાય છે.)

દુર્ગારામ : ભાઇઓ, ને બારીએ ઊભેલી થોડી બહેનો છે તે તમે પણ સાંભળો! અમે, માનવધર્મસભાવાળા કહેવા માંગીએ છઇએ કે આ ભૂવાઓ જંતર મંતરને નામે ભોળી પ્રજાને છેતરે છ ને પૈસા પડાવે છ. તેમના જાદુમાં કંઈ માલ નથી, કંઈ સચ્ચાઈ નથી. બધા ઢોંગધતૂરા છે. એક મહિનાથી મેં પોકાર કરેલો છે કે ખરો ભૂવો હોય તે બહાર પડે; પણ આજ દિન સુધી કોઈ આવ્યું નથી. આજે પારખું થવાનું છે. હવે સાંભળો: આ વિઠ્ઠલદાસ મુલતાની બોલશે. તેમણે છછ મહિના જાદુ શીખવામાં ગાળ્યાં, ને કેટલાં બધાં નાણા ખરચ્યાં, પણ કંઈ વળ્યું નથી. કેમ વિઠ્ઠલદાસ? કહો બધાને તમારી વાત.

વિઠ્ઠલદાસ : હા', હું પોકારકરું છ કે ભાઇઓ, જાદુ બાદુ ગપાગપ છે. જાતઅનુભવે કહું છ. મેં પચ્ચી હજાર પોળિયા બગાઈડા છ એની પાછળ. પણ કંઈ ઈલમ કોઇ પાસે છે જ નહિ. બધું જુઠાણું છે. આ હરગોવિંદ શેઠનો પણ એવો જ અનુભવ છે. કહો હરગોવિંદ શેઠ, કહો બધાને તમારી વાત.

હરગોવિંદ શેઠ : હા, હા; વિઠ્ઠલભાઈ કહે છે તે તદ્દન ખરું છે. મેં લાખ્ખો મંત્રજપ કીધા. મીઠું છોડી દીધું. કેટલાય મહિના નહિ ખાધું. લાગલાગટ મંતરના જાપ કીધા, પણ મસ મોઢું મીંડું. કોઈ હનુમાનજી કે માતાજી મને મળવા આઈવા નહિ. પૈસા ને મહેનત પાણીમાં ગયાં. કંઇ પણ જાદુ છે નહિ. બધી બનાવટી વાત છે.

દુર્ગારામ : ને આ ફીરપાશંકરની વાત પણ સાંભળવા જેવી છે. તેમણે તો મસાણમાં જઇને પણ ધમાલ મચાવેલી. કહો ફીરપાશંકર.

ફીરપાશંકર : ભાઇઓ, મેં મેલી કપાસના ઘણીઘણી કીધી. રવિવારે રાત્રે મસાણમાં ગયો. માણસની ખોપરીના ને બકરાના લોહીના પણ પ્રયોગ કીધા. પણ ભૂત કે પલીત, રાક્ષસ કે દૈત, કોઈ આઈવું નહિ. મારો બામણનો મનખો બગાઈડો તે ફોગટમાં.

વજો ભૂવો : હવે બતાવી આપીશું!

બીજો ભૂવો : હા, હા. જોઈ લેજો!

દુર્ગારામ : બરાબર છે, હવે મહિનો રહીને આ ભૂવાઓ આજે બતાવી આપવા તૈયાર થયા છે. લોકો બધા શાંત થઇ જાઓ. ચાલો વજાભાઈ, કાલિદાસભાઈ, તમારું જાદુ ચાલુ કરો. મને મૂઠ મારો. લોહીની ઊલટી કરાવો! મને કબૂતર બનાવી દો.

ટીખળી અવાજ: નહિ તો ધૂતડ બનાવો.

દુર્ગારામ: હા, ધૂતડ બનાવો તો પણ મને વાંધો નથી. હું તૈયાર છું. ચાલો, કરી દો શરૂ.

[ડાકલાં વાગવાં શરૂ થાય છે. સાથેસાથે 'જય મહાકાલિ', 'જય ચામુંડા', 'જય મહાશક્તિ', 'જય સિંહમુખા', 'જય વિકટાનના' 'જય વારાહા''જય ચંડિકા'એવા પોકાર ભયંકર ઘાંટાથી શરૂ થાય છે. ડાકલાં ચાલુ રહે છે]

ઠાકોર: ઓ હો! પેલાએ લીંબુ ઉછાળવા માંડયાં! કેટલાં બધાં!

જીવરામ: સિંદૂરનું તો પોટલું જ છોઈડું જો!

ભુવાનો અવાજ: ૐ નમો ભગવતી ચામુંડા, નરરુધિર માંસપ્રિય ભોજને, બહ્મેશશરમપ્રુભિરભૈરવયુતે, રુદ્રકોટિ વિનિર્ગત શરીરે, અસ્થિકંઠ કપાલ મધ્યે, પ્રવિશ્ય—(વધુ મોટેથી) શીઘ્ર મારય મારય, સ્તંભય સ્તંભય, ચૂરય ચૂરય, ગ્રાસય ગ્રાસય, રક્તવમનેન મારય મારય (ડાકલાં ચાલુ જ છે.) વરુણ પાશેન, ઈન્દ્રવજ્રેણ, શિવશૂલેન, યમદંડેન, નાશય... ...નાશય નાશય...

બીજો ભુવાનો: ૐ કાલિકા, ૐ હ્રીં અંગુષ્ઠાંજ્યાં નમ: ૐ કાલિકાય નમ: સર્વ દુષ્ટાનાં વાચં પદં મુખં સ્તંભય, સ્તંભય; જિહ્વાં કીલય કીલય; ૐ જય કાલિકા, જય ચંડિકા, જય વિકટાનના, જય કાલિકા, (ડાકલાં ચાલુ).

ઠાકોર: ઓહો! શું ઘાંટા પાડે છે!

જીવરામ: એમની આંખો તો જુઓ! જાણે લુહારની ભઠ્ઠી!

ઠાકોર: અઇલા, અડદના દાણા મહેતાજીના ડીલ પર પઇડા જો!

નગીન: હા, પણ તો યે દુર્ગો મહેતો જરા પણ ચળે છ? જરા પણ ડરે છ?

નવો અવાજ: અરે એ તો મૂઓ મરડે છ?

બીજો અવાજ: જાણે મોટો સેનાપતિ!

દુર્ગારામ: લગાવો, લગાવો તમારા મંતર જંતર! ધૂણો, ગમે તેટલા ધૂણો! ગમે તેટલા ઘાંટા કાઢો, બરાડા પાડો; તમે બધા જૂઠા છો. મને કંઈ થનાર નથી. ઈશ્વર મારો રખવાળો છે. પરમાત્મા જૂઠાનો ખે કરો.

[ડાકલાંનાં અવાજ, મંત્રોના ઉચ્ચાર, મારય મારય–ચૂરય ચૂરય વગેરે પોકારો થયા કરે છે.]

ઠાકોર: ખલાસ! ખલાસ! પેલો કાળિદા' ભૂવો થાકી ગયો! ધૂણતો રહી ગયો! અરે, એ તો ઊઠીને ચાઇલો...!

[ભૂવો નાઠો! ભૂવો નાઠો! કાળિદા' નાઠો! એવા પોકાર.]

નગીન: અરે પેલો નરોત્તમ પણ ઊભો થઈ ગયો. ('નરોત્તમ નાઠો' નરોત્તમ હાઇરો –એવા પોકાર.)

તારાચંદ: વજો પણ ઊઇઠો, ઠાઇકો! ખલાસ! વજો પણ ખલાસ!

(ખલ્લાસ! ખલ્લાસના પોકાર)

મોટા સામટા અવાજ: ખલ્લાસ! જાદુ જૂઠું છે. ભૂવા જૂઠા છે. મહેતાજીને કંઈ થયું નહિ.

(જાદુ ખોટું, જાદુ ખોટું એવા પોકારો)

એક સ્ત્રીનો સાદ: અઈલા આ બધું ખોટું નીકળ્યું! આ મારું માદળિયું ખોટું?

બીજો અવાજ: હા, હા. ખોટું, ખોટું, જોતી નથી? ફેંકી દે તોડીને!

ત્રીજો અવાજ: લે, લે. આ મારા ગળામાંનો દોરો તોડીને ફેંકી દીધો!

[મંતર ખોટા છે, ભૂવા જૂઠા છે, દોરાધાગા ખોટા છે,તાવીજો ખોટાં છે,ભૂવા બધા ખોટા છે એવા પોકારો ને હોહો થતાં તે પછી વચ્ચેથી]

એક અવાજ: બોલો, દુર્ગા મહેતાજીની—

બધા સામટા: જય!

(ફરી ફરીને દુર્ગારામ મહેતાજીની જયના પોકારો પાંચસાત વખત થાય છે.)

દુર્ગારામ: નહિ નહિ, ભાઇઓ, બોલો માનવધર્મસભાની જય—

સામટા અવાજ: માનવધર્મસભાની જય.

દુર્ગારામ: સ્વતંત્ર વિચારોની જય.

લે કપડવો: સ્વતંત્ર વિચારોની જય.

વચમાં: દુર્ગા મહેતાની જય.

[આ પોકારો વારંવાર પાંચસાત વાર પડે છે. વચ્ચે વચ્ચે મહેતાજીની જય સંભળાય છે. ધીમેધીમે બધું શાંત થઈ જાય છે.]

•

સૂત્રધાર: એમ, ગુજરાતમાં સ્વતંત્ર વિચારમવાહનો ઉદ્ભવ મહેતાજીએ કર્યો. જૂના વહેમનાં જાળાં ને પુરાણી રીતભાતોના સકંજા સામે લોકોને એણે જાગ્રત કીધા. એવાને કાળે મૃત્યુ નથી. એવાને કાળે અવસાન નથી. એવાના અમર બોલ–એવા પુરુષોની વિરલ વીર વાણી પ્રજાજીવનમાં સદા ગમગમ્યા કરે છે, સર્વદા ગમગમશે.

પાર્શ્વગાન:

જૂનીપુરાણી વિચારસરણી જીવનસરણીમાપે,
જનસમાજના વાહનને એ પંથસૂત્રણું આપે;
મહેતાજી દુર્ગારામ (૩)
નામ પાવનું એનું લેતાં અંતર બહુ પુલકાય (૨)
ગાડાંચીલો બદલી જાય,
ધરેડથી ફંટાય,ગાડાંચીલો૦
કિરણના ચમકારા દેખાય
ઉજાસે મારગ ખુલ્લો થાય
ગાડાંચીલો બદલી જાય.
[આકાશવાણીના સૌજન્યથી]



અશ્રુઅંજલી

ગોઠવે માયા ભલે સામે પ્રપંચી મોરચા,
સત્ય જેનો સારથિ છે એ કદી ડરશે નહિ;
માત્ર ઉલ્કાને જુએ, ભીતિ રહે છે રાતદિન,
જે હકીકતમાં સિતારા છે, કદી ખરશે નહિ;
મોતને કહી દો, ન મૂકે હોડમાં નિજ આબરૂ
'શૂન્ય' છે એ કોઈનો માર્યો કદી મરશે નહિ!—'શૂન્ય'

સ્વ. દાદુભાઇ દેસાઈ

ગત પેઢીની જે ગણીગાંઠી તેજસ્વી અને પ્રાણવંત વ્યક્તિઓ આપણી પાસે હતી તે બહુ ઝડપથી હવે વિદાય થવા લાગી ગઈ. તા. ૨૭ માર્ચના રોજ નડિયાદ ખાતે શ્રી દાદુભાઇ પુરુષોત્તમદાસ દેસાઈનું ૮૨ વર્ષની વયે થએલું મૃત્યુ એ હકીકતની દુઃખપૂર્ણ યાદ તાજી કરાવે છે.

દાદુકાકા એ જિલ્લાના જ નહિ પરંતુ ગુજરાતના–અને એક જમાનામાં તો સમસ્ત મુંબઈ પ્રાંતના આગલી હરોળની વ્યક્તિ હતા. ગાંધીયુગના ઉદયકાળે તો તે પણ બીજા મધ્યમમાર્ગી વિનીતો જેવી વિચારસરણી ધરાવતા; પણ વખત વીતતો ગયો તેમ ગાંધીજીના સત્યાગ્રહના રંગે રંગાતા ગયા અને પછી તો પાકા સત્યાગ્રહી તરીકે તેઓ જેલમાં પણ ગયા.

ચરોતરની છેલ્લી અરધી સદીની સામાજિક તથા રાજકીય જાગૃતિમાં મુખ્ય હિસ્સો પુરાવનાર શ્રી દાદુભાઈ દેસાઇનો જન્મ ૧૮૭૮ની ૨૬મી મેના રોજ નડિયાદના સુપ્રસિદ્ધ ભાઉસાહેબ કુટુંબમાં થયો હતો. ૧૯૦૩માં બી.એ. થયા પછી જીવનનો પ્રારંભ તેમણે ૧૯૦૬માં તેમના મોટાભાઇએ નડિયાદમાં શરૂ કરેલી કાપડની મિલમાં કામકાજ કરવાથી કર્યો હતો. ૧૯૧૦થી ૧૯૪૦ આ ત્રીસ વર્ષો દાદુકાકાની જાહેર પ્રવૃત્તિઓનાં વર્ષો હતાં. ખેડા જિલ્લા લોકલ બોર્ડ, જિલ્લા શાળામંડળ, મુંબઈ ધારાસભા, ગુજરાત રાજકીય પરિષદ, ખેડૂત સંમેલન, જિલ્લા કૉંગ્રેસ સમિતિ અને અન્ય અનેકવિધ પ્રવૃત્તિઓ ને સંસ્થાઓમાં તે રચ્યાપચ્યા રહ્યા.

તેમના જીવનનું એક મહત્ત્વનું પાસું હતું તેમની સતત અભ્યાસશીલતા. ખેતી, જમીન-મહેસૂલ, અને ગ્રામ-અર્થકારણના તો તેઓ નિષ્ણાત હતા. ખેતી વિષયક પ્રશ્નો અંગે ગાંધીજી અને સરદારશ્રી તેમના મંતવ્યની હમેશાં કદર કરતા, એટલું જ નહિ પરંતુ કેટલીક વાર તો સામેથી તેમનો અભિપ્રાય પુછાવતા. આ ઉપરાંત સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્ય, ઇતિહાસ, ફિલસૂફી, ભાષાશાસ્ત્ર વગેરે અનેક વિષયોનું તેઓ ઊંડું જ્ઞાન ધરાવતા હતા. ૮૦ વર્ષની વયે પણ, આંખોની શક્તિ અતિ મંદ છતાં, અભ્યાસખંડના ઓરડામાં એકલા બેઠાબેઠા વયોવૃદ્ધ તપસ્વીની માફક બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્યનું અનુશીલન કરતા કે પૌરસ્ત્ય-પાશ્ચાત્ય જ્યોતિષશાસ્ત્રના ફૂટ હિસાબી દાખલા ઉકેલતા તેઓને ઘણાએ જોયા હશે. છેલ્લાં દસેક વર્ષથી તો પોતાના ખંડની બહાર તેઓ નીકળ્યા જ નહોતા. પરંતુ ત્યાં રહ્યારહ્યા પણ જિલ્લો, દેશ ને દુનિયાના પ્રવાહોથી તેઓ પૂરેપૂરા વાકેફ રહેતા. ગમે તે વિષય હોય, દરેક વિષે કશુંક નવીન કહેવાનું તેમની પાસે હતું. એમાં યે ખેતી તેમજ જમીન-સુધારણાના વિષયની તેમની પકડ અસાધારણ હતી. વિદ્વત્તા અને વ્યવહારુ ડહાપણ, નીતિજ્ઞતા અને સરળતા એ બધાનો સમન્વય થએલો તેમનામાં દેખાતો. તેમની ઉદારતા અને મહેમાનગીરી તો પ્રસિદ્ધ છે.

આવી ગુણોજ્જ્વલ વિભૂતિના અવસાનની ખોટ પુરાવી ખૂબ જ મુશ્કેલ છે. તેમનું સતત પુરુષાર્થી અને લોકહિતકારી જીવન સદાય પ્રેરણા આપતું રહે. (લોકમત)

મીઠાઇ

સ્વાભાવિક રીતે જ મનુષ્યને મધુર રસ પ્રિય છે. અને પ્રમાણસર લીધેલા મધુર રસપ્રધાન પદાર્થો શરીરને ઉપયોગી પણ હોય છે. એટલું સારુ છે કે, ગુજરાતની પ્રજામાં ઉત્તર હિંદુસ્તાન જેટલો રબડી–હલવા–લડુ–બુંદી–પેંડાનો નિત્ય વપરાશ નથી. ઉત્તરમાં—ખાસ કરીને મથુરાથી માંડીને મેરઠ ને આગ્રાથી માંડીને હરદ્વાર સુધીના લોકો નિત્ય કાંઈ ને કાંઈ મીઠાઈ ખાય જ છે.

આપણાં જંતુઓ–૧૦
વંદા



જોતાં ધૃણા ઉપજે એવાં શરીરે ચપટાં આ જીવડાં ભેજવાળી દીવાલોની તિરાડો કે સાંધમાં ને રાચરચીલાંની આડશે ઠંડકમાં ભરાઈ રહે છે. એ નિશાચરથી રાત્રે બત્તીનો પ્રકાશ બહુ સહન થતો નથી.

માદા વંદા પણ પોતાના શરીરમાંની ચીકણી ચામડી જેવા પડની એક કોથળીમાં ઇંડાં મૂકે છે, અને તે ભરાઇ ગયે તેને શરીર બહાર કાઢી, કોઈ સલામત જગ્યાએ મૂકીને માતા તરીકેની પોતાની જવાબદારી પૂરી કરે છે. યોગ્ય સમયે ઈંડાંમાંથી બચ્ચાં નીકળે ત્યારે પાંખ વિનાનાં પણ બીજી રીતે મોટા વંદા જેવાં જ અંગો વાળાં હોય છે. પછી શરીરનો વિકાસ થતાં તેનું ઉપરનું પડ તૂટતું જઇ અંદરથી નવું અને કદમાં મોટું અંગ બહાર આવતું જાય છે. આ ઉપરનું તૂટેલું પડ ખાઇને બચ્ચું મોટું થતું જાય છે. પુખ્ત થતાં સુધીમાં લગભગ છએક વાર તે આમ ખાલ બદલે છે.

પુખ્ત વંદા રંગે ચળકતા તપખીરી, માથું કાંધના ઢાલ જેવા ભાગ નીચે રક્ષાએલું ને તેના પર માખી જેવી સંયુક્ત આંખો ઉપરાંત બે વધારાની ઝીણી આંખો પણ હોય છે. ચાર પાંખમાંની પાછલી પંખા જેમ ખૂલતી પાંખો બિડાએલી હોય ત્યારે આગલી મોટી પાંખો નીચે ઢંકાઈ જાય. પગ સાથળમાંથી મજબૂત અને પાંચેક સાંધાવાળા હોઇ દોડવામાં ખૂબ જ અનુકૂળ. ને એની લાંબી મૂછો તો જાણીતી છે.

આહાર સામાન્યતઃ લોટ જેવા સ્ટાર્ચવાળા પદાર્થો. બીજી રીતે ડંખી કરડીને તે હેરાન તો નથી કરતા, પણ ક્યારેક શરીરમાંથી વિચિત્ર દુર્ગંધ છોડી વાતાવરણ બગાડી મૂકે. કહે છે કે બ્રાઝિલ તરફના અમુક વંદાઓ તો સૂતેલા માણસના પગના નખ પણ કરડી ખાય છે. તેની કેટલીક જંગલી જાતો પણ છે જે જમીનમાં હાથેક ઊંડો ખાડો કરી રહે છે ને નાનાં જીવડાં પકડી લાવી મારી ખાય છે. આમાંનો ચોર વંદા નામનો એક વંદો રંગે ખૂબસૂરત, અતિશય ચંચળ ને સ્વભાવે વિકરાળ તથા હિંસક હોય છે.

ઘઉં, ઘી, સાકર, ગોળ, ચોખા, દૂધ (માવો), આ સઘળાંમાંથી બનતી મીઠાઈ મધુર રસપ્રધાન છે; અને મધુર રસ 'ગુરુ' છે. ગુરુ એટલે ભારે—જેને પચતાં વાર લાગે અથવા જેને પચાવવા પાચન અવયવોને વધુ શ્રમ કરવો પડે તે. તેમાં પણ ઘી. માવો, મેંદો, દૂધપાક, બાસુદી, શિખંડ અતિ ભારે. જોકે આ પદાર્થો પણ ભાણામાં આવે ત્યારે હૈયું હાથમાં રાખીને તૂટી નહિ પડતાં ઇચ્છા હોય તેનાથી અરધા પ્રમાણમાં જેઓ કોઈક દિવસ લે છે તેને કશો વાંધો આવતો નથી; પરંતુ જેઓ ગળાગળ ઠાંસીને મીઠાઈ ભરનાર છે તે આજ નહિ તો કાલ પણ 'અજીર્ણાજીર્ણ' જેવા કપરા રોગનાં ભોગ થયા વગર રહેવાનાં નથી. આપણા ભોજન-સમારંભો કે જમણવારમાં શરૂઆતમાં મિષ્ટાન્ન જ પ્રથમ આવે છે અને જેમને પેટની પંચાતે નથી અને પડી યે નથી હોતી તેવા લોકો ગળા સુધી ગળપણવાળી ચીજ ઠાંસીને ભરે છે; તે પછી તેના ઉપર દાળ, ભાત, શાક કે ફરસાણ આરોગીને ગોડાઉન ચિક્કાર કરી મૂકે છે.

મિષ્ટાન્ન આરોગનાર અને શારીરિક શ્રમ નહિ કરનાર બેઠમલિયા જીવનના માનવીઓને આ ખોરાકમાંથી એક છૂપું ઝેર શરીરમાં ઉત્પન્ન થાય છે. આ ઝેરનું નામ છે 'આમ'. ખોરાકમાં નહિ પચેલો રસ તેનું નામ 'આમ'. આમાં શરૂઆતમાં તો કોઈ ચિહ્ન નથી જણાતું, પરંતુ દિવસમાં ત્રણચાર વખત જાજરૂ જવું પડે છે, કકડે કકડે ઝાડો આવે છે, ને ઝાડો ચીકણો અને કેટલીક વખત પ્રત્યક્ષ આમ (લીંટ જેવો ચીકણો સફેદ પદાર્થ) કોઈ વખત ઝાડામાં જુદો પણ જણાય છે. આ આમ એટલે જિંદગીની ઇમારતના પાયામાં લાગેલો લૂણો, અથવા તંદુરસ્તીના નાવના તળિયે પડેલું ગાબડું. એક વખત 'આમ' શરૂ થયા પછી આખી જિંદગી વિવિધ ફરિયાદો અને રોગોથી પીડાવાનું. નિત્ય મીઠાઈ ખાનારના લીવર ઉપર બોજો વધવાથી સાકર (મધુર રસ) નહિ પચતાં તેમાંથી ડાયાબીટીસ (મધુમેહ)ની ઉત્પત્તિ પણ થાય છે.

વૈદકશાસ્ત્ર કહે છે કે 'ગુરુણામર્ધં સૌહિત્યમ'–અર્થાત્ ભારે ખોરાક અર્ધ પ્રમાણમાં લ્યો. આ બાબતમાં પશ્ચિમની ભોજનપદ્ધતિ પ્રશસ્ય છે. એમાં હમેશાં મિષ્ટાન્ન–મીઠી વાની ભોજનને અંતે આવે છે. શરૂઆતમાં તો અગ્નિદીપક અને પચવામાં હલકો 'સૂપ', તે પછી અન્ય પદાર્થો અને છેક છેલ્લે—જ્યારે પેટ ભરાવા આવ્યું હોય ત્યારે, જેલી, પાઈ કે એવા રૂપમાં થોડી સરખી મિષ્ટ વાની; પછી આઈસક્રીમ ને કૉફી. એમ લાગે છે કે આપણે ત્યાં પણ ભોજનને અંતે—અને તે પણ માફકસર મિષ્ટાન્ન રાખવામાં આવે તો પ્રજાના આરોગ્ય પર સારી અસર થાય. ('ગુજરાત સમાચાર' પરથી ફેરફાર સાથે) —વૈદ્ય જાદવજી નરભેરામ

દુરીઅન

ગયા અંકમાંના બાલીના લેખમાં જેનો ઉલ્લેખ આવ્યો તે, સ્વાદમાં મધુર છતાં ઘૃણાસ્પદ દુર્ગંધને કારણે ઘણાને અપ્રિય લાગે તેવું આ



ફળ–દુરીઅન આખા અગ્નિએશિયામાં બહુ લોકપ્રિય છે, એટલું જ નહિ પણ મલાયા-સિયામમાં તો ઘણા તેના 'બંધાણી' પણ હોય છે. ભીના ખાતર અને ભેજવાળા હવામાનમાં થતું તેનું વૃક્ષ દુરીઅન–Durio zibethinus લગભગ ૭૦ થી ૮૦ ફૂટ જેટલું ઊંચું વધે છે અને બાર-તેર વર્ષે ફળે છે. તેનાં પાન મૂળમાં ગોળાઇ લેતાં લાંબાં ને સહેજ અણીદાર હોય છે. ફૂલ લીલાશપડતાં પીળાં–પીરમજી. તેનાં ફળ–દુરીઅન પાકે ત્યારે પાંચથી છ રતલના વજનવાળાં મોટાં નાળિયેર જેવડાં થાય છે. તેની છાલ કઠણ અને અનનાસ પેઠે અણીદાર ટોપકાંવાળી હોય છે. આડું કાપ્યું હોય તો અંદર પાંચ લંબગોળાકાર ભાગ દેખાય, જેમાં પીળાશ પડતો ચીકણો લાગતો રસદાર માવો હોય છે. સ્વાદમાં આ માવો ઘણો જ મધુર હોય છે, પરંતુ ફળ સહેજ પણ વાસી થાય કે તેમાંથી સડેલી ડુંગળી કે ગંધાતા માંસને મળતી એવી વિચિત્ર અસહ્ય દુર્ગંધ ફેલાય છે કે આદત ન હોય તો ભાગ્યે જ કોઈ તેને ખાવા લે. આથી જ આપણા દેશમાં નીલગિરિ તથા પશ્ચિમ ઘાટમાં તેના વાવેતરના સફળ પ્રયત્નો થએલા છતાં તેનું વાવેતર લોકોમાં પ્રસર્યું નથી. આજે પણ એ જે વિસ્તારમાં પ્રયોગ ખાતર દાખલ થયું હતું ત્યાંથી આગળ ફેલાયું નથી અને માત્ર ગણતરીનાં સોએક જેટલાં વૃક્ષો જ આપણા દેશમાં હશે.

માવાની વચ્ચે રહેતાં તેનાં બીને તાજા ફળમાંથી કાઢીને વાવવામાં આવે છે. ઊગીને નાનકડો છોડ થાય એટલે તેને ૩૫–૪૦ ફૂટને છેટે રોપી દઈ પછી અન્ય ફળઝાડની પેઠે જ તેની સંભાળ લેવાની હોય છે. આ બીને શેકીને ખાઈ શકાય છે.

સામાન્યતઃ દરેક ઝાડને ૫૦ થી ૬૦ ફળ આવે છે. આપણે ત્યાં નીલગિરિમાં 'બુર્લિયર ફ્રૂટ રીસર્ચ સ્ટેશન'ના સરકારી બગીચામાં જે દુરિયન છે તેનાં ફળ જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમિયાન પાકે છે. મધુર છતાં દુર્ગંધને કારણે અપ્રિય આ ફળના વૃક્ષને અન્ય ફળઝાડ જેવો કોઈ રોગ થતો નથી એ તેની એક વધુ વિશિષ્ટતા છે.

ઉનાળામાં સાવચેતી

આઈસક્રીમમાં ઝેર: આઈસક્રીમમાં સુગંધ અને સ્વાદ લાવવા નીચેનાં રસાયનોનો બહોળો ઉપયોગ થાય છે. મધુગન્ધની જગ્યાએ જૂ મારનાર દવા Piperonal, ચેરીને બદલે Aldehyde c 17 (રબ્બર–પ્લાસ્ટિક ઉદ્યોગમાં વપરાતો એક સળગી ઊઠનાર પદાર્થ), અનેનાસની સુગંધ લાવવા Ethyl Acetate જે ચામડાં અને કપડાં ધોવા કામ લાગે છે અને જેની ગંધ ફેફસાં લીવર અને હૃદયને હાનિકર્તા છે. કેળાંની ખુશ્બો લાવવા Amyl Acetate (તેલમાં રંગ લાવનાર રસાયન) વપરાય છે. આ રીતે વપરાતાં રસાયનો આઈસક્રીમને રુચિકર તથા લહેજતદાર બનાવે છે, પરંતુ તે બધાં ઓછેવધતે અંશે શરીરને નુકસાન પહોંચાડે છે. એક પ્લેઈટ આઈસક્રીમનો ઑર્ડર આપતાં પહેલાં શ્રેય અને પ્રેયનો તફાવત તમારી તંદુરસ્તી માટે ખયાલમાં રાખજો.

ગૉગલ્સ: ગરમીના દિવસોમાં સ્ત્રી અને પુરુષો લાભાલાભનો વિચાર કર્યા સિવાય ગૉગલ્સનો આંધળો ઉપયોગ બહુ કરે છે; પરંતુ ગૉગલ્સના ઉપયોગથી આંખ તાપ સહન કરવાની પોતાની પ્રાકૃતિક શક્તિ ગુમાવી બેસે છે. વળી સૂર્યના તાપથી તેના કાચ ખૂબ તપે છે. તપેલા કાચની ગરમીથી આંખના ડોળા તથા પોપચાંની સ્નિગ્ધતા અને કોમળતાનો ક્ષય થાય છે ને કાચની સતત ગરમી ચાલુ રહેવાથી આંખની આસપાસનો ભાગ કાળો પડી જાય છે. (સુશ્રુત)

સાઈકલ ઉપર ફરનારાઓને હાથે થતા ગુના

સાઈકલ ઉપર ફરનારાઓ નીચે મુજબ ગુનાઓ કરે છે: (૧) વગર લાઇટે ફરવું, (૨) સાઈકલ પર ફિક્સ્ડ લૅમ્પ ન લગાડતાં બૅટરી હાથમાં લઈ સાઈકલ ચલાવવી, (૩) ડબલ સવારી કરવી, (૪) ખોટી બાજુએ સાઈકલ ચલાવવી, (૫) સર્કસમાં ચલાવતા હોય તેમ બંને હાથ છૂટા રાખી સાઈકલ ચલાવવી, (૬) સાઈકલની પાછળ સ્ટૅન્ડ ઉપર ઊંચો લોડ કરી પાછળ આવતાં વાહનોને જોવા માટે અડચણ કરવી, (૭) બેલ ન રાખવો, (૮) સાઈકલમાં પાછળ પંખા ઉપર સફેદ રંગ ન રાખવો, (૯) સાઈકલની પાછળ લાલ રંગનો રિફ્લેક્ટર ન રાખવો, (૧૦) સાઈકલને વગર બ્રેકે ચલાવવી, (૧૧) જોખમકારક રીતે આગ-

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જર્મન પત્રમિત્રો

નીચેનાં જર્મન પત્રમિત્રો હિંદી પત્રમિત્રો ચાહે છે. તેમની સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકાશે. દરેક સરનામાને અંતે કૌંસમાં Germany એટલું ઉમેરી લેવું. ઉલ્લેખ: Beacon Verlag

(1) Heiko Evers, Marl 2, Imenkampstr. 22, 15, m.,stamps,swimming,rowing; (2) Peter Maersberger, Würzburg, Brunostr. 10a, 17, m., stamps, sports; (3) Walter Köhler, Gütersloh/Westf., Rheaderstr. 82, 17, m., mathematics, radio, travelling; (4) Marion Peterko, Remscheid, Güldenwerth,22, 22, m., sports, reading, view-cards; (5) Otmar Nikl, Eggingen/Württ., Bernhardus Str. 67, 18, m.,music, stamps, photography, reading; (6) Ernst Binde, Düsseldorf, Benzenbergstr. 17, 22, m., botany, music, literature; (7) Peter Hochmut, Würzburg, Haugerring, 9, 17, m., stamps, swimming, reading, music; (8) Rita Vogt, Illertissen, Jahnstr. 25, Bayern, 17, f., swimming, films, books, stamps; (9) Gisela Blumberg, Würzbrug, Jacob Riedlingerstr. 2, 15, f., stamps, view-cards; (10) Gisela Oecker, Aschaffenburg, Dilsheimerstr. 1, 17, f., stamps, view-cards, reading, swimming; (11) Erika Wanninger, Wiesau/Opf. Hauptstr. 147, 16, f., general interests; (12) Dagmar Wehn, Geilenkirchen, Herzog Wilhelm Str. 79, 16, f., cinema, music, reading; (13) Heidi Hofbauer, Kassel, Heinemannstr. 10, 15, f., ballet, tennis, stamps, music, travel; (14) Birgit Gehre, Wolfsburg, Am Wiesengrund, 3, 14, f., general interests; (15) Doris Bernhardt, Lauterbach/

ળના વાહનને ઓવરટેઇક કરવું, (૧૨) એકસામટી ત્રણચાર સાઈકલો મેઈન રોડ પર ચલાવવી, (૧૩) બીજા બેડીદાર સાઈકલવાળાના ખભા ઉપર હાથ રાખી સાઈકલ ચલાવવી, (૧૪) બીજાં વાહન—જેવાં કે મોટર, ઘોડાગાડી, ટ્રક વગેરે પકડીને સાઈકલ હાંકવી, (૧૫) વગર તાળે સાઈકલને મૂકી રાખવી, (૧૬) શહેરમાં રસ્તા ઉપર ફાવે તેમ વાંકાચૂકા સાઈકલ ચલાવવી, (૧૭) બીજાં વાહનોના ટ્રાફિકને અડચણ કરવી.(૧૮) સામેથી આવતાં વાહનોના ડ્રાઈવર ઉપર ડાયનામાના લાઈટના ફોકસ લાઇટ મારવી, (૧૯) સાઈકલ ઉપર બેસી જમીન પર પગ ટેકવી બીજા સાઈકલવાળા સાથે અથવા રાહદારી સાથે લહેરથી રસ્તામાં વાત કરવી અને રસ્તામાં અડચણ ઊભી કરવી, (૨૦) રસ્તા ઉપરથી ટર્ન લેતાં હાથથી સિગ્નલ આપ્યા વગર જમણી કે ડાબી બાજુ સાઈકલ અચાનક વાળી દેવી, (૨૧) મેઇન રોડની વચ્ચે સાઈકલ ઉપરથી નીચે ઊતરવું અથવા સાઈકલ ઉપર બેસી જવું, (૨૨) ટ્રાફિક પોલીસે સ્ટૉપ સિગ્નલ આપેલો હોય ત્યારે આગળના વાહનોથી આગળ આવી જવું તેમજ રાહદારીઓના ક્રૉસિંગ ઉપર આવી એકઠા થઈ જવું.—આ બધા સાઈકલ વિષેના કાયદેસરના ગુનાઓ છે એની ઘણાને ખબર નહિ હોય. કાયદાની વાત બાજુએ રાખીએ તો પણ, એક સજ્જન તરીકે પણ ઉપર્યુક્ત ગુના ટાળીને તેના નિયમ પાળવા એ આપણી નાગરિક-ફરજ છે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : સૅમ્યુઅલ મોર્સ

ઝડપી સંદેશવહન માટે વિશ્વમાં સૌથી વધુ પ્રચાર અને પ્રસાર પામેલી તારપદ્ધતિ-



ટેલીગ્રાફીની શોધ જેની ઋણી છે તે, તારની ટૂંકી 'મોર્સ પદ્ધતિ'ના શોધક સૅમ્યુઅલ મોર્સનો જન્મ અમેરિકાના માસાચુસેટ્સ પરગણાના ચાર્લ્સટાઉન ગામે ઈ. ૧૭૯૧ની ૨૭ મી એપ્રિલે થયો હતો. ઇંગ્લંડમાં ચિત્રકલાનું શિક્ષણ પામી ઉત્તમ કક્ષાના તસવીર ચિત્રકાર થએલા એ મોર્સનું એક કલાપ્રદર્શન પણ ૧૮૧૩માં રૉયલ ઍકેડેમી ખાતે ભરાએલું. ન્યૂ યૉર્ક આવીને તસવીરકારની કારકિર્દી તેણે શરૂ કરી, જેના નિષ્ણાત કસબી તરીકેની તેની ખ્યાતિ તેણે વૈજ્ઞાનિક સંશોધન હાથ પર લીધા પછી પણ ચાલુ રહેલી. ૧૮૨૫માં સ્થપાએલી અમેરિકાની નૅશનલ ઍકેડેમી ઑવ ડિઝાઈનના સ્થાપકો પૈકીનો તે એક હતો.

૧૮૩૨માં ફરી યુરોપના પ્રવાસે જઈ આવીને, સંદેશાને વીજળીના મદદથી દૂર સુધી મોકલવાના સંશોધન-પ્રયોગોમાં તે ખૂંપી ગયો, જેમાં અંતે તે સફળ થયો. ૧૮૨૭ની ૨જી સપ્ટેમ્બરે તેણે પોતાનું ઍપેરેટસ ન્યૂ યૉર્કની યુનિવર્સિટી (જ્યાં પહેલાં તે ડિઝાઇનની કળાનો પ્રોફેસર હતો) આગળ પ્રદર્શિત કર્યું. ન્યૂ જર્સીમાં પિત્તળ ને લોખંડના કારીગર તરીકે કામ કરતો આલ્બર્ટ વેઇલ મોર્સનો આ કાર્યમાં સાથી બની રહ્યો. ૧૮૩૬માં તેણે પ્રથમ સક્ષમ તાર ઉપજાવ્યો. ૧૮૪૩માં કૉંગ્રેસે તેને વૉશિંગ્ટન ને બાલ્ટિમોર વચ્ચે પ્રાયોગિક તાર નાખવા માટે પ્રોત્સાહન અર્થે ૩૦,૦૦૦ ડૉલર આપ્યા, ને એ તાર પર ૧૮૪૪ની ૨૪મી મેએ 'What hath God Wrought?' એ સંદેશો વહેતો મૂકી તેણે આજના વ્યાપક તાર-જગતને ઉદ્ઘાટિત કર્યું.

ફ્રેંચ ચિત્રકાર ને રસાયનવિદ લુઈ દાગેરેએ વિકસાવેલી ફોટોગ્રાફીની પ્રક્રિયાને પણ આ કલાકાર મોર્સે જ અમેરિકામાં પ્રચલિત કરેલી. આરસ કાપવાનું એક યંત્ર પણ તેણે પેટન્ટ કરાવેલું, ને સાગર તળેના તારથી ટેલીગ્રાફીના પ્રયોગો કરેલા. ન્યૂ યૉર્કની સ્ત્રીઓ માટેની એક કૉલેજના સ્થાપકો પૈકીનો યે તે એક હતો. ૧૮૭૨ની ૨જી એપ્રિલે તેનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ ઍની બિસન્ટના સહકારથી પંડિત માલવીયજીએ બનારસ હિંદુ યુનિવર્સિટી સ્થાપી, ૧૯૧૬
તા. ૩ ઇસુને વધસ્તંભે ચડાવાયા. વિશ્વના ઇતિહાસનો કરુણતમ ને મંગલતમ દિન ઈ. ૩૩.
તા. ૪ ભારતમાં સૌ પ્રથમ પગ મૂકનાર અંગ્રેજ પાદરી ટૉમસ સ્ટીવન્સ લિસ્બનથી ઊપડ્યો, ૧૫૭૯.
તા. ૭ સાહિત્ય ને તત્ત્વનો વિરલ સંયોગ સાધનાર સાક્ષરવર્ય આનંદશંકર ધ્રુવનું નિધન, ૧૯૪૨.
તા. ૯ અમેરિકાના આંતરરાષ્ટ્ર-પ્રતિષ્ઠિત હબસી ગાયક પૉલ રૉબસનનો જન્મ, ૧૮૯૮.
તા. ૧૦ વેદધર્મધુરંધર અને સમાજસેવક મહર્ષિ દયાનંદે 'આર્યસમાજ' સ્થાપ્યો, ૧૮૭૫.
તા. ૧૪ માનવતાના મુકુટરત્ન એબ્રહૅમ લિંકનનું વિલ્કિસ બૂથે ગોળીથી ખૂન કર્યું, ૧૮૬૫.
તા. ૧૬ ચંપારણ્યની ઐતિહાસિક સત્યાગ્રહ લડતનો ગાંધીજીની સરદારી નીચે પ્રારંભ, ૧૯૧૭.
તા. ૧૮ ઈ. ૧૮૫૭ના ક્રાંતિકારી તાત્યા ટોપેને સર રિચાર્ડ મીડે સિપ્રી મુકામે ફાંસી આપી, ૧૮૫૯.
તા. ૧૯ પ્રખ્યાત રંગદર્શી ફાંકડા અંગ્રેજ કવિ લૉર્ડ જ્યૉર્જ ગૉર્ડન બાયરનનું અવસાન, ૧૮૨૪.
તા. ૨૮ ઈટાલીના ફૅસિસ્ટ રાજ્યના સરમુખત્યાર બેનિટો મુસોલિનીનું કરપીણ મૃત્યુ, ૧૯૪૫.
તા. ૩૦ સ્વતંત્ર અમેરિકનના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ તરીકે જ્યૉર્જ વૉશિંગ્ટનની નિમણૂક થઇ, ૧૭૮૯.

પ્રસંગવિશેષ : શિવાજીનું અવસાન · ૩જી એપ્રિલ ૧૬૮૦

ભારતીય ઇતિહાસમાં મરાઠા રાજ્યનું નવું જ પ્રકરણ શરૂ કરનાર, રાજ્ય સાથે ધર્મ(સમષ્ટિ-બુદ્ધિ)નો વિરલ સમન્વય સાધનાર, અને સ્વભોમમાં 'આદર્શ રાજવી' ગણાએલા છત્રપતિ શિવાજીની રાજકીય કારકિર્દીના આરંભ સાથે એક 'ભારતીય' રાજ્યનો સમુદ્ભવ થયો. જોકે એ રાજ્યની સધ્ધરતા અર્થે રાજ્યાભિષેક પછી પણ તેમણે કર્ણાટક પર સવારી કરવાની યોજના ઘડી કાઢેલી અને છેક ગુજરાત સુધી આવી સૂરતને ત્રણ વખત લૂંટેલું! સૌ પહેલાં તેમણે ગોવળકોંડાના સુલતાન પાસેથી ખંડણી વસૂલ કરી, ને મદ્રાસ સુધીનો કર્ણાટક પ્રાંત પોતાના પ્રભુત્વ તળે આણ્યો; પણ મરાઠા રાજ્યની મહત્તા એક રીતે એમની સાથે જ વિલાઈ ગઈ. પોતાના ભાઇ એકોજીને તાંજોરનું રાજ્ય સોંપીને પુત્ર રાજારામના યજ્ઞોપવીત તેમજ લગ્નના કાર્ય માટે જ્યારે તે રાયગઢ આવ્યા તે કાળે નાદાન રાજારામ, ઉચ્છૃંખલ સંભાજી, ખટપટી સોયરાબાઈ (રાજારામની માતા) ને માંહોમાંહે ઝઘડતા ક્રોધીલા મોરોપંત પિંગળે તથા અણ્ણાજી દત્તો જેવા 'રાજ્યધુરંધરો' જોઈ તેઓ અત્યંત ખિન્ન થઈ ગયા. એના આઘાતથી રાયગઢ આવ્યા પછી થોડે જ દિવસે તેમને જીવલેણ તાવ લાગુ પડ્યો અને ઈ. ૧૬૮૦ની ૩જી એપ્રિલે અવસાન થયું.

Hessen, Memel Str. 5, 15, f., stamps, view-cards, cinema, reading; (16) Irene Bernard, Budenheim/Rhein, Heidesheimerstr. 97, 14, f., general interests; (17) Rotraut Barth, Hannover, Jordanstr. 37, 16, f., tennis, stamps, reading, music; (18) Rita Lex, Eggenfelden/Bay., Siedlung 8, 16, f., stamps, general interests; (19) Erika Walz, Nürnberg, Peterstr. 69, 16, f., cinema, reading, light music; (20) Ursula Schmidt, Bonn, Sigambrerweg. 11, 13, f., view-cards, stamps, reading, animals; (21) Brigitte Wurm, Kochel am See, Jochbergstr. 2, 14, f., reading, stamps, swimming; (22) Uta Hofmann, Simbach/Inn, Pfarrkirchenerstr. 47, 15, f., stamps, view-cards, photography, sport; (23) Inge Breitling, Böblingen/Württ., Brunnenstr. 22, 17, f., reading, view-cards, stamps, nature; (24) Christine Engwicht, Eslarn/Opf., Tillyplatz 79, 17, f., stamps, view-cards, reading; (25) Annelie Seeger, Nieder-Olm, Krs. Mainz, Mühlstr. 9, 16, f., reading, stamps, sport; (26) Rosemarie Röhn, Mainz, Romerstr. 27, 16, f., singing, reading, sport; (27) Carola Hummel, Mainz-Weisenau, Neideckerstr. 8, 15, f., reading, swimmipg, politics; (28) Ingrid Matzdorff, Kiel, Niemannsweg 34, 18, f., stamps, view-cards, reading, swimming; (29) Inge Henniger, Kirchensall,



શિવનું તાંડવ નૃત્ય



શિવપાર્વતી



અર્ધનારીશ્વર શિવ

ધારાપુરીનાં કલારત્નો — ફોટો - ઈ. એસ. મહાલિંગમ

મુંબાઇ પાસેના દરિયા-દ્વીપ ધારાપુરી (એલીફન્ટા)ની ગુફાઓમાંના ૭-૮મી સદીનાં શૈવ સંપ્રદાયનાં શિલ્પો પૈકી સૌથી પ્રભાવશાળી 'ચતુર્મુખ શિવ' (જેનાં માત્ર ત્રણ જ મુખ દશ્યમાન હોઇને ત્રિમૂર્તિના પ્રચલિત નામે જે ઓળખાય છે તે) સિવાયનાં બાકીનાં ત્યાનાં શિલ્પોનું કલાત્મક સૌંદર્ય ભાગ્યે જ લોકોનું ધ્યાન ખેંચે છે, કેમકે અન્ય સ્થળોને મુકાબલે વિધર્મીઓને હાથે આ શિલ્પો કદાચ સૌથી વધારે નુકસાન પામ્યાં છે. એમાંનાં વધુ સાજા રહેલા જે ત્રણ કલારત્નો આ ઉપર આપ્યાં છે, તેમનાં અંગવિન્યાસ, પ્રસન્ન તથા સ્મિતભર્યા મુખભાવ, પુરુષમૂર્તિઓની સ્વસ્થ બલિષ્ઠતા અને સ્ત્રીમૂર્તિઓનું લાવણ્ય વિશેષ કરીને આકર્ષક છે; અને પૂર્વ તથા મધ્ય ભારતનાં કોણાર્ક, ભુવનેશ્વર અને ખજુરાહોની ખ્યાતનામ શિલ્પકલાની બરોબરીએ ઊભી રહે એવી આ પશ્ચિમ ભારતની કલાત્મકતા છે.

મુંબાઈ રાજ્યમાંની-પશ્ચિમભારતની એવી બીજી જગપ્રખ્યાત કલાનો નમૂનો આની પાછળના પાને આપ્યો છે.




રાજ્યસભામાં વિદેશી પ્રતિનિધિઓ અજંતાની પહેલી ગુફામાંના એક વિખ્યાત ભીંતચિત્રની ઈ. ૧૮૯૬માં પ્રકટ થએલી ગ્રિફિથે કરેલી આ નકલ છે. ત્યાર પછી તો આ મૂળ ચિત્રનો કેટલોક ભાગ વધુ ખરાબ થઈ ગયો હોઈ એની ખરી ખૂબી સમજવા માટે આ દુષ્પ્રાપ્ય નકલ જ એક માત્ર સાધન છે. રાજસભામાં દેખાતા વિદેશીઓના ચહેરા, વર્ણ અને પોષાક વગેરે પરથી તેઓ તત્કાલીન ઈરાની કે તૂર્ક હોવાનું લાગે છે અને એ પરથી એમ મનાય છે કે સાતમી સદીની શરૂઆતના ચૌલુક્ય રાજા પુલકેશી બીજાની રાજસભામાં આવેલા ઇરાની શાહ ખુશરૂ બીજાના એલચીઓનું અહીં આલેખન થયું છે. પણ અજંતાની ચિત્રણામાં માત્ર બૌદ્ધ જાતકકથાઓનું જ આલેખન થયું હોઈ તેમાં હિંદુ રાજા પુલકેશી બીજાની રાજસભા ચીતરાવાનો સંભવ બહુ ઓછો છે એટલે સંભવ છે કે આ ચિત્રનો વિષય કોઈ અજાણ જાતકકથામાંનો એકાદ પ્રસંગ હોઈ શકે. આ ગુફામાંનાં અન્ય ભીંતચિત્રોની તોલે આ ચિત્રનું આલેખન કંઇક ઊતરતી કક્ષાનું છે તે પણ લક્ષમાં લેવા જેવી બાબત છે. છતાં તેમાં થએલું પાત્રાલેખન, ચિત્રસંયોજન, રંગયોજના અને વિગતની સૂક્ષ્મતા ઇત્યાદિ પાછળની કળાકારની સમજ અને મહેનત અછતા રહેતાં નથી.

ઘર બાળ્યે ઘર ઊગરે, ઘર રાખ્યે ઘર જાય;
એક અચંબો દેખિયો, મડું કાળને ખાય.

રોમન વક્તા સિસેરોને કોઈ અમીરે અવગણનાપૂર્વક કહેલું કે 'તમે તો સામાન્ય લોકોમાંના જ ને?' ઉત્તર મળ્યો : 'હા, હું સામાન્ય તો ખરો જ; પણ મારા કુટુંબની કુલીનતા મારાથી શરૂ થાય છે; જ્યારે તમારી કુલીનતાનો તમારી સાથે જ અંત આવવાનો છે.'

આ ઋતુના ફળ કેરી વિષેના આ અંકમાંના લેખ સાથે આંબા પરત્વેની આપણી કહેવતો જાણવી રસમય થઈ પડશે: 'આંબાગાળો ને ગૂંજી ટાળો'–કેરી પાછળ થતા વધુપડતા ખર્ચ પર ઉપાલંભ કરીને બોધ આપ્યો છે કે વિષયભોગ એ પૈસા ઉડાડવાનું સાધન છે. 'આંબા તો ક્યાંક ઊગે, બાકી બાવળિયા'–દુનિયામાં સારા માણસો વિરલ હોય છે. 'આંબાની કાઠી, ને રાંધનારી નાઠી'–સસ્તું આંબાનું લાકડું સળગવામાં અનુકૂળ નથી એ દર્શાવીને બોધ કે સોઘું તે મોઘું જ. 'આંબાની ખોટ કંઈ મહુડા સારે?'–હલકાં માણસોથી મોટાનું કામ ન થાય. 'આંબે મોર ને કલાલે લેખું, જતે દહાડે કંઈ ન દેખું': આડંબર પ્રમાણે ફળ ન મળે, વગર હિસાબની વાત, ગણતરી વિનાનો ઉદ્યમ. દારૂ પીનારને નશામાં ખયાલ ન હોય, અને દારૂ વેચનાર હિસાબમાં ગોટાળો કરી શકે.



નિષ્ણાતો કહે છે કે શતરંજની રમતમાં દરેક પક્ષે માત્ર શરૂની દસ ચાલ ચાલવા માટેની પણ લગભગ ૧૬૯,૫૧૮,૮૨૯,૧૦૦,૫૪૪,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦, રીતો છે. આ પરથી એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે આ પૃથ્વી પરના બધા જ માણસો જો વણઅટક્યે શતરંજ રમ્યા કરે તો પણ તેમને એ બધી ચાલ પૂરી કરતાં ૨૧૭,૦૦૦,૦૦૦,૦૦૦ વર્ષ લાગે!



૨૫મા અંગ્રેજી મૂળાક્ષર 'વાઇ'ના કૅપિટલ અને નાના સ્વરૂપનો વિકાસ ઉપલી તકતીમાં નીચેને ક્રમે બતાવાયો છે: રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન, અને આધુનિક.

અનેકાર્થી શબ્દ : હેજ=પ્રીતિ, ભાવ; ઉમળકો, હોંશ; ભેજ, ભીનાશ, લૂણો; શક્તિ, તેજ; હૃદયની આર્દ્રતા.

સીવવાના (કે કોઈ પણ એવા ઘરગથ્થુ) સંચાનો પટ્ટો ઢીલો પડી લપસી જતો હોય તો પાંચેક મિનિટ ગરમ પાણીમાં રાખી તડકે સૂકવવો; અને નવો પટ્ટો બહુ સખત પડતો હોય તો ગરમ પાણીમાં રાખ્યા બાદ તરત પૈડા પર ચડાવી ઢીલો કરી નાખવો.



કલાકણિકા : એક પ્રાચીન માટીપાત્ર પરનું સુશોભન

માણસનું મગજ આગગાડીના વૅગન જેવું છે. અંદર જેમ માલ ઓછો, તેમ અવાજ વધુ કરે.

તમારા મોંમાં કેટલા દાંત છે? જગતના ૯૮ ટકા માણસો આ હકીકત જાણતા નથી હોતા!



પણ આવી બીજી બાટલી જોવા તો આપણે હવે એને બીજી છીંક આવે ત્યાં સુધી રાહ જોવી પડશે.





વીએટનામની માનવ-હક્ક-દિનની અને અમેરિકાની લિંકન-જયંતીની ટિકિટોના રદ્દીકરણ માટેની છાપો, જેમાં બીજી છાપ પર લિંકનના જન્મસ્થાનની લાકડાની કુટિરનું ચિત્ર છે.